بفیضِ روحانی سلطان الہند خواجہ...

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**માર્ચ-૨૦૨૫**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૨, અંક : ૩, સળંગ અંક : ૨૫૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | રમઝાનના સ્વાગત માટે તમે શું તૈયારી કરી ?! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 05 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 09 |
| 04 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 12 |
| 05 | હાઝિરો નાઝિરનો અક઼ીદો કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 15 |
| 06 | (બીજી સદીના મુજદ્દિદ : ૮) હઝરત ઈમામ અબુલ હસન અલી ઈબ્ને ઈસ્માઈલ અશ્અરી | 20 |
| 07 | પાંચ નબવી નસીહતો | 24 |
| 08 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 29 |
| 09 | ઝર્બે હૈદરી | 33 |
| 10 | મધ્યમમાર્ગી હોવું મુસ્લિમ ઉમ્મતની ભલાઈનો સબબ | 38 |
| 11 | પુરસુકૂન જિંદગી ગુજારવા ચાહો છો ?! | 40 |
| 12 | નવજવાનો ! ક્યાં જઈ રહ્યા છો ? | 44 |
| 13 | એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ | 47 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## હય કલામે ઈલાહી મેં....

**અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

હય કલામે ઈલાહી મેં શમ્સુદ-દુહા, તેરે ચેહરએ નૂરે ફિઝા કી ક઼સમ
ક઼સમેં શબે તાર મેં રાઝ યે થા, કે હબીબ કી ઝુલ્ફે દોતા કી ક઼સમ
તેરે ખુલ્ક઼ કો હક્ક઼ને અઝીમ કહા, તેરી ખલ્ક઼ કો હક્ક઼ને જમીલ કિયા
કોઈ તુઝ સા હુવા હય ન હોગા શહા, તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ
વો ખુદાને હય મર્તબા તુઝ કો દિયા, ન કિસી કો મિલે, ન કિસી કો મિલા
કે કલામે મજીદને ખાઈ શહા, તેરે શહેરો કલામો બક઼ા કી ક઼સમ
તેરા મસ્નદે નાઝ હય અર્શે બરીં, તેરા મહરમે રાઝ હય રૂહે અમીં
તૂં હી સરવરે દો જહાં હય શહા, તેરા મિષ્લ નહીં હય ખુદા કી ક઼સમ
યહી અર્ઝ હય ખાલિક઼ે અર્દો-સમા, વો રસૂલ હંય તેરે, મેં બંદા તેરા
મુઝકો ઉનકે જવાર મેં દે વો જગહ, કે હંય ખુલ્દ કો જિસકી સફા કી ક઼સમ
તૂં હી બંદો પે કરતા હય લુત્ફો અતા, હય તુઝી પે ભરોસા, તુઝી સે દુઆ
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા, તુઝે અપને હી ઈઝ્ઝો ઉલા કી ક઼સમ
મેરે ગર ચે ગુનાહ હંય હદ સે સિવા, મગર ઉનસે ઉમ્મીદ હય તુઝ સે રજા
તૂ રહીમ હય ઉનકા કરમ હય ગવાહ, વો કરીમ હંય તેરી અતા કી ક઼સમ
યે કહતી હય બુલબુલે બાગે જિનાં, કે 'રઝા' કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદમેં વાસિફે શાહે-હુદા, મુઝે શોખીએ તબ એ 'રઝા' કી ક઼સમ

## તંત્રી લેખ
## રમઝાનના સ્વાગત માટે તમે શું તૈયારી કરી ?!

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! કોણ મુસલમાન એવો હશે જેને રમઝાન મુબારકની ફઝીલતો બરકતો વિશે જાણ નહીં હોય ? વરસોથી અનેક લેખો એના સંબંધે આપણા માસિકોમાં તથા વિવિધ કિતાબોમાં પ્રસિદ્ધ થતા રહે છે. આ અતિ બરકતી તથા ફઝીલતવાળા મહીનાનું મહત્વ જાણનાર મુસલમાન તેનું સ્વાગત કરવા તથા તેનાથી ખૂબ ફયઝ પામવાની ઉત્કંઠા સાથે આતુરતાપૂર્વક તેની રાહ જોવા લાગે છે. અને કેમ ન હોય કે રસૂલે ખુદા ﷺના સહાબીઓનો એ જ તરીકો હતો. રમઝાનનું આગમન થતાં સહાબાએ કિરામ ખૂબ જ ખુશ થતા અને એકબીજાને મુબારકબાદ આપતા હતા અને રમઝાન પાકને ખૂબ ઈબાદતોમાં વ્યસ્ત રહીને પસાર કરતા હતા. એ જ મુબારક મહીનો આવવાની તદ્દન તૈયારી છે એવા સમયે એક મો'મિનની હૈસિયતથી આપણે તેના સ્વાગત માટે શું તૈયારી કરી છે તે દરેક પોતાના દિલને પૂછી લે. જો ઉત્સાહ અને ઉમંગ સાથે સાચા દિલથી તમો રમઝાન મુબારકની રાહ જોઈ રહ્યા છો તો તમને મુબારકબાદ છે ! કે એ ખરેખર ઈમાનવાળા હોવાની નિશાની છે, અને જો રમઝાનના આગમન પર તમો મુંઝાઈ રહ્યા છો તો એ તમારા ઈમાનની કમજોરીની નિશાની છે.

રબ તઆલાનું ફર્માન છે : "હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવા કે પાછલી ઉમ્મતો પર ફર્ઝ કરવામાં આવ્યા, જેથી કરીને તમારામાં તક્વો (પરહેઝગારી) પેદા થાય." (સૂરએ બક્રહ, ૨/૧૮૩) તો રમઝાનનો હેતુ મુસલમાનોને તક્વા તથા પરહેઝગારીવાળા બનાવવાનો છે. જેથી રમઝાનના સ્વાગતમાં આપણે પહેલેથી શું તૈયારી કરવી જોઈએ ? નેકીઓ વધુ કમાઈ શકીએ તે ચીજો વસાવવી જોઈએ કે પછી ગુનાહોના પ્રતિ દોરાઈએ તે ચીજો વસાવવી જોઈએ ? વર્તમાનકાળના નાદાન મુસલમાનો રમઝાનમાં રાતમાં શક્ય તે ઈબાદત કરવા, કુર્આને પાકની તિલાવત, તેનો તર્જુમો તફસીલ માટે "કન્ઝુલ ઈમાન" વસાવવા, તથા નફ્લ નમાઝો માટે ટાઈમિંગ સેટ કરવા, ગરીબોને સદક્રા ખૈરાત કરવાનું આયોજન કરવાને બદલે "રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટ" કે "વોલીબોલ ટુર્નામેન્ટ" કે કેરમબોર્ડ વગેરે રમતો રમવાના આયોજનોમાં વ્યસ્ત થઈ જાય છે ! ન નમાઝ ન તરાવીહ અને રાતભર ખેલકૂદમાં મસ્ત રહી જાગવું અને ફજર પહેલાં સૂવું ને દિવસભર પથારીમાં આળોટી દહાડો પૂરો કરવો ! તો આ રમઝાન મુબારકનું સ્વાગત નથી બલ્કે એની બેઅદબી છે. જેથી જેઓ આવું કરતા હોય તેમણે ગંભીરતાપૂર્વક વિચારીને પોતાની બંને જહાનની ભલાઈ ખાતર એ શૈતાની ખેલકૂદના કામોથી દૂર થઈ જવું જોઈએ.

વળી દીની બહેનોને પણ ગુઝારિશ છે કે રમઝાનની તૈયારીમાં ફક્ત (સમોસા, રોલ, કટલેસ વગેરે...) ખાવાપીવાની ચીજો એડવાન્સમાં બનાવી ફ્રીજો ભરવાના કામમાં જ ન રહેશો બલ્કે ઈબાદત માટે મુસલ્લા, તસ્બીહ, દીની કિતાબો, કુર્આન વગેરે પણ એડવાન્સમાં વસાવી લેશો અને જેટલો બને તેટલો આ મહીનાની અમૂલ્ય ઘડીઓનો લાભ મેળવી આખેરતના માટે નેકીઓનો ઝખીરો કરવાની કોશિશ કરશો, તમારા પુત્રો, પુત્રીઓ, યુવાનો, બાળકોને સતત રબની ઈબાદત માટે, પંજગાના નમાઝ માટે, તરાવીહ માટે મસ્જિદે પહોંચવા તાકીદ કરતી રહેશો એવી ગુઝારિશ છે.

રમઝાનમાં મોબાઈલ પર ફાલતુ ક્લિપો કે ડ્રામાઓ પાછળ રહી સોનેરી સમયને બર્બાદ કરવાને બદલે તિલાવત ઉપરાંત દીની મસાઈલની કિતાબોનો દરેક ભાઈ બહેનો અભ્યાસ કરી પોતાના ઈમાન અક્રીદામાં મજબૂતી લાવે અને અમલોની ઈસ્લાહ કરે, પાછલી જિંદગીના ગુનાહોથી સાચા દિલથી આ મગફિરતના મહીનામાં સતત તૌબા કરતા રહે બંને દુનિયામાં સુકૂન માટેનો કોઈ માર્ગ હોય તો તે ઈસ્લામી શરીઅતે સૂચવેલો માર્ગ છે તે જ છે, બાકી સર્વ અન્ય માર્ગો બંને જહાનની બેચેની તથા બેકરારીના માર્ગો છે. ધ્યાન રાખશો કે આ મુબારક મહીનામાં આંખ ન બહેકે, નજર ગલત જગા પર ન પડે, કાન ગલત ચીજ ન સાંભળે, જીભથી કોઈ ગલત શબ્દો ન નીકળે, પેટમાં કોઈ હરામનો કે મુરદાર ખાણાનો કોળિયો ન જાય, કોઈના પર જુલ્મ ન થાય....વગેરે સર્વ ગુનાહોથી બચીને આ મહીનો ગુજાર્યો તો આપ સાચે જ મુબારકબાદને પાત્ર છો અને એ જ આદત રમઝાન બાદ પણ રાખવા કોશિશ કરશો કે એ જ એક સાચા મો'મિનની શાન છે. રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદક્રામાં આપણને નેક તૌફીક્ર અતા કરે. (આમીન)

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

يٰبَنِيْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ وَ رِيْشًا ؕ وَ
لِبَاسُ التَّقْوٰى ۙ ذٰلِكَ خَيْرٌ ؕ ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ لَعَلَّهُمْ
يَذَّكَّرُوْنَ ﴿٢٦﴾ يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ
مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ؕ اِنَّهٗ يَرٰىكُمْ
هُوَ وَ قَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ؕ اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ
لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿٢٧﴾ وَ اِذَا فَعَلُوْا فَاحِشَةً قَالُوْا وَجَدْنَا عَلَيْهَآ
اٰبَآءَنَا وَ اللّٰهُ اَمَرَنَا بِهَا ؕ قُلْ اِنَّ اللّٰهَ لَا يَاْمُرُ بِالْفَحْشَآءِ ؕ اَتَقُوْلُوْنَ
عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٢٨﴾ قُلْ اَمَرَ رَبِّيْ بِالْقِسْطِ ۟ وَ اَقِيْمُوْا
وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّ ادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ؕ كَمَا
بَدَاَكُمْ تَعُوْدُوْنَ ﴿٢٩﴾ؕ فَرِيْقًا هَدٰى وَ فَرِيْقًا حَقَّ عَلَيْهِمُ الضَّلٰلَةُ ؕ
اِنَّهُمُ اتَّخَذُوا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ اللّٰهِ وَ يَحْسَبُوْنَ اَنَّهُمْ
مُّهْتَدُوْنَ ﴿٣٠﴾ يٰبَنِيْٓ اٰدَمَ خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّ كُلُوْا وَ
اشْرَبُوْا وَ لَا تُسْرِفُوْا ۚ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ﴿٣١﴾ قُلْ مَنْ حَرَّمَ
زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ مِنَ الرِّزْقِ ؕ قُلْ هِيَ
لِلَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ الْقِيٰمَةِ ؕ كَذٰلِكَ
نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٣٢﴾ قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا
ظَهَرَ مِنْهَا وَ مَا بَطَنَ وَ الْاِثْمَ وَ الْبَغْيَ بِغَيْرِ الْحَقِّ وَ اَنْ تُشْرِكُوْا
بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّ اَنْ تَقُوْلُوْا عَلَى اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ ﴿٣٣﴾ قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ
مِنَ الرِّزْقِ ؕ قُلْ هِيَ لِلَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ
الْقِيٰمَةِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٣٢﴾

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

હે આદમના વંશજો ! બેશક ! અમે તમારી તરફ એક પોશાક ઉતાર્યો જે તમારી શર્મની વસ્તુઓ છુપાવે, અને એક તે કે તમારો શણગાર બને.[૧૫૫] ને પરહેઝગારીનો પોશાક તે બધાંથી ઉત્તમ[૧૫૬] એ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે ક્યાંક તેઓ શિખામણ માને (૨૬) હે આદમના વંશજો[૧૫૭] ! ખબરદાર ! તમને શયતાન ફિત્નામાં ન નાખે, જેવા કે તમારા મા બાપને કઢાવ્યાં જન્નતમાંથી. ઉતારી નખાવ્યા તેમના પોશાક કે (જેથી) તેમની શરમની ચીજો તેમને દેખાય. બેશક ! તે અને તેનો કુટુંબ કબીલો તમને ત્યાંથી જુએ છે કે તમે તેમને નથી દેખતા.[૧૫૮] બેશક ! અમે શયતાનોને તેમના મિત્ર બનાવ્યા છે જેઓ ઈમાન લાવતા નથી (૨૭) અને જ્યારે કોઈ લાંછનરૂપ કાર્ય કરે[૧૫૯] ત્યારે કહે છે કે અમે અમારા બાપ દાદાઓને એના પર (અમલ કરતાં) જોયા, અને અલ્લાહે અમને એનો હુકમ આપ્યો.[૧૬૦] તો (હે મહબૂબ ! તમે) ફર્માવો : "બેશક ! અલ્લાહ લાંછનરૂપ કાર્યનો હુકમ નથી આપતો." શું અલ્લાહ પર એવી વાત ઠોકી બેસાડો છો ? જેની તમને ખબર નથી (૨૮) તમે ફર્માવો, "મારા પરવરદિગારે ઈન્સાફનો હુકમ

આપ્યો છે" અને પોતાના મોઢાં સીધાં કરો દરેક નમાઝના સમયે, અને તેની ઈબાદત કરો માત્ર તેના બંદા બનીને. જેવી રીતે તેણે તમારો આરંભ કર્યો, તેવી રીતે જ પરત થશો[૧૬૧] (૨૯) એક જુથને માર્ગ દેખાડયો,[૧૬૩] અને એક જુથની ગુમરાહી સાબિત થઈ.[૧૬૩] તેમણે અલ્લાહને છોડીને શયતાનોને વલી બનાવ્યા,[૧૬૪] અને સમજે એવું છે કે તેઓ (સત્ય) માર્ગ પર છે (૩૦) હે આદમના વંશજો ! પોતાનો શણગાર ધારણ કરો જ્યારે મસ્જિદમાં જાઓ.[૧૬૫] અને ખાઓ તથા પીઓ.[૧૬૬] અને હદથી ન વધો, બેશક ! હદને ઓળંગનારાઓ તેને ગમતા નથી (૩૧) તમે ફર્માવો, "કોણે હરામ કર્યો અલ્લાહનો (સર્જેલો) તે શણગાર જે તેણે પોતાના બંદાઓ માટે કાઢયો[૧૬૭] અને પાક રોજી ?"[૧૬૮] "તે ઈમાનવાળાઓ માટે છે, દુનિયામાં અને કયામતમાં તે ખાસ તેમનું જ છે" અમે આવી જ રીતે વિગતવાર આયતો વર્ણવીએ છીએ[૧૬૯] ઈલ્મવાળાઓ માટે[૧૭૦] (૩૨) તમે ફર્માવો, "મારા પરવરદીગારે નિર્લજ્જતા હરામ કરી છે,[૧૭૧] જે એમનામાં ખુલ્લી છે (તે) અને જે છુપી છે (તે પણ) અને ગુનાહ તેમજ નાહક અત્યાચાર, (હરામ કર્યા છે) અને એ[૧૭૨] કે અલ્લાહનો ભાગીદાર બનાવો, જેનો આધાર તેણે ઉતાર્યો નથી. અને એ[૧૭૩] કે અલ્લાહ પર એવી વાત કહો જેનો (તમે) ઈલ્મ ધરાવતા નથી" (૩૩) અને દરેક જુથનો એક વાયદો છે,[૧૭૪] તો જ્યારે તેમનો વાયદો આવશે ત્યારે એક પળ ન આગળ થાય ન તો પાછળ. (૩૪)

## :: સમજૂતી ::

**૧૫૫ :** અર્થાત એક પોશાક તો તે છે જેનાથી શરીર ઢાંકવામાં આવે, અને આડ કરવામાં આવે, અને એક પોશાક તે છે જેનાથી શણગાર કરવામાં આવે, અને એ પણ સારો હેતુ છે.

**૧૫૬ :** પરહેઝગારીનો પોશાક ઈમાન, હયા, સારી આદતો, નેક કામો છે. એ બેશક ! શણગારના કરતાં શ્રેષ્ઠ અને ઉત્તમ છે.

**૧૫૭ :** શૈતાની ચાલબાજી અને હઝરત આદમ સાથે તેની અદાવતનું વર્ણન કરીને આદમની ઔલાદને ચેતવવામાં આવે છે કે તેઓ શૈતાનના વસવસા અને ભટકાવવાના પ્રયત્નો અને તેના આડંબરથી બચતા રહે. જે હઝરત આદમ علیہ السلام સાથે આવો દગો કરી ચૂક્યો છે તે તેમની ઔલાદને ક્યાં છોડવાનો છે ?

**૧૫૮ :** અલ્લાહ તઆલાએ જિન્નાતને એવી શક્તિ આપી છે કે તેઓ માનવીને જુએ છે. અને માનવીઓને એવી શક્તિ નથી મળી કે તેઓ જિન્નાતને દેખી શકે. હદીષ શરીફમાં છે કે શૈતાન માણસના શરીરમાં લોહીના માર્ગોમાં વહી જાય છે. હઝરત ઝુન્નૂન رضی اللہ عنہએ કહ્યું છે કે; જો શૈતાન એવો છે કે તે તમને દેખી શકે છે અને તમે તેને નથી જોઈ શક્તા, તો તમે એવાની મદદ માગો કે જે તેને દેખી શકે અને તે તેને દેખી શકે નહીં, અર્થાત અલ્લાહ કરીમ સત્તાર રહીમ ગફ્ફારની મદદ માંગો.

**૧૫૯ :** અને કોઈ ખરાબ કૃત્ય અથવા ગુનોહ તેમનાથી થઈ જાય. જેમ કે અજ્ઞાનયુગના લોકો, પુરૂષો અને સ્ત્રીઓ નગ્ન થઈને કા'બા શરીફના તવાફ કરતા હતા.

અતાનું કથન છે કે, "ફાહિશહ" (બેહયાઈ લાંછનરૂપ કાર્ય) એટલે શિર્ક અને હકીકત એ છે કે દરેક ખરાબ કૃત્યો અને બધા ગુનાહોનો એમાં સમાવેશ થાય છે, ભલે પછી આ આયત ખાસ નગ્ન બનીને કા'બાનો તવાફ કરવા બાબત આવી હોય. જ્યારે કાફિરોના આવા નિર્લજ્જ કામો માટે તેમને વખોડવામાં આવ્યા, ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે આગળ આવે છે.

**૧૬૦** : કાફિરોએ પોતાના ખરાબ કામોનાં બે કારણો દર્શાવ્યાં : એક તો એ કે તેમણે તેમના બાપ દાદાઓને આવું જ કરતાં જોયા, જેથી તેમના અનુસરણમાં તેઓ પણ કરે છે. આ તો અજ્ઞાનતા તેમજ નિર્લજ્જતાનું અનુકરણ થયું. અને એ પણ બુદ્ધિમાનની દૃષ્ટિએ યોગ્ય નથી. અનુકરણ કરવામાં આવે છે જ્ઞાની અને પરહેઝગારનું, નહીં કે અજ્ઞાન ગુમરાહનું. બીજુ બહાનું તેમનું એ હતું કે અલ્લાહે તેમને એવો હુકમ આપ્યો છે, એ માત્ર જૂઠ અને આક્ષેપ હતો. જેમ કે અલ્લાહ તઆલા રદીયો આપતાં કહે છે :–

**૧૬૧** : એટલે કે જે રીતે તમારું શૂન્યમાંથી સર્જન કર્યું, તે જ રીતે મૃત્યુ પછી જીવંત કરશે. આ વાત આખેરતની જિંદગીનો નકાર કરનારાઓ સામે દલીલ છે. અને એનાથી એ પણ સમજાય છે કે જ્યારે તેની જ તરફ પરત જવાનું છે, અને તે આમાલનો બદલો આપશે, તો પછી ઈબાદતો નિખાલસ રીતે તેના માટે કરવી જરૂરી છે.

**૧૬૨** : ઈમાન અને મઅરેફતનો, અને તેમને હુકમના પાલન તેમજ ઈબાદતની તૌફીક આપી.

**૧૬૩** : તે કાફિરો છે.

**૧૬૪** : તેમના હુકમનું પાલન કર્યું, તેમના કહ્યા મુજબ ચાલ્યા, તેમના હુકમથી કુફ્ર અને ગુનાહ કર્યા.

**૧૬૫** : અર્થાત શણગારનો પોશાક. અને એક કથન એવું છે કે શણગારમાં (વાળોમાં) કાંસકી ફેરવવી અને ખુશ્બુ લગાડવી સામેલ છે.

**મસ્અલો** : સુન્નત એ છે કે માણસ ઠીકઠાક રીતે નમાઝ માટે હાજર થાય, કારણ કે નમાઝમાં અલ્લાહ સામે વિનંતિ કરવાની છે, તો એના માટે શણગાર કરવો, અત્તર લગાડવું મુસ્તહબ છે, જેવી રીતે કે પાક થવું વાજિબ છે.

શાને નુઝૂલ : મુસ્લિમ શરીફની હદીષમાં છે કે અજ્ઞાનયુગમાં પુરૂષો દિવસે અને સ્ત્રીઓ રાત્રે નગ્ન અવસ્થામાં તવાફ કરતા હતા. આ આયતમાં સતર સંતાડવાનો અને વસ્ત્રો પહેરવાનો હુકમ આપવામાં આવ્યો. અને એમાં દલીલ છે કે સતર છુપાવવી નમાઝમાં, તવાફમાં અને દરેક સમયે વાજિબ છે.

**૧૬૬** : શાને નુઝૂલ : કલબીનું કથન છે કે બનૂ અમિર (ના લોકો) હજ્જના સમયે પોતાનો ખોરાક ખૂબ ઓછો કરી નાખતા હતા, અને માંસલ તેમજ ચીકણી ચીજો તો તદ્દન ખાતા જ ન હતા, અને એને હજ્જની તા'ઝીમ જાણતા હતા, તેમને દેખીને મુસલમાનોએ કહ્યું, "યા રસૂલલ્લાહ ! ﷺ આવું કરવાનો અધિકાર અમને વધારે છે." ત્યારે આ (હુકમ) ઉતર્યો કે ખાઓ અને પીઓ, માંસ હોય કે ચીકણી વસ્તુઓ હોય, અને વ્યય ન કરો. તે એ કે ધરાઈ ગયા પછી પણ ખાતા રહો, અથવા હરામની પરવાહ ન કરો. અને એ પણ વ્યય (નકામા ઉપયોગનો એક પ્રકાર) છે કે જે વસ્તુ અલ્લાહે હરામ નથી કરી તેને હરામ ઠરાવી લો. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જે ઈચ્છે તે ખા, જે ઈચ્છે તે પહેર, પણ વ્યય અને ઘમંડથી બચતો રહે.

**મસ્અલો** : આયતમાં દલીલ છે કે ખાવા પીવાની બધી વસ્તુઓ હલાલ છે, સિવાય તે વસ્તુઓ જેના હરામ હોવા બાબત શરીઅતમાં દલીલ હોય. કારણ કે એ નિયમ નક્કી અને માન્ય છે કે બધી વસ્તુઓ મૂળભૂત રીતે મુબાહ છે, સિવાય કે જેના માટે શરીઅતે મનાઈ ફર્માવી હોય. અને જેનું હરામ હોવું સ્વયં દલીલથી સાબિત હોય.

**૧૬૭** : પોશાક હોય કે પછી શણગારનો બીજા સામાન.

**૧૬૮** : અને ખાવા પીવાની સ્વાદિષ્ટ વસ્તુઓ.

**મસ્અલો** : આયત પોતાના સામાન્ય હુકમ

પર છે. દરેક ખાવાની વસ્તુ એમાં સામેલ છે. જેના હરામ હોવા બાબત સ્પષ્ટ હુકમ આવ્યો ન હોય. (ખાઝિન) માટે જે લોકો, તોશો, અગ્યારમી, મીલાદ શરીફ, બુઝુર્ગોના ફાતિહા, ઉર્સ, મોહરમની મજલિસો વગેરેમાં વહેંચવામાં આવતી ચીજો (શીરની ન્યાઝ) અને સબીલના શરબત વગેરેની મનાઈ કરે છે, તેઓ આ આયતનો વિરોધ કરીને ગુનેહગાર બને છે. અને એ વસ્તુઓને મના કહેવી પોતાની અભિપ્રાયને દીનમાં દાખલ કરવું છે, અને એ જ બિદઅત અને ઝલાલત છે.

**૧૬૯** : જેનાથી હલાલ અને હરામના હુકમની જાણ થાય.

**૧૭૦** : જેઓ એ જાણે છે કે અલ્લાહ એક, ભાગીદાર વગરનો છે. તે જે હરામ કરે તે જ હરામ છે.

**૧૭૧** : આ સંબોધન મુશ્રિકોને છે જેઓ નગ્ન થઈને કા'બાનો તવાફ કરતા હતા, અને અલ્લાહની હલાલ કરેલી પાક વસ્તુઓને હરામ ઠરાવતા હતા. તેમને કહેવામાં આવે છે કે તેણે આ વસ્તુઓ હરામ નથી કરી, અને એનાથી પોતાના બંદાઓને નથી રોક્યા. જે વસ્તુઓને તેણે હરામ કરી છે તો આ છે જેને અલ્લાહ તઆલા બયાન કરે છે. તેમાંથી બેહયાઈઓ (પણ) છે જે ખુલ્લી હોય કે છુપી હોય અથવા કાર્યરૂપે હોય.

**૧૭૨** : હરામ કર્યું.

**૧૭૩** : હરામ કર્યું.

**૧૭૪** : નક્કી સમય જેના પર મહેતલ પૂરી થઈ જાય છે.

પેજ 23 નું ચાલુ..

આપે ઈલ્મે શરીઅતમાં પણ વિવિધ યાદગાર કિતાબો છોડી છે. જેમાં كتاب القياس، كتاب الاجتهاد ، خبر الواحد کو વગેરે મશહૂર છે. ઈમામ ઝહબીએ فرق الاسلاميين و اختلاف المصلّينا ور الإبانة નો પણ ઉલ્લેખ કર્યો છે. *(તારીખુલ ઈસ્લામ હવાદિષો વફયાત, હિ.સ. ૩૨૧–૩૩, પેજ : ૧૫૭)*

**તક્વો તથા પરહેઝગારી** : અક્લી તથા નક્લી ઈલ્મોમાં સંપૂર્ણ મહારતની સાથે આપ તક્વો તથા પરહેઝગારી અને ફાઝિલાના અખ્લાક્થી પણ સજ્જ હતા. અહમદ ઈબ્ને અલી ફકીહ કહે છે કે હું વીસ વરસો સુધી શયખ અબુલ હસન અશ્અરીની ખિદમતમાં રહ્યો. મેં આપનાથી વધુ પરહેઝગાર, સાવધાનીવાળો, બાહયા, દુનિયાવી બાબતોમાં શરમીલો અને આખેરતની બાબતમાં ચુસ્ત નથી જોયો. મુતકલ્લિમ અબુલ હસન હરવીનું બયાન છે કે શયખ અબુલ હસને વરસો સુધી ઈશાના વુઝૂથી સવારની નમાઝ પઢી. *(તબિય્યીને કિઝબુલ મુફતરી, ૧/૧૪૧)*

**વફાત** : હિ.સ. ૩૨૪માં આપે આપે ફાની જગતને અલવિદા કહ્યું અને બગદાદમાં કરખ અને બાબે બસરાની વચ્ચે દફન થયા. (વફયાતુલ અઅ્યાન, ૩/૨૮૪) આપના જનાઝાનું એલાન એ પ્રમાણે કરવામાં આવ્યું કે, આજે "નાસિરે સુન્નત"નો ઈંતેકાલ થઈ ગયો.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **નબીપુર** : ખાતે બાદશાહ આદમ મૂસા કડુજી (બરકાતે ખ્વાજા–માસિક તંત્રીના સગા મામા) જેઓ લંડનથી વતન આવ્યા હતા. દરમિયાનમાં બીમાર થતાં ટૂંકી માંદગી બાદ તા. ૦૩–૦૨–૨૦૨૫, મુ.ચાંદ ૪ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૬ના રોજ લગભગ ૭૫ વરસની વયે ઈન્તેકાલ કરી ગયા છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

# દર્સે હદીષે પાક એટલે મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત મુઐક઼ીબ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. તે નબી ﷺ થી રિવાયત કરે છે એ શખ્સના બારામાં જે સજદાની જગાએ માટી સરખી કરે. ફર્માવ્યું, જો તમારે કરવું છે તો એકવાર[2]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આપનું નામ મુઐક઼ીબ ઈબ્ને ફાતિમા છે. દૂસી છે. સઅદ ઈબ્ને આસના આઝાદ કરેલા ગુલામ છે. ક઼દીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનાર) છે. સાહિબે હિજરતૈન છે. હુઝૂર ﷺ ની અંગૂઠી આપની પાસે રહેતી હતી. તેમને સિદ્દીકે અકબરે હુઝૂર ﷺ પછી આ અંગૂઠી લીધી. છેવટમાં રક્તપિતમાં સપડાય ગયા હતા. ખિલાફતે ઉષ્માની કે હૈદરીમાં વફાત પામ્યા. (رضی اللہ عنہ) બીજા મુઐક઼ીબ તાબઈ છે, તે અલગ છે.

**૨.** એટલે કે કોઈએ હુઝૂર ﷺ ને મસ્અલો પૂછયો કે નમાઝી નમાઝની હાલતમાં સજદાની જગાએથી કાંકરા, કાંટા હટાવી શકે છે કે નહીં ? અને માટી સાફ કરી શકે છે કે નહીં ? ફર્માવ્યું, જરૂરત પૂરતુ એકવાર કરી શકે છે. આ પરથી ફક઼ીહોએ ઘણા મસ્અલા કાઢયા છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર અન્વર ﷺ એ નમાઝમાં કુખ (કેડ) પર હાથ રાખવાથી મના કર્યું[1]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે નમાઝની કોઈ હાલતમાં ક઼યામ, ક઼ોમા, ક઼ાઈદામાં કેડો પર હાથ રાખવો મના છે, બલ્કે નમાઝની બહાર પણ મના છે કે એ ઈબ્લીસનો તરીક઼ો છે. તેમજ દોઝખી થાકીને એવી રીતે હાથ રાખ્યા કરશે. અમુક ઉલમા ફર્માવે છે કે અહીં "ખસ્ર"થી મુરાદ લાઠી અથવા દીવાલથી ટેક લગાડવું છે. અરબીમાં ખાસ્રા લાઠીને કહે છે. આ ટેકો વિના જરૂરતે મના છે અને જરૂરત પૂરતી જાઈઝ છે. વૃદ્ધ માણસ લાઠી બગલમાં લઈને નમાઝ પઢી શકે છે. સુલૈમાન علیہ السلام એ પોતાની છેલ્લી નમાઝ લાકડીના ટેકા પર જ પઢી હતી, જેમાં આપની વફાત થઈ.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી ﷺ ને નમાઝમાં આમ તેમ જોવાના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે એ ઉંચકવું છે. શૈતાન બંદાની નમાઝથી ઉંચકે છે[1]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** યાદ રાખશો કે નમાઝમાં કા'બાથી સીનો ફરી જવું નમાઝને તોડી નાખે છે, કેવળ ચહેરો (ફેરવવું) મકરૂહ છે. ત્રાંસી આંખે આમ તેમ જોવું મુસ્તહબની વિરુદ્ધ છે. અહીં ઈલ્તેફાતથી લગભગ બીજો અર્થ મુરાદ છે જે મકરૂહ છે. શક્ય છે ત્રીજો અર્થ મુરાદ હોય. હમણા મુઆવિયહ ઈબ્ને હકમની રિવાયતમાં વર્ણન થઈ ચૂક્યું છે કે સહાબાએ તેમને આંખોના ખૂણેથી (ત્રાંસી આંખે) જોયા. અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺ પણ કદીક એ રીતે જોતા હતા. એ સૌ

જાઈઝ હોવાના વર્ણનના માટે છે. અને હદીષ ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવાના)ના વર્ણન માટે છે, જેથી હદીષોમાં ટકરાવ નથી.

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ક઼ૌમો નમાઝમાં દુઆના સમયે આસ્માનની તરફ નિગાહ ઉઠાવવાથી દૂર રહે, નહીં તો તેમની નિગાહો (દષ્ટિ) છીનવી લેવામાં આવશે[૧]." (મુસ્લિમ)*

**૧.** એટલે કે નમાઝમાં દુઆઈયા અથવા આખરી દુઆ પઢવા પર ન હાથ ઉઠાવે ન આસ્માનની તરફ નિગાહ કરે કે એ મકરૂહ છે. નમાઝ બહાર હાથ પણ ઉઠાવે અને નજર પણ ઉઠાવે, કેમ કે આસ્માન દુઆનો ક઼િબ્લો છે જેવી રીતે કે કા'બા નમાઝનો ક઼િબ્લો છે. સરકાર ﷺ નો આ ઈઝહાર આફતાબના માટે છે. યાદ રાખશો કે પહેલાં હુઝૂર ﷺ નમાઝમાં કદીક આસ્માનને જોયા કરતા હતા. જ્યારે આ આયત ઉતરી : الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ "જેઓ પોતાની નમાઝમાં ગદગદ થાય છે." *(૨૩/૨, કન્ઝુલ ઈમાન)* ત્યારે છોડી આપ્યું. ક઼િબ્લાની તબદીલીના સમયે હુઝૂર ﷺ નું નમાઝમાં આસ્માનની તરફ જોવું એ આપની વિશિષ્ટતા હતી કે તે નમાઝે નાઝ હતી.

*"હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ ને જોયા. આપ લોકોની ઈમામત કરતા હતા. અને ઉમામા બિન્તે અબી આસ આપના ખભાઓ પર રહેતી[૧]." જ્યારે રુકૂઅ કરતા તો એમને ઉતારી દેતા અને જ્યારે સજદાથી સર ઉઠાવતા તો તેમને પરત લઈ લેતા[૨]." (મુસ્લિમ)*

**૧.** આપ હુઝૂર ﷺ નાં નવાસી એટલે હઝરત ઝયનબનાં પુત્રી છે. અલી મુર્તઝા رضی اللہ عنہ એ ફાતિમા ઝહ્‌રાની વફાત બાદ આપનાથી નિકાહ કર્યા. હુઝૂર ﷺ ને તેમની સાથે ઘણી મહ઼બ્બત હતી, ત્યાં સુધી કે ક્યારેક નમાઝમાં પણ આપને ખભા પર રાખતા હતા.

**૨.** હક્ક઼ એ છે કે આપ હુઝૂર ﷺ ની વિશિષ્ટતાઓમાંથી છે. આપણા માટે નમાઝ તોડનાર છે, કેમ કે નમાઝમાં બાળકીને ઉતારવી ચઢાવવી અને રોકાવું એ અમલે કષીરથી ખાલી નથી. ઉલમાએ એના ઘણા ખુલાસો કર્યા છે, પણ જે ફક઼ીરે કહ્યું તે હક્ક઼ છે.

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ નમાઝમાં બગાસુ ખાય તો જ્યાં સુધી બની શકે દૂર કરે[૧], કેમ કે શૈતાન દાખલ થઈ જાય છે." (મુસ્લિમ)*

**૧.** બગાસુ દૂર કરવાની ત્રણ રીતો છે : એક એ કે બગાસુ આવતી વખતે એવું વિચારી લે કે નબીઓને બગાસુ આવતુ ન હતું. બીજુ એ કે નીચલો હોઠ દાંત વડે દબાવી લે. ત્રીજુ એ કે નાક વડે જોશપૂર્વક શ્વાસ કાઢે. જો દૂર ન કરી શકે તો ડાબા હાથની આંગળીઓની પીઠ મોઢા પર રાખી લે.

*"બુખારીની રિવાયતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, તમારામાંથી કોઈને નમાઝમાં બગાસુ આવે તો યથાશક્તિ રોકે અને ન કહે "હા", કેમ કે એ શૈતાનથી છે કે તે એનાથી હસે છે[૧]."*

**૧.** જેથી જો નમાઝમાં "હાહ" મોઢાથી નીકળી જાય તો નમાઝ જતી રહે છે, કે એમાં ત્રણ હરફો અદા થઈ ગયા અને જો કેવળ "હા" નીકળ્યું તો નમાઝ મકરૂહ થશે.

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એક ખબીષ જિન આજે રાતે ખુલી ગયો[૧] કે જેથી મારી નમાઝ તોડી નાખે. અલ્લાહે મને એના પર શક્તિ આપી. મેં એને પકડી લીધો[૨]. મેં વિચાર્યું કે એને મસ્જિદોના થાંભલાઓમાંથી કોઈ થાંભલા સાથે બાંધી દઉં કે જેથી તમે બધા એને જુઓ[૩]. પણ મને મારા ભાઈ સુલૈમાનની દુઆ યાદ આવી ગઈ કે મૌલા મને તે મુલ્ક આપ જે કોઈના લાયક ન હોય મારા બાદ. તો મેં તેને નાકામ છોડી મૂક્યો[૪]."*

**૧.** હઝરત સુલૈમાન علیہ السلام ની કેદથી, કે આપ શૈતાનોની એક જમાઅતને કેદ કરી ગયા હતા. એમાંથી એક છૂટીને મારી પાસે આવી ગયો અને મારા દિલમાં વસવસા નાખવાની કોશિશ કરવા લાગ્યો. જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની નિગાહ જિન્નાત તથા શૈતાનોને જુએ છે અને જ્યાં એ બંદો છે એ જગા પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ની નજરની સામે છે અને હુઝૂર તેમના દરેક હાલથી ખબરદાર છે. કુર્આને કરીમનું એ ફર્માવવું مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ "કે તમે એને નથી જોતા." (૭/૨૭ કન્ઝુલ ઈમાન) આપણા લોકો માટે છે, હુઝૂર એનાથી અપવાદ છે. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم ની નિગાહથી ફરિશ્તા નથી છુપાતા, હુઝૂર صلی اللہ علیہ وسلم એ મેઅરાજમાં ખુદ રબ તઆલાને જોઈ લીધો, તો જિન્નાત તથા શૈતાનો કેવી રીતે છુપા રહી શકે છે ? યાદ રાખશો કે હઝરત સુલૈમાન علیہ السلام એ જિન્નાત એક ખબીષતરીન (અતિ નાપાક) જમાઅતને કેદ કરી દીધી હતી, જે હજી સુધી કેદમાં છે. કેમ કે જિન્નાતની ઉમરો ઘણી લાંબી હોય છે એમનું અહીં વર્ણન છે, નહીં તો અન્ય જમાઅતો શૈતાનની ખુલ્લી ફરે છે.

**૨.** હક્ક એ છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર صلی اللہ علیہ وسلم ને કાયમી શક્તિ બખ્શી જેનાથી આપ શૈતાનોને પકડી શકે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ શૈતાનને સદકાના માલની ચોરી કરતાં પકડી લીધો તો તે આપનાથી છૂટી ન શક્યો. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ એક શૈતાનને પકડી લીધો તો તે આપનાથી ન છૂટી શક્યો. જ્યારે ઝર્રાઓની તાકતોનો આ આલમ છે તો આફતાબે નબુવ્વતની કુદરતનું તો પૂછવું જ શું ?! હજી પણ અમુક આમિલ હઝરાત જિન્નાતને કેદ કરી દે છે, સળગાવી દે છે.

**૩.** એટલે કે જો હું એને બાંધી દેત તો ખુલી ન શકત, ન છૂટીને નાસી શકતો અને પછી તે સર્વ જાહેર થઈ જાત. તમે સૌ એને જોતા. અમારા બાંધવાની બરકતથી આ ગયબ શહાદત બની જાત.

**૪.** એટલે કે કેમ કે જિન્નાત પર કબજો હઝરત સુલૈમાન علیہ السلام નો ખાસ મો'જિઝો બની ચૂક્યો છે, જો કબજાને અમે જાહેર કરી દેત તો એ એમની વિશિષ્ટતા ન રહેતી. એટલા માટે એને છોડી મૂક્યો. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે શૈતાનનું શરીર નાપાક નથી અને એને સ્પર્શવાથી નમાઝ નથી જતી, નમાઝીનો હાથ નાપાક નથી થતો. બીજુ એ કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની નમાઝનો ખુશૂઅ તથા ખુઝૂઅ અન્ય બાજુ ધ્યાનિત થવાથી નથી જતો. જુઓ હુઝૂર صلی اللہ علیہ وسلم એ શૈતાનને પકડી પણ લીધો, બાંધવાનો ઈરાદો પણ કર્યો, પછી છોડી પણ મૂક્યો, પણ નમાઝના ખુશૂઅમાં કોઈ ફરક ન આવ્યો. ત્રીજુ એ કે હુઝૂર صلی اللہ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ પાછા નબીઓના કમાલો બખ્શ્યા પણ એમાંથી અમુકનું પ્રદર્શન ન કર્યું કે જેથી તે બુઝુર્ગોના વિશિષ્ટપણામાં ફરક ન આવે. ચોથુ એ કે આપની તાકત જિન્નાત તથા ફરિશ્તાઓથી વધુ છે કે શૈતાન આપની પકડથી છૂટી ન શક્યો. હઝરત મૂસા علیہ السلام એ મલકુલ મૌતને થપ્પડ મારી તો તેમની આંખ જતી રહી. આ જગાએ અશિઅતુલ લમ્આતમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની સલ્તનત, કુદરત, તસર્રુફ એ મલકુલ મૌત, જિન તથા માનવી અને તમામ આલમ પર છે. દરેક ચીજ આપના કબજામાં છે.

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(એકત્રીસમી મજલિસ)*

### અલ્ વાહિદનો અર્થ

એ જ વરસે માહે ઝી કૃઅદાની ૨૯મી તારીખ રવિવારે કૃદમબોસીની દૌલત હાંસલ થઈ. સમાઅ (વિના વાજિંત્રના)ની વાત ચાલી અને વજ્દ જે એમાં હોય છે. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે નવ્વાણુ અસ્માએ ઈલાહીમાં ''અલ વાહ઼િદ'' પણ પઢે છે. અલ્ વાહિદનો અર્થ છે અલ્ ગની. ત્યાર બાદ ફર્માવ્યું, અલ્ વાહિદનો અર્થ વજ્દથી પણ આવેલ છે એટલે વજ્દ અતા કરનાર. જેમ કે શકૂરા તેનું નામ છે, શકૂરા તેને કહે છે જે શુક્ર અદા કરે. પરંતુ અહીં એનો અર્થ એ છે કે બંદાઓના શુક્રને કૃબૂલ કરનાર. એ જ પ્રમાણે અલ વાહિદ જાહેરમાં તે થશે જે વજ્દવાળો હોય. અને આ વાત પાક તથા બરતર ખુદા માટે દુરુસ્ત થશે નહીં. જેથી આ જગાએ વાહિદનો અર્થ વજ્દ અતા કરનાર છે.

ત્યારબાદ શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہની ચર્ચા ચાલી કે તે સમાઅ સાંભળતા ન હતા. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે શયખ નજમુદ્દીન કુબરા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સમઅના શોખ સિવાય દરેક નેઅમત જે માણસ માટે શક્ય છે તે શયખ શહાબુદ્દીન رحمۃ اللہ علیہને આપવામાં આવી.

### શયખ શહાબુદ્દીનના શુગલમાં ડૂબવાની સ્થિતિ

ત્યાર બાદ શયખ શહાબુદ્દીન رحمۃ اللہ علیہના ઈસ્તેગરાકૃની વાત આવી. ઈર્શાદ થયો કે એકવાર શયખ અવહદ કિર્માની رحمۃ اللہ علیہ શયખ શહાબુદ્દીન رحمۃ اللہ علیہની પાસે આવ્યા. શયખે પોતાનો મુસલ્લો લપેટયો અને પોતાના ગુઠણો નીચે રાખી દીધો. અને આ વાત મશાઈખની નજીક ખૂબ જ તા'ઝીમની હોય છે. સારાંશ જ્યારે રાત થઈ તો શયખ અવહદે સમાઅની ફર્માઈશ કરી. શયખ શહાબુદ્દીને કવ્વાલોને બોલાવ્યા અને સમાઅ (વિના વાજિંત્ર કવ્વાલી)ની જગાની ગોઠવણી કરી અને ખુદ એક ખૂણામાં ચાલ્યા ગયા, અને તાઅત તથા ઝિક્રમાં મશગૂલ થઈ ગયા. શયખ અવહદ તથા તે લોકો જેઓ સમાઅ કરવાવાળા હતા તેઓ સમાઅમાં વ્યસ્ત થઈ ગયા. જ્યારે સવાર થઈ તો ખાનકૃાહનો ખાદિમ શયખ શહાબુદ્દીન رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી કે રાત્રે સમાઅ હતો જેથી એ જમાઅત માટે નાશ્તો થવો જોઈએ. શયખે પૂછયું કે શું રાત્રે સમાઅ થયો હતો ?! ખાદિમે અર્ઝ કરી, જી હા ! શયખે ફર્માવ્યું કે, મને ખબર નથી પડી. ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું, શહાબુદ્દીનની ઈસ્તેગરાકૃની હાલત

તો જુઓ કે એ રીતે ઝિક્રમાં મશગૂલ હતા કે સમાઅના ઊંચા અવાજોની તેમને ખબર ન પડી ! અને દરેક વખતે જ્યારે સમાઅને બંધ કરતા હતા અને સમાઅવાળા કુર્આનની તિલાવત કરતા હતા તો શયખ તેને સાંભળતા હતા પણ શયખ તેમના સમાઅને આટલા પ્રમાણમાં ઊંચો અવાજ છતાં સાંભળતા ન હતા. એનાથી અંદાઝો કરો કે તેઓ કયા દરજાએ શુગલમાં રહેતા હતા.

ત્યારબાદ લાહોરના મઝારોની ચર્ચા નીકળી, ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ત્યાં ઘણા બુઝુર્ગો આરામ ફર્માવે છે. ત્યારબાદ બંદાને પૂછયું કે તમે લાહોર જોયું છે ? બંદાએ અર્ઝ કરી, જી હા ! જોયું છે, અને ત્યાંના કેટલાક બુઝુર્ગોની ઝિયારત પણ કરી છે, જેમ કે શયખ હુસૈન ઝંઝાની અને તથા અન્ય અવલિયા.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખ હુસૈન ઝંજાની અને શયખ અલી હિજવૈરી رحمۃ اللہ علیہما બંને એક જ પીરના મુરીદ થયા છે અને તે પીર પોતાનો સમયના કુતુબ હતા. શયખ હુસૈન ઝંજાની رحمۃ اللہ علیہ એક અરસાથી લાહોરમાં રહેતા હતા. કેટલાક અરસા બાદ તેમના પીર ખ્વાજા અલી હિજવૈરી رحمۃ اللہ علیہને હુકમ આપ્યો કે લાહોર જાવ અને ત્યાં રહો. શયખ અલી હિજવૈરીએ અરજ કરી, હુસૈન ઝંજાની ત્યાં મૌજૂદ છે. પીરે ફર્માવ્યું કે, તમે જાવ ! શયખ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ તેમના નિર્દેશ પ્રમાણે લાહોર પહોંચ્યા તો ત્યાં રાત હતી. બીજી સવારે શયખ હુસૈન ઝંજાની رحمۃ اللہ علیہનો જનાઝો બહાર લાવવામાં આવ્યો.

પછી વાત નઝમની આવી. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે અમુક મશાઈખની શાયરી સારી છે, અને ઘણા છે જેવા કે શયખ અવહદ કિર્માની અને શયખ અબૂ સઈદ અબુલ ખૈર અને બીજા બુઝુર્ગ رحمۃ اللہ علیہم اجمعینનાં કલામ, ખાસ કરીને શયખ સૈફુદ્દીન બાખરઝી رحمۃ اللہ علیہ (કલામ) સારુ કહેતા હતા. અને શાયરીમાં તેમને ખૂબ જ અતિશયોક્તિ કક્ષાની મહારત હતી, ત્યાં સુધી કે મુરીદોએ તેમની ખિદમતમાં અર્ઝ કરી કે દરેક શયખની કોઈ કિતાબ કે કૃતિ મૌજૂદ છે, આપ કોઈ ચીજ કેમ નથી લખતા ? તેમણે જવાબ આપ્યો કે મારો દરેક શેઅર કિતાબના બરાબર છે.

## ઈશ્રાકની નમાઝની તા'લીમ

એ જ દિવસે ઉમ્મીદવાર (હસન અલા સંજરી)ને ઈશ્રાક઼ની નમાઝ તા'લીમ ફર્માવી. **બે રકાતમાં :** પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી આયતુલ કુર્સી ''ખાલિદૂન'' સુધી. અને બીજી રકાતમાં ''આમનર્રસૂલ''થી સૂરતના છેવટ સુધી, અને **બીજી બે રકાતમાં** સૂરએ ફાતિહા બાદ આયત ''અલ્લાહુ નૂરુસ્સમાવાતિ વલ્અર્દ઼''થી ''વલ્લાહુ બિકુલ્લિ શયઈન અ઼લીમ'' ત્યાર બાદ સૂરએ ફલક઼. અને બીજી રકાતમાં સૂરએ નાસ. **ત્યારબાદ બે રકાત** ઈસ્તિખારાની નમાઝ બતાવી. પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા બાદ સૂરએ કાફિરૂન અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા બાદ સૂરએ ઈખ્લાસ. અને બંને નમાઝો બાદ તરત જે દુઆઓ આવડે તેનો હુકમ ફર્માવ્યો. ત્યારબાદ ફર્માવ્યું કે બે રકાતો અન્ય છે તે પણ બતાવીશ. આ વાત ઝબાન મુબારકથી ફર્માવી અને આંખોમાં આસું ભરી લાવ્યા અને ફર્માવ્યું કે જે દિવસે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન رحمۃ اللہ علیہએ મને ઈશ્રાકની નમાઝ માટે ફર્માવ્યું હતું, પહેલાં આ જ છ રકાતો બતાવી હતી અને કહ્યું કે બે અન્ય હજી બતાવીશ.

***(બત્રીસમી મજલિસ)***

## મજલિસમાં બેસવાના આદાબ

એ જ વરસે માહે ઝીલ હજજની ૧૧મી તારીખે

*(તેત્રીસમી મજલિસ)*

## તજવીદ સાથે કુર્આનની તિલાવત અને તેના ફાયદા

એ જ વરસે માહે ઝીલ હજ્જની એકવીસમી તારીખે રવિવારે હાથ ચૂમવાનો શરફ હાંસલ થયો. કુર્આનની તિલાવત તથા તરતીલ (તજવીદ) અને તેને પઢવાનો જે હક્ક઼ છે તેની ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે પઢનારાને કોઈ આયત પર ઝોક તથા રાહત હાંસલ થાય તો જોઈએ કે તેની તકરાર (રીપીટેશન) કરે અને રાહત પામે.

ત્યારબાદ ફર્માવ્યું કે તિલાવત તથા સમાઅ (વિના વાજિંત્રે)ની દરમિયાન જે સઆદત (નેકબખ્તી) હાંસલ થાય છે તેના ત્રણ પ્રકારો છે : અન્વાર તથા અહવાલ તથા આષાર, અને ત્રણેવ ત્રણ આલમોથી નાઝિલ થાય છે. અને ત્રણ આલમો ક્યા છે ? એ છે : **મલક** તથા **મલકૂત** તથા એ બંનેની વચ્ચે **જબરૂત.** અને એ ત્રણ સઆદતો જે નાઝિલ થાય છે એ ત્રણેવ **અરવાહ (રૂહો)** અને **કુલૂબ (દિલો)** અને **અંગો** પર ઉતરે છે. પ્રથમ અન્વાર જે મલકૂતથી હોય છે તે અરવાહ પર. ત્યાર બાદ અહવાલ પર એટલે જબરૂતથી કુલૂબ (દિલો) પર, પછી આષાર મલકથી અંગો પર. એટલે પ્રથમ સમાઅના હાલમાં આલમે મલકૂતથી રૂહો પર અન્વાર નાઝિલ થાય છે, ત્યાર બાદ જે કાંઈ દિલમાં કૈફિયત હોય તેને અહવાલ કહે છે અને તે આલમે જબરૂતથી દિલો પર થાય છે. ત્યારબાદ જે અધિક હરકત તથા જુંબિસ (હલન ચલન) જાહેર થાય છે તેને આષાર કહે છે અને તે (અષર) આલે મલકૂતથી અંગો પર થાય છે. اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْن

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો !**

જુમેરાતે ક઼દમબોસીની દૌલત નસીબ થઈ. મજલિસના આદાબ અને પીરની ખિદમતમાં હાજરી અને બેસવાના આદાબ તથા જગા હાંસલ કરવા વિશે ચર્ચા ચાલી. ઈર્શાદ થયો કે, અદબ એ છે કે કોઈ મજલિસમાં આવે તો જે જગા ખાલી જુએ ત્યાં બેસી જાય. એટલે કે જ્યારે પીરની ખિદમતમાં આવે તો ઊંચી કે નીચી જગાના ખયાલમાં ન રહે, જ્યાં પણ ખાલી જગા જુએ ત્યાં બેસી જાય કે આવનારાની જગા એ જ હોય છે.

પછી ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺ કોઈ જગાએ બેસેલા હતા અને સહાબીઓ વર્તુળ બનાવીને સરકારની આસપાસ બેઠેલા હતા. એટલામાં ત્રણ માણસો આવ્યા. એકને તે વર્તુળમાં જગા મળી ગઈ તે તરત જ ત્યાં આવીને બેસી ગયો. બીજાને તે વર્તુળમાં જગા ન મળી તો તે વર્તુળની પાછળ બેસી ગયો અને ત્રીજાએ ત્યાંથી મોં ફેરવ્યું અને પાછો ચાલ્યો ગયો. થોડીવાર પછી નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે હમણા જિબ્રઈલ عليه السلام આવ્યા અને મને ખબર આપી કે ખુદા તઆલા ફર્માવે છે કે જે શખ્સ આવ્યો અને તે વર્તુળમાં જગા મળી ગઈ અને ત્યાં બેસી ગયો, તેને અમે અમારી પનાહમાં જગા આપીએ છીએ, અને જેને વર્તુળમાં જગા ન મળી અને તે શરમાયને વર્તુળની પાછળ બેસી ગયો તેનાથી હું શરમાવું છું, કાલે ક઼યામતના દિવસે તેને બેઈજ્જત કરીશું નહીં. અને જે શખ્સ મોં ફેરવીને ચાલ્યો ગયો તેનાથી મારી રહ્મત પણ મોં ફેરવે છે. ત્યારબાદ ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું કે **અદબ એ છે કે જે પણ આવે અને મજલિસમાં જ્યાં પણ જગા ખાલી જુએ ત્યાં બેસી જાય, અને જો જગા ન હોય તો વર્તુળની પાછળ બેસે, વચ્ચે ન બેસવું જોઈએ, કેમ કે જે વચમાં બેસે છે તે મલઊન (લઅનત કરવામાં આવેલ) હોય છે.**

(આઠમો મસ્અલો)

# હાઝિરો નાઝિરનો અક़ીદો

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ હાઝિર તથા નાઝિરના અક़ીદાથી અહલે સુન્નતની મુરાદ ★

અલ્લાહ عزوجل اللہ تعالیٰ એ પોતાના હબીબ સૈયદે આલમ ﷺને એ કમાલ અતા કર્યો છે કે આપ એક જગાએ તશરીફ ફર્મા હોવા છતાં આલમના અહવાલથી એ રીતે બાખબર હોય છે જેવી રીતે આપ ત્યાં જાતે પોતે હાજર હોય અને સર્વ કાંઈ પોતાની આંખોથી જોઈ રહ્યા હોય. આ ભાવાર્થને અમે હાઝિરો નાઝિરથી તાબીર કરીએ છીએ. આ અક़ીદો કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે, અને એના પર મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઅ છે. પણ એનાથી ઉલ્ટુ વહાબીઓ એને શિર્ક કહે છે. અમે અમારી વાતને સ્પષ્ટ કરવા માટે કિતાબ તથા સુન્નત અને ઈજમાએ ઉમ્મતની સાક્ષીઓને વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ.

### અહલે સુન્નતની દલીલો

### ★ કિતાબુલ્લાહની ગવાહીઓ ★

કુર્આને કરીમમાં અલ્લાહ عزوجل اللہ تعالیٰ એ ઈર્શાદ ફર્માવ્યો : اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًا "હે મહબૂબ ! અમે આપને ગવાહ, ખુશખબરી આપનાર તથા ડરાવનાર બનાવીને મોકલ્યા." *(સૂરએ અહઝાબ, ૩૩/૪૫)*

અ. અરબી ભાષામાં شاهد (શાહિદ)નો શબ્દ "હાજર"ના અર્થમાં વપરાય છે, તેની ખૂબ અધિક પ્રમાણમાં સાક્ષીઓ છે. દા.ત. ખુદ કુર્આને પાકમાં છે :

اَمْ خَلَقْنَا الْمَلٰٓىِٕكَةَ اِنَاثًا وَّ هُمْ شٰهِدُوْنَ "ક્યાં તો અમે ફરિશ્તાઓને સ્ત્રી પેદા કર્યા અને તે (કાફિર) હાજર હતા."

*(સૂરએ સાફ્ફાત, ૩૭/૧૫૦)*

આ આયતે કરીમામાં પણ "શાહિદ" હાજરના અર્થમાં વપરાયેલ છે. જેમ કે અરબી ભાષાના જાણકારોથી છૂપુ નથી.

- ❑ હજ્જતુલ વિદાઅના ખુત્બામાં હુઝૂરે અક़દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

  فَلْیُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ "હાજર ગાયબ સુધી આ પયગામ પહોંચાડી આપે." *(સહીહ બુખારી, ૧/૨૩૪, કિતાબુલ મનાસિક, બાબુલ ખુત્બા ઐયામે મિના, મજલિસે બરકાત)*

આ હદીષ "સહીહ બુખારી શરીફ"ના કિતાબુલ ઈલ્મ, કિતાબુલ મગાઝી/બાબે હજ્જતુલ વિદાઅ, કિતાબુલ અઝાઈ, કિતાબુલ ફિતન, કિતાબુત્તૌહીદમાં પણ છે. શબ્દોમાં ક્યાંક શરૂમાં اَلَا નો વધારો છે અને ક્યાંક فَ વિના કેવળ لِیُبَلِّغِ الشَّاهِدُ છે.

આ હદીષમાં "શાહિદ"નો શબ્દ "ગાયબ"ના વિરુદ્ધાર્થમાં વપરાયો છે.

- ❑ નમાઝે જનાઝાની દુઆમાં છે :

  اَللّٰهُمَّ اغْفِرْ لِحَیِّنَا وَ مَیِّتِنَا و شَاهِدِنَا وَغَائِبِنَا

  *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૩૭/૨૪૮, મુસ્નદુલ અન્સાર, હદીષ નં. ૨૨૫૫૪, મૂઅસતુર્રિસાલા : અન અબી ક़તાદા رضی اللہ عنہ. તેમજ સુનને દાઊદ, પેજ–૫૪૯, જામેઅ તિર્મિઝી, ૧/૧૨૧, સુનને ઈબ્ને માજહ, પેજ–૨૫૨ .......... વગેરે)*

આમાં પણ "શાહિદ"નો શબ્દ "ગાયબ"ના વિરુદ્ધાર્થમાં છે. અને ગાયબ તે છે જે હાજર ન હોય, જેથી "શાહિદ"તે ગણાશે જે હાજર હોય.

આ સ્પષ્ટતાથી સાબિત થઈ ગયું કે અલ્લાહ તઆલા પોતાના હબીબ ﷺને હાજર બનાવીને મોકલે છે. અને હાજર શખ્સ જો સાહિબે નઝર (દષ્ટિવાન) હોય તો નાઝિર (જોનારો) પણ બની જાય છે. જેથી હુઝૂર ﷺ હાઝિર પણ છે અને નાઝિર પણ છે.

**બ.** લુગાતુલ કુર્આન (કુર્આનના શાબ્દિક અર્થ)ના વિષય પર મુસ્તનદ (સ્ટાન્ડર્ડ) કિતાબ "અલ મુફર્રદાત"માં છે :

الشهودُ و الشهادة: الحضور مع المشاهدة إما بالبصر أو بالبصيرة۔

"શહૂદ અને શહાદતનો અર્થ છે : હાજર હોવું નાઝિર (જોનાર) હોવાની સાથે. નાઝિર હોવું બસર (દષ્ટિવાન)થી હોય કે બસરિયત (દષ્ટિ શક્તિ)થી. (અલ મુફર્રદાત, ફીગરીબુલ કુર્આન લિલ ઈમામુર્રાગિબ અલ અસ્ફહાની, ૧/૩૫૨, મકતબા નઝાર મુસ્તફલ બાઝ) "ગવાહ"ને પણ "શાહિદ" એટલા માટે કહેવામાં આવે છે કે તે મુશાહિદા સાથે (જોઈને) જે ઈલ્મ ધરાવે છે તેને વર્ણવે છે. આ સ્પષ્ટતાને લક્ષમાં રાખીને "શાહિદ"નો અર્થ જ "હાઝિરો નાઝિર" થયો. તો અલ્લાહ તબારક વ તઆલાએ આપને "શાહિદ" દર્શાવીને આપના "હાઝિર નાઝિર" હોવા પર કતઈ દલીલ કાયમ કરી આપી.

આપના "હાઝિરો નાઝિર" હોવા પર અતિ અધિક પ્રમાણમાં હદીષોના પણ બોલતા પુરાવા છે. હવે અમે અહીં અમુક હદીષો નકલ કરીએ છીએ :–

***(હદીષ નંબર : ૦૧)***

### ★ મદીના શરીફથી બયતુલ મુક઼દસનો નઝારો અને તેની સ્થિતિઓની ખબર ★

**(અર્થાત)** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનુ બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ બયાન ફર્માવ્યું કે હું કા'બાના હતીમમાં હાજર હતો અને કુરૈશ મને મારા મેઅરાજના સફરના બારામાં સવાલો કરી રહ્યા હતા. તેમણે મને બયતુલ મુકદસની કેટલીક એવી ચીજોના બારામાં પૂછયું જેના જવાબો મારા દિમાગમાં મહેફૂઝ ન હતા તો એના કારણે મને ઘણી તકલીફ થઈ, એવી તકલીફ જે કદી ન થઈ હતી. (કેમ કે એમના સવાલો નિરર્થક હતા, છતાં તેઓ જવાબ ન પામતા તો મેઅરાજના મો'જિઝાનો ઈન્કાર કરી દેતા) હુઝૂર ﷺનું બયાન છે કે પછી અલ્લાહ તઆલાએ બયતુલ મુક઼દસને મારી નજરો સમક્ષ કરી આપ્યું અને હવે કુરૈશના કાફિર મને જે કાંઈ પણ સવાલ કરતા તો હું બયતુલ મુક઼દસને જોઈ જોઈને તેમનો જવાબ આપી દેતો. *(સહીહ મુસ્લિમ, ૧/૯૬, કિતાબુલ ઈમાન, બાબુલ અસ્રા લિરસૂલિલ્લાહ ﷺ અબી સ્સમાવતિ વ ફર્દ્િસ્સવાલાત, મજલિસે બરકાત)*

***(હદીષ નંબર : ૦૨)***

આ જ બનાવ એક બીજી હદીષમાં આ પ્રમાણે છે : **(અર્થાત)** : "હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ બયાન ફર્માવ્યું કે જ્યારે કુરૈશે (મારા મેઅરાજના મો'જિઝાના સંબંધે) મને જૂઠાડયો તો હું કા'બાના હતીમમાં ઉભો થઈ ગયો અને અલ્લાહ તઆલાએ મારા પર બયતુલ મુક઼દસને જાહેર કરી આપ્યું તો હું તેની નિશાનીઓને જોઈ જોઈને મુશ્રિકોને બતાવવા લાગ્યો." *(સહીહ મુસ્લિમ, ૧/૯૬, હવાલો ઉપર મુજબ)*

ક્યાં કા'બા શરીફ અને ક્યાં બયતુલ મુક઼દસ !

બંનેની વચ્ચે લાંબુ અંતર આડુ આવેલું છે પણ મુનવ્વિરે કાઈનાત, ફખ્રે મૌજૂદાત હુઝૂર સૈયદે આલમ ﷺની નજરો સમક્ષથી સર્વ પર્દાઓ દૂર કરી આપ્યા અને આપે મક્કા મોઅઝ્ઝમામાં રહીને બયતુલ મુક઼દ્દસની સર્વ નિશાનીઓ એવી રીતે બતાવી આપી જાણે કે આપ ત્યાં મૌજૂદ હોય અને સર્વ કાંઈ જોઈ રહ્યા હોય.

તો આ હદીષ આપના હાઝિરો નાઝિર હોવાની સ્પષ્ટ દલીલ છે.

***<u>(હદીષ નંબર : 03)</u>***

**★ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું ત્રણ રાતો સુધી શૈતાનને ચોરીમાં પકડવું અને સરકાર ﷺનું એના સંબંધે વિવિધ ગયબી ખબરો વર્ણવવું ★**

**(અર્થાત)** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ મને રમઝાનની ઝકાત (સદક઼ા, ફિત્ર)ની હિફાઝત માટે નિયુક્ત કર્યો, તો (રાતમાં) મારી પાસે એક શખ્સ આવ્યો અને ખોબા ભરી ભરીને અનાજમાંથી લેવા લાગ્યો, તો મેં તેને પકડી લીધો અને કહ્યું કે અલ્લાહની ક઼સમ ! હું તને જરૂર રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં પેશ કરીશ ! તેણે કહ્યું, હું મોહતાજ છું અને મારી પાસે બેસહારા બાળકો છે અને મને અનાજની સખત હાજત છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બયાન છે કે આ હાલ સાંભળીને મેં તેને છોડી મૂક્યો. સવાર થઈ તો નબી કરીમ ﷺએ પૂછયું, હે અબૂ હુરૈરહ્ ! તમારા રાતના કૈદીનું શું થયું ?

તે કહે છે કે મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તેણે સખત હાજત અને બેસહારા બાળકોના (ભૂખ્યાં હોવાની) શિકાયત કરી તો મને તેના પર રહમ આવી ગઈ અને એ જ કારણે મેં તેને છોડી આપ્યો. તો હુઝૂર (દાનાએ ગુયૂબ) ﷺએ ફર્માવ્યું, "સાંભળો ! તે વિના શંકાએ યક઼ીનન ! તારાથી જૂઠુ બોલીને ગયો છે, આજે ફરી આવશે."

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવવા લાગ્યા કે મને યક઼ીન થઈ ગયું કે તે આવશે કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી આપ્યું છે કે તે આવશે. હું તેની તાકમાં હતો એવામાં તે આવી ગયો અને અનાજ ઉઠાવવા લાગ્યો. તો મેં તેને પકડી લીધો અને કહ્યું કે (આજે) તને રસૂલુલ્લાહ ﷺની અદાલતમાં જરૂર રજૂ કરીશ. તો તે કહેવા લાગ્યો, મને છોડી આપો ! હું મોહતાજ છું. મારા બેસહારા બાળકો છે જેમનું ભરણપોષણ મારા માથે છે, હવે હું આના પછી આવીશ નહીં. તો મને રહમ આવી ગઈ અને મેં તેને છોડી આપ્યો. સવારે બારગાહે રિસાલતમાં હાજર થયો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! તારો રાતવાળો કેદી ક્યાં ગયો ?!

મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેણે આજે પણ એ જ બહાનું દર્શાવ્યું કે સખત મોહતાજ છે, બીવી બચ્ચાંવાળો છે, તો મને રહમ આવી ગઈ અને તેને જવા દીધો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, સાંભળો ! તે યક઼ીનન ! તારી સાથે જૂઠુ બોલીને ગયો છે, આજે ફરી આવશે.

તો હું આજે પણ તેની તાકમાં લાગી ગયો, એટલામાં તે આવ્યો અને ખોબાથી ઉઠાવી ઉઠાવીને અનાજ લેવા લાગ્યો. મેં તેને પકડી લીધો અને એ બતાવી આપ્યું કે, "આજે હું તને જરૂર રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર કરીશ. આ ત્રીજો અને અંતિમ મોક઼ો છે. તમે કહે છો કે બીજીવાર નહીં આવશો છતાં ફરી આવી જાવ છો !"

તેણે કહ્યું, મને છોડી આપો, હું તમને અમુક એવા કલમા શીખવાડી આપુ છું જેનાથી અલ્લાહ તમને

ફાયદો આપશે. મેં પૂછયું, તે કયા કલમા છે ? તેણે કહ્યું કે **જ્યારે બિસ્તર પર સૂવા માટે જાવ તો આયતુલ કુર્સી لَآ اِلٰہَ اِلَّا ھُوَ ۚ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ છેવટ સુધી પઢી લીધા કરો, તો અલ્લાહની તરફથી એક મુહાફિઝ (રક્ષક ફરિશ્તો) સવાર સુધી ત્યાં રહેશે અને શૈતાન તારી નજીક નહીં આવે.**

મેં તેને જવાબ દીધો. સવાર થઈ (અને સરકાર ﷺની બારગાહમાં હાજર થયો) તો રસૂલુલ્લાહ ﷺએ મને પૂછયું : "રાતે તારા કેદીએ શું કહ્યું ?" મેં અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ﷺ તેણે કહ્યું કે તે મને કેટલાક એવા કલ્મા શિખવાડી દેશે જેના કારણે અલ્લાહ તઆલા મને ફાયદો આપશે. તો મેં એને જવા દીધો. હુઝૂર ﷺએ પૂછયું, એ કલ્મા કયા છે ? મેં કહ્યું કે, તેણે મને એ બતાવ્યું કે જ્યારે તમે તમારા બિસ્તર પર (સૂવા માટે) જાવ તો આયતુલ કુર્સી શરૂથી છેવટ સુધી પઢી લીધા કરો. اَللّٰہُ لَآ اِلٰہَ اِلَّا ھُوَ ۚ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ તેણે એ પણ બતાવ્યું કે અલ્લાહના તરફથી એક મુહાફિઝ સવાર સુધી તારી પાસે રહેશે અને શૈતાન તારી નજીક નહીં આવે. અને સહાબાએ કિરામ સારી વાતના સૌથી વધુ ઉત્કંઠાવાળા હતા. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "સાંભળો ! આ વાત તો તેણે વિના શંકાએ સાચી કહી અને તે છે ઘણો જૂઠો ! અબૂ હુરૈરહ્ ! તમને ખબર છે કે ત્રણ રાતોથી તમે કોની સાથે વાતચીત કરતા રહ્યા છો ? તેમણે અર્ઝ કરી, નહીં ! ત્યારે હુઝૂર દાનાએ ગુયૂબ ﷺએ ફર્માવ્યું, "તે શૈતાન" છે." *(સહીહ બુખારી, ૧/૩૧૦, કિતાબુલ વકાલત, .......... મજલિસે બરકાત)*

સદકએ ફિત્રના અનાજમાંથી ચોરીના આ બનાવો રાતના છે જેનો ઈલ્મ ચોરને હતો અથવા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને ખુદ હદીષે નબવીથી એવી કોઈ શહાદત નથી જોવા મળી કે બીજાઓને પણ આ બનાવોનો ઈલ્મ હતો, પણ હુઝૂર નબીએ રહ્મત ﷺએ એ બનાવોની તફસીલાતનું વર્ણન એ રીતે ફર્માવ્યું છે જાણે કે આપ ત્યાં હાજર હોય, અને નિગાહે નબુવ્વતથી વર્તમાન તથા ભવિષ્યમાં ઉપસ્થિત થનાર બનાવોને જોઈ રહ્યા છે.

જરા સરકાર ﷺના આ શબ્દો પર વિચારણા કરો : "હે અબૂ હુરૈરહ્ ! તમારા રાતવાળા કેદીનું શું થયું ?"

**અ.** હુઝૂર સૈયદે આલમ ﷺ આવનારા શખ્સની ચોરીને જોઈ રહ્યા હતા.

**બ.** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ તેને પકડી લીધો. સરકાર ﷺ તેને પણ જોઈ રહ્યા હતા.

**ક.** સરકાર ﷺની નજર અનાજના મુહાફિઝ અને ચોરની વાતચીત પર પણ હતી.

**ડ.** હુઝૂર ﷺ એ પણ જોઈ રહ્યા હતા કે ચોરને છોડી આપવામાં આવ્યો.

**ચ.** બલ્કે હુઝૂર ﷺની નજર ચોરના દિલમાં છુપાયેલ જૂઠ પર પણ હતી, એટલા માટે ફર્માવ્યું કે, "યકીનન ! જૂઠ બોલી રહ્યો છે."

**છ.** અને આપે આવું ફર્માવીને કે سیعود આજે ફરી આવશે, એ એલાન કરી આપ્યું કે, આપ ભવિષ્યમાં ઉપસ્થિતિ થનાર બનાવો પર પણ નજર રાખે છે.

બે શબ્દોમાં સરકારે અબદ કરાર ﷺએ પોતે "હાઝિરો નાઝિર" હોવાની **છ સાક્ષીઓની** રહનુમાઈ કરી આપી, પછી બીજી રાતના બનાવમાં પણ એ સર્વ સાક્ષીઓ મૌજૂદ છે, તો આ રીતે એ **બાર સાક્ષીઓ** થઈ.

ત્રીજી રાતના બનાવના અનુસંધાનમાં સરકાર ﷺએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી એ પૂછયું કે, "રાતે તારા કેદીએ શું કર્યુ ? એટલે શું તા'લીમ આપી ? આ સવાલ પણ શરૂની **ચાર સાક્ષીઓનો** નિર્દેશ કરે છે અને એ ઈશારો આપે છે કે આજે રાતે

અનાજના મુહાફિઝ અને ચોરની વાતચીત બદલાય ગઈ છે. પછી સરકાર ﷺએ وھو کذوب "તે મહાન જૂઠો છે" ફર્માવીને એ વાત પર દલીલ સંપૂર્ણ કરી કે **આપની નજર દિલની અંદરની હાલતને પણ જુએ છે.** આ **પાંચ સાક્ષી** થયા જે આપના "હાઝિરો નાઝિર" હોવા માટે દલીલ પૂર્ણ પાડે છે.

છેવટમાં હુઝૂર ﷺએ એ પણ સ્પષ્ટ કરી આપ્યું કે એ ચોર કોઈ માણસ નથી બલ્કે શૈતાન છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ત્રણ રાતોથી જે ચોરને પકડી રહ્યા હતા અને તેની સાથે વાતચીત પણ કરી રહ્યા હતા તેને હજી સુધી ઓળખી ન શક્યા કે કોણ છે ? પણ નિગાહે નબુવ્વતે ઈન્સાની લિબાસમાં છુપાયેલા શૈતાનને જોઈને ઓળખી લીધો. વિચાર કરો ! જે ચોરની પાસે હાજર હતો અને તેને જોતો (હાઝિરો નાઝિર) પણ હતો તે તો ન ઓળખી શક્યો, પણ હુઝૂર સૈયદે આલમ ﷺએ દૂર રહીને પણ એ રીતે તેને ઓળખી લીધો જેમ કે આપ તેને શૈતાનિયતનો લિબાસ બદલતાં જોઈ રહ્યા હોય.

આ રીતે આ હદીષમાં લખનારની ગણત્રી મુજબ **૧૮ ગવાહ** થયા જેનાથી આપના "હાઝિરો નાઝિર" હોવાની સાબિતી પૂરી પડે છે. વહાબી લોકોના દિલો પર જો આટલા ગવાહો ભારે પડે તો ઓછા કરી શકે છે ! પણ પોતાના હદીષ પર અમલના દાવાનું એટલુ તો માન તો સાચવે કે, "હાઝિરો નાઝિર"ના અક઼ીદાને શિર્ક કહીને આ હદીષથી ઉઘાડી રીતે મોં ફેરવીને ભાગે નહીં !

કિતાબ તથા સુન્નત અને ઉમ્મતના ઈજમાઅની આ ગવાહીઓ (સાક્ષીઓ) તથા નુસૂસ (કુર્આની દલીલો)થી ચમકતા દિવસની જેમ જાહેર તથા સાબિત થઈ ગયું કે હુઝૂર સૈયદે આલમ ﷺ "હાઝિરો નાઝિર" છે. **પરંતુ વહાબીઓએ એ સર્વ દલીલો (કુર્આન, હદીષ)ની પીઠ પાછળ નાખીને આ અક઼ીદાને શિર્ક ઠરાવ્યો છે !** તેમના ઈમામ (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) લખે છે :–

*"અને દરેક જગાએ "હાઝિરો નાઝિર" સમજવું અને તસર્રુફ (ફેર બદલ)ની શક્તિ સાબિત કરવી, તો આ વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે. ભલે પછી અલ્લાહથી નાનો જ સમજે અને તેની જ મખ્લૂક઼ અને તેનો જ બંદો. અને એ વાતમાં અવલિયા તથા અંબિયામાં અને જિન તથા શૈતાનમાં અને ભૂત તથા પરીમાં કાંઈ ફરક નથી. એટલે જેની સાથે કોઈ આ મામલો કરશે તે મુશ્રિક થઈ જશે, ચાહે અંબિયા તથા અવલિયા સાથે, ચાહે પીરો શહીદો સાથે, ચાહે ભૂત તથા પરી સાથે." (તક઼વિયતુલ ઈમાન, પેજ : ૮, ૯, પ્રથમ પ્રકરણ : તૌહીદ તથા શિર્કના બયાનમાં, રાશિદ કંપની, દેવબંદ) ...(ક્રમશઃ)*

પેજ 32 નું ચાલુ..

એના જવાબમાં અમે કહીએ છીએ કે, નેઅમત પર શુક્રગુઝારીનો હુકમ આપ્યો અને શુક્રને નેઅમતમાં વધારાનો સબબ દર્શાવ્યો. અને ફક્ર (ગરીબી) પર સબ્રનો હુકમ આપ્યો અને સબ્રને ઈજ્જતની અધિકતાનો સબબ દર્શાવ્યો. જેમ કે રબનો ઈર્શાદ છે. لَئِنۡ شَكَرۡتُمۡ لَاَزِيۡدَنَّكُمۡ (જો તમે શુક્ર કર્યો તો તમને ઔર અધિક આપીશ. સૂ. ઈબ્રાહીમ, ૧૪/૭) અને સબ્રના વિશે ફર્માવ્યું : اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيۡنَ (બેશક ! અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓ સાથે છે. સૂ. બકરહ, ૨/૧૫૩)

મતલબ એ છે કે દરેક તે નેઅમત જેની અસલ ગફલત છે, જ્યારે શુક્ર બજાવી લાવે છે તો આપણે ગફલતને તેની ગફલત ઔર વધુ કરી દઈએ છીએ. અને દરેક તે ફક઼ીરી જેની અસલ તકલીફો છે, જ્યારે સબ્ર કરે છે તો અમે કુર્બત (નઝદીકી) તેની નઝદીકી પર ઔર અધિક વધારી દઈએ છીએ. ....*(ક્રમશઃ)*

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

**બીજી સદીના મુજદ્દિદ ૮**

## હઝરત ઈમામ અબુલ હસન અલી ઈબ્ને ઈસ્માઈલ અશ્અરી رضی اللہ عنہ

**(હિ.સ. ૨૬૦ થી ૩૨૪)**

(કાર્યાલય)

**આપની કુન્નિયત :** અબુલ હસન.

**નામ :** અલી. પિતાનું નામ ઈસ્માઈલ હતું. વંશનો ક્રમ મશહૂર સહાબીયે રસૂલ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી મળે છે. પૂરો વંશનો ક્રમ આ પ્રમાણે છે : અબુલ હસન અલી બિન ઈસ્માઈલ બિન અબૂ બશર ઈસ્હાક્ બિન સાલિમ બિન ઈસ્માઈલ બિન અબ્દુલ્લાહ બિન મૂસા બિન બિલાલ બિન અબૂ બર્દા આમિર બિન અબૂ મૂસા અશ્અરી.

**જન્મ મુબારક :** આપનો જન્મ મુબારક બસરામાં થયો. વિલાદતની તારીખના બારામાં ઈતિહાસકારોએ બે કથનો વર્ણવ્યાં છે : હિ.સ. ૨૬૦ અને હિ.સ. ૨૭૦. *(તારીખે ઈસ્લામ, હવાદિષ વ દફયાત, હિ.સ. ૩૨૦, ૩૨૧, પેજ : ૧૫૪)*

આપનાં માએ આપના પિતા ઈસ્માઈલના મૃત્યુ બાદ અબૂ અલી જબાઈ મોઅતઝલીથી નિકાહ કરી લીધા હતા જે પોતાના સમયમાં મોઅતઝલા (ફિર્કા)ના ઈમામ અને મઝહબે એઅ્તેઝાલના ઝંડાધારી હતા. શયખ અબુલ હસન અશ્અરીએ તેમની જ ગોદમાં તર્બિયત (ઉછેર) પામી, અને ઘણા જ જલ્દી તેના વિશ્વાસુ અને જમણો હાથ બની ગયા. અબૂ અલી જબાઈ સારા મુદર્રિસ અને લેખક હતા પણ બહષ તથા મુનાઝરા પર અધિક પ્રભુત્વ ધરાવતા ન હતા. જ્યારે કે શયખ અબુલ હસન અશ્અરી શરૂઆતથી વાકપટુતાવાળા અને બહષ કરવાવાળા હતા. અબૂ અલી બહષ તથા મુનાઝરાના મોકા પર આપને આગળ કરી આપતા હતા, એ રીતે આપ ઘણા જ જલ્દી બહષની મજલિસોના પ્રમુખ સ્થાને બિરાજમાન થઈ ગયા. આ સર્વ બાબતોથી એવું જણાતુ હતું કે આપ અબૂ અલીના અનુગામી થશે અને મઝહબે એઅ્તેઝાલ (મોઅતઝલા)ના પ્રસાર તથા પ્રચારમાં પોતાની પૂરી જિંદગી વકફ કરી દેશે. પરંતું રબની મશિય્યતને કાંઈ અલગ જ મંજૂર હતું. જેમ કે આપની તબીઅતમાં એઅ્તેઝાલની પ્રતિક્રિયા (Reaction) પેદા થઈ, અને આપ મોઅ્તઝલાની અસ્થાને તાવીલો અને ગલત કયાસો (અટકળો)થી નફરત કરતા થઈ ગયા.

**એઅ્તેઝાલ (મોઅતઝલા મઝહબ)થી તૌબા કરવું :** પછી આપે એઅ્તેઝાલ (મોઅતઝલા ફિર્કા)થી રુજૂઅ કરી લીધું. આપના રજૂઅના બારામાં અહમદ બિન હુસૈન મુતકલ્લિમનું વર્ણન છે કે મેં મારા અમુક સાથીઓને કહેતાં સાંભળ્યા કે શયખ અબુલ હસન અશ્અરીને જ્યારે કલામે એઅ્તેઝાલમાં બેહદ મહારત થઈ ગઈ તો સબક્ દરમિયાન પોતાની ઉસ્તાઝથી વાંધો કરતા અને સંતોષકારક જવાબ ન પામતા, આ રીતે તે અસમંજસમાં પડી ગયા. ખુદ તેમનું બયાન છે કે એક રાતે મારા દિલમાં મોઅ્ઝલાના અકીદાઓના બારામાં દ્વિધા (ઉલઝન) પેદા થઈ ગઈ. **મેં ઉઠીને બે રકાત નમાઝ પઢી અને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે મને સીધો રસ્તો બતાવ અને સૂઈ ગયો.** ખ્વાબમાં નબી કરીમ علیہ السلامની ઝિયારત થઈ તો મેં આપને મારા મામલાની શિકાયત કરી. આપે ફર્માવ્યું, તમે મારી સુન્નતને અપનાવો. પછી હું જાગૃત થયો અને કલામ (અકીદાને લગતા) મસાઈલને કુર્આન તથા સુન્નત સમક્ષ રજૂ કર્યા. જેમને એના પ્રમાણે પામ્યા તેમને કબૂલ કર્યા અને તેમના સિવાયનાને છોડી આપ્યા. *(તબિય્યીન કિઝબુલ મુફતરી, ૧/૩૮, ૩૯)*

પછી આપે બસરાની જામેઅ મસ્જિદમાં મિમ્બર પર ચઢીને જાહેરમાં એઅ્તેઝાલ (મોઅ્તઝલા ફિર્કા)થી રુજૂઅ (તૌબા)નું એલાન કરતાં ફર્માવ્યું કે જે મને જાણે છે અને જે નથી જાણતા એને બતાવું છું કે હું અબુલ હસન અશ્અરી છું. હું મોઅ્તઝલી હતો, ફલાણા ફલાણા અકીદાને માનનારો હતો. હવે હું તૌબા કરું છું અને મારા પાછલા ખયાલોથી દૂર થાઉં છું. આજથી મારું કામ મોઅ્તઝલાની રદ અને તેમની કમજોરીઓ તથા ગલતીઓને જાહેર કરવાનું રહેશે. *(વફયાતુલ અઅ્યાન લિઈબ્ને ખલ્કાન, ૩/૨૮૫)*

એ રીતે જે શખ્સ કાલ સુધી મોઅતઝલાની જીભ અને તેમનો વકીલ (પ્રતિનિધિ) હતો તે અહલે સુન્નત વ જમાઅતનો પ્રવક્તા અને સૌથી મોટો સમર્થક બની ગયો, અને પોતાની બાકીની જિંદગી મોઅ્તઝલાનો રદ અને અહલે સુન્નતના અકીદાઓના સમર્થનમાં ખર્ચી કાઢી.

**આપના શાગિર્દો** : આપના ખાસ શાગિર્દો આ પ્રમાણે છે : ઈબ્ને મુજાહિદ, ઝાહિર, અબુલ હસન બાહિલી, અબુલ હસન અબ્દુલ અઝીઝ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક તિબરી, અબુલ હસન અલી ઈબ્ને મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ તિબરી, અબૂ જઅફર અશ્અરી અને બન્દાર ઈબ્ને હુસૈન. *(તારીખે ઈસ્લામ, હવાદિષો વફયાત ૩૨૧, હિ.સ. ૩૩, પેજ–૧૫૮)*

**તજદીદી કારનામાંઓ** : આપે આપનાં લેખન કાર્ય તથા તકરીરો થકી એઅ્તેઝાલ (મોઅ્તઝલીઓ)ની રદ કરી તેમનો ખાત્મો કરવામાં કોઈ કમી છોડી નથી. કિતાબ તથા સુન્નતની હકીકતો અને એહલે સુન્નતના અકીદાઓને અકલી દલીલોથી સજ્જ કર્યા. મોઅ્તઝલા તથા અન્ય ફિર્કાઓ સાથે એક એક મસ્અલા તથા એક એક અકીદાઓ તેમની જ બોલી તથા ઈસ્તેલાહોમાં બહષ કરીને અહલે સુન્નતની સચ્ચાઈ તથા હક્કાનિયતને ધોળા દિવસની જેમ જાહેર કરી આપી.

આપ ખુદ મોઅતઝલાની મજલિસોમાં જઈને તેના આગળ પડતા લોકોને મળીને તેમને સંતુષ્ઠ કરવા અને હક્ક સમજાવવાની કોશિશ કરતા હતા. કોઈએ આપને કહ્યું કે આપ બિદઅતવાળા લોકોને શા માટે મળો છો ? અને તેમની પાસે સામેથી ચાલીને શા માટે જાવ છો જ્યારે કે તેમનાથી દૂરી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે ?! આપે જવાબ આપ્યો કે, શું કરું તેઓ મોટા મોટા હોદ્દાઓ પર બિરાજેલા છે. કોઈ શહેરનો હાકિમ છે, કોઈ કાઝી છે. તેઓ તેમના હોદ્દા તથા પ્રતિષ્ઠાના કારણે મારી પાસે આવી શકતા નથી, જો હું પણ તેમની પાસે ન જાઉં તો હક્કનું પ્રદર્શન કેવી રીતે થશે ? અને તેમને કેવી રીતે જાણ થશે કે અહલે સુન્નતનો પણ કોઈ નાસિર તથા હામી અને દલીલોથી તેમના મઝહબને સાબિત કરનારો છે.

*(તબિય્યીને કિઝબુલ મુફતરી, ૧/૧૧૬)*

આમ તો આપ પ્રારંભથી જ સુવકતા, ખૂબ જ બહષ કરનારા અને મુનાઝરાનો સ્વભાવ ધરાવનારા હતા. આ આપનો ફિતરી શોખ તથા ખુદાદાદ ક્ષમતા (કાબેલિયત) હતી પણ ઈરફાને હક્ક અને તાઈદે ઈલાહીએ આપની એ કાબેલિયતો અને શક્તિઓને અધિક મજબૂતી બખ્શી અને તેમને કમાલના દરજા સુધી પહોંચાડી આપ્યા. આપ અકલિયાત અને ઈલ્મે કલામમાં મુજતહિદાના દિમાગના માલિક હતા. મોઅ્તઝલાના સવાલો તથા વાંધાઓના જવાબો એ આસાનીપૂર્વક આપ્યા હતા કે મહેસૂસ થતું હતું કે કોઈ અનુભવી, પૂરાણો અભ્યાસી અને વિદ્યાકલાનો નિષ્ણાત ઉસ્તાદ શરૂઆતના તાલિબે ઈલ્મોના સવાલોના જવાબ આપી રહેલ છે. આપના એક શાગિર્દે આપનાથી પોતાની પ્રથમ મુલાકાત તથા એક મજલિસનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે :–

"હું શીરાઝથી બસરા આવ્યો. મને અબુલ હસન

અશઅરીની ઝિયારતનો શોખ હતો. લોકોએ મને તેમનું ઠેકાણુ બતાવ્યું. હું આવ્યો તો આપ એક મુનાઝરાની મજલિસમાં હતા. ત્યાં મોઅતઝલાની એક જમાઅત હતી અને તે લોકો બોલી રહ્યા હતા. જ્યારે તેઓ ખામોશ થયા તો અબુલ હસન અશઅરીએ વાતની શરૂઆત કરી. એક એકને સંબોધીને કહ્યું, તમે આવું કહ્યું હતું, તમારો જવાબ આ છે. અને તમે આ વાંધો ઉઠાવ્યો હતો એનો જવાબ આ છે. ત્યાં સુધી કે આપે સૌનો જવાબ આપી દીધા. જ્યારે આપ મજલિસથી ઉઠયા તો હું પણ આપની પાછળ પાછળ ચાલવા લાગ્યો અને આપને ઉપરથી નીચે સુધી જોવા લાગ્યો. આપે ફર્માવ્યું, શું જુઓ છો ? મેં અર્ઝ કરી, જોઈ રહ્યો છું કે આપની કેટલી ઝબાનો છે ? કેટલા કાન છે ? અને કેટલી આંખો છે ? કે આપ સૌનું સાંભળો છો, સૌનું સમજો છો, અને સૌનો જવાબ આપો છો. આ સાંભળીને આપ હસી પડયા. *(મસ્દરે સાબિક઼, ૧/૯૫)*

આપના મોટાભાગના મુનાઝરા અબૂ અલી જબાઈ મોઅ્તઝલીની સાથે થયા જેમાં આપ છવાયેલા રહ્યા. જ્યારે આપની કિતાબો તથા મઝહબે અહલે સુન્નતની મદદ તથા સમર્થનમાં વધારો થયો તો એહલે સુન્નતથી માલિકી, શાફઈ તથા અમુક હનફી આપનાથી સંબંધિત થઈ ગયા. આ રીતે પૂર્વ તથા પશ્ચિમમાં અહલે સુન્નત આપની જ ઝબાનથી બોલવા લાગ્યા અને આપની જ દલીલો પેશ કરવા લાગ્યા. *(તબિય્યીને કિઝબુલ મુફતરી, ૧/૧૧૭)*

આપે ઈલ્મે કલામ (અક઼ીદાના ઈલ્મ)માં ઈમામતના દરજાએ બિરાજમાન હતા. બાદ મુતકલ્લિમીને આપની ખુદાદાદ દિમાગી શક્તિ, નુકતારસી (પોઈંટ કાઢવાની રીત) અને ઈલ્મી ગહરાઈ તથા મજબૂતીનો સ્વીકાર કર્યો છે. શયખ અબૂ ઈસ્હાક઼ અસ્ફરાઈનીનો પાયો કલામ તથા ઉસૂલમાં સિદ્ધ થયેલો છે, તે ફર્માવે છે : "હું (અબુલ હસન અશઅરીના શાગિર્દ) અબુલ હસન બાહિલી સમક્ષ એવો હતો જેમ કે સમુદ્રની સામે ટીપુ." અને શયખ બાહિલી કહે છે કે, "મારી હૈસિયત ઈમામ અબુલ હસન અશઅરી સામે એવી હતી જેમ કે સમુદ્રના બાજુમાં એક ટીપુ." *(મસ્દરે સાબિક઼, પેજ–૧૨૫)*

ક઼ાઝી અબૂબક્ર બાક઼લાનીને જેમને તેમના સમકાલિનોએ તેમની ફસાહત (ઉમદા સ્પીચ), ઉમદા તકરીર, લેખન શક્તિના કારણે "લિસાનુલ ઉમ્મત"નો લક઼બ આપ્યો હતો. કોઈએ કહ્યું કે આપનું કલામ અબુલ હસન અશઅરીના કલામ કરતાં વધુ ઉમદા અને બુલંદ હોય છે. તો તેમણે ફર્માવ્યું કે, "મારી સઆદત (ખુશનસીબી) એ જ છે કે હું અબુલ હસનના કલામને સમજી લઉં." *(મસ્દરે સાબિક઼, પેજ–૧૨૬)*

ઈમામ અબુલ હસન અશઅરીએ મોઅતઝલા અને મુહદ્દિષોની દરમિયાન એક મધ્યમમાર્ગી મસ્લક અપનાવ્યો. ન તો આપ મોઅતઝલાની જેમ બુદ્ધિના હદ વિનાના આજ્ઞાપાલન અને શક્તિના કાબેલ હતા અને અમુક પર મુહદ્દિષોના તથા હંબલીઓના જોશની જેમ દીનની મદદ તથા સમર્થન અને ઈસ્લામી અક઼ીદાઓની હિફાઝતના માટે બુદ્ધિનો ઈન્કાર અને તેની ઉપક્ષાને જરૂરી સમજતા હતા. બલ્કે આપ મોઅતઝલા ફિલોસોફીવાળા ઉલમાથી તેમની બોલી અને ઈલ્મી ઝબાનમાં ચર્ચા કરતા હતા જેનાથી મઝહબે હક્ક઼ અને અહલે સુન્નતના અક઼ીદાઓને મજબૂતી મળતી હતી.

આપ બાતિલ ફિર્કાઓની રદમાં સતત વ્યસ્ત રહ્યા જેનું પરિણામ એ આવ્યું કે તે ફિર્કાઓના કોપનો શિકાર પણ બન્યા, બલ્કે તે સખત વલણવાળા મુહદ્દિષો અને તે ચેતનાશૂન્ય હંબલીઓએ પણ આપને નિશાન બનાવ્યા જેમની નજીક એ ચર્ચાઓમાં હિસ્સો લેવો અને ફિલોસોફીઓની ઈસ્તેલાહાત (બોલીઓ)નો ઉપયોગ કરવો અને અકલી મસાઈલ

તથા બહષોમાં અકલી દલીલોથી કામ લેવું જ એક ગુમરાહીની વાત હતી.

આપ એ વાતને માનનાર હતા કે અક઼ીદાઓનો માખઝ (આધાર, રેફરન્સ) અને ઈલાહિયાત (તે ઈલ્મ જેમાં ખુદા તઆલાની ઝાત તથા સિફતો અને સંબંધી ચર્ચા કરવામાં આવે છે) તથા જમીન, આસ્માન, ચાંદ, તારા સંબંધીના મસાઈલના ઈલ્મે કલામનો શ્રોત કિતાબ તથા સુન્નત છે ન કે કેવળ બુદ્ધિ તથા ક઼યાસો (ધારણાઓ) અથવા યૂનાની ફિઝિક્સ વિશે જમીન આસ્માન વિશે તેમની માન્યતાઓ. તેમ છતાં આપ એ વાતથી સહમત ન હતા કે જમાનાની અસરો અથવા ફિલોસોફીની ભેળસેળથી અક઼ીદાના બારામાં જે મસાઈલ છેડાઈ ગયા છે જેના પરિણામે નિશ્ચિત ગૃપ તથા ફિર્ક઼ા બની ગયા છે તેમનાથી કેવળ એ કારણે મૌન અપનાવવામાં આવે કે હદીષમાં આ મસાઈલ તથા બહષો અને શબ્દો તથા બોલીઓનો ઉલ્લેખ નથી, કેમ કે એનાથી શરીઅતનો વક઼ાર નુકસાન પામે છે. એટલા માટે આપ એ હક઼ાઈક઼ તથા અક઼ાઈદની સાબિતિમાં સમર્થનના માટે બૌદ્ધિક દલીલો તથા ફિલોસોફીમય શબ્દો તથા બોલીઓનો ઉપયોગ કરવાને ન કેવળ જાઈઝ બલ્કે સમયના તકાઝાના કારણે જરૂરી સમજતા હતા.

સારાંશ આપે બંને ગિરોહો (ગૃપો)ની રઝામંદી તથા નારાજીથી બેપરવા થઈને દીનની મદદ તથા હિમાયતના માટે જે કાર્યપદ્ધતિને યોગ્ય સમજી તેમાં ખૂબ જ લગન તથા તનતોડ મહેનત સાથે વ્યસ્ત રહ્યા. આ રીતે આપની શક્તિ, શખ્સિયત, અક્લિયત તથા મુજતહિદાના દિમાગે મોઅતઝલા, ફિલોસોફીવાળા તથા અન્ય બાતિલ ફિર્ક઼ાઓના જાદૂને બાતિલ કરી દીધો અને સુન્નત તથા શરીઅતની સત્તા નવેસરથી સ્થાપિત કરી આપી, ઉખડી રહેલા ક઼દમોને જમાવી દીધા, અહલે સુન્નતના અક઼ીદાઓને અક઼લી દલીલોથી પુરવાર કર્યા જેના પરિણામે અહલે સુન્નતમાં એક નવો વિશ્વાસ તથા એક નવી જિંદગી પેદા થઈ અને તે લઘુતાગ્રંથી ખત્મ થઈ ગઈ જે અહલે સુન્નતની જડોને ઉધઈની જેમ કોતરી રહેલ હતી. મોઅતઝલા આપના મુક઼ાબલામાં હાર પામી ગયા, તેમને પોતાની હિફાઝત તથા પોતાના મઝહબના વજૂદ અને ભરમને બાકી રાખવાની ફિકર લાગી ગઈ.

**આપની કિતાબો :** ઈમામ અબુલ હસન અશ્અરીએ કેવળ બહષ તથા મુનાઝરા અને ઝબાની તક઼રીર તથા તફહીમ (સમજાવવા) પર સંતોષ નથી માન્યો બલ્કે બાતિલ અક઼ીદાઓની રદમાં અઝીમુશ્શાન તથા અમુલ્ય કિતાબો પણ લખી છે. કેટલાક સંપાદકોએ આપની કિતાબોની સંખ્યા ૨૫૦ થી ૩૦૦ સુધીની બતાવી છે. (તબિય્યીને કિઝ્બલ મુફતરી, ૧/૧૩૬) જેમનામાંથી મોટાભાગની મોઅતઝલા ફિર્ક઼ાની રદમાં અને અમુક અન્ય મઝહબો તથા ધર્મો અને ફિર્ક઼ાઓની રદમાં છે.

આપે અહલે સુન્નતના અક઼ીદા પ્રમાણે કુર્આને કરીમની તફસીર કરી. (હવાલો : ઉપર મુજબ) જે ઝહબીના કથનાનુસાર ત્રણ ભાગો પર આધારિત છે. આપની એક મહત્વની કિતાબ "અલ્ફસૂલ" છે જેમાં આપે નેચરી (ફિલોસોફીવાળા), દહરિયા (નાસ્તિક), હિંદુઓ, યહૂદીઓ, ઈસાઈઓ અને પારસીઓ (અગ્નિપૂજકો)નો રદ કર્યો છે. આ ઘણી જાડી (મોટી) કિતાબ છે અને બાર કિતાબોનો સમૂહ છે. *(તબિય્યીને કિઝ્બલ મુફતરી, ૧/૧૨૮)*

આપની અમુક મશહૂર કિતાબો આ પ્રમાણે છે :

اللمع . الموجز . ایضاح البرهان. التبیین عن أصول الدین. الشرح والتفصیل في الرد علی أهل الإفك والتضلیل۔

*(વફયાતુલ અઅ્યાન લિઈબ્નિ ખલકાન, ૩/૨૮૫)*

અક઼લી ઈલ્મો સિવાય વધુ પેજ 08 પર..

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ-દયાદરા**

## ★ માલદારીને ગનીમત જાણો મોહતાજીથી પહેલાં ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અગણિત નેઅમતોમાંથી એક મહાન નેઅમત માલ તથા દોલત છે. કોઈ શખ્સ માલથી બેનિયાઝ (બેપરવા) નથી રહી શકતો. અને જો માલ મળી જાય તો એની આફતોથી પોતાની જાતને બચાવી લેવી એ ઘણુ મુશ્કેલ કામ છે. માલથી તદન વંચિત રહેવું એ કદી કુફ્ર તથા શિર્ક સુધી પહોંચાડી આપે છે, અને ક્યારેક માલદાર થઈ જવું સરકશી તથા નાફર્માનીનો સબબ બની જાય છે. કાઈનાતની દરેક ચીજનો ખાલિક઼ અલ્લાહ પાક છે, તે જ દરેક ચીજનો માલિક છે, પરંતું ટેમ્પરરી તૌર પર તેણે આપણને ઘણી બધી ચીજોના માલિક બનાવી દીધા છે. હક઼ીક઼ી માલિક અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જ છે અને બંદાઓ તેની અતાથી મજાઝી માલિક છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત માલ આપીને બંદાઓને અજમાવે છે કે બંદાઓ મારા હુકમ પર મારી રાહમાં ખર્ચ કરે છે કે નહીં.

કુર્આને કરીમમાં છે :-

لَتُبْلَوُنَّ فِیْۤ اَمْوَالِكُمْ وَ اَنْفُسِكُمْ ۫ وَ لَتَسْمَعُنَّ مِنَ الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ مِنَ الَّذِیْنَ اَشْرَكُوْۤا اَذًى كَثِیْرًا ؕ وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ۝۱۸۶

"બેશક ! જરૂર તમારી આજમાઈશ થશે તમારા માલ તથા તમારી જાનોમાં, અને બેશક ! જરૂર તમે આગલા કિતાબવાળાઓ અને મુશ્રિકોથી ઘણુ બધુ બુરુ સાંભળશો, અને જો તમે સબ્ર કરો અને બચતા રહો તો એ ઘણી હિંમતનું કામ છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૮૬, કન્ઝુલ ઈમાન)*

રબ તઆલાનો ઈર્શાદ છે :-

وَ اعْلَمُوْۤا اَنَّمَاۤ اَمْوَالُكُمْ وَ اَوْلَادُكُمْ فِتْنَةٌ ۙ وَّ اَنَّ اللّٰهَ عِنْدَهٗۤ اَجْرٌ عَظِیْمٌ۝۲۸

"અને જાણી રાખો કે તમારા માલ અને તમારી ઔલાદ સૌ ફિત્નો છે અને અલ્લાહની પાસે મહાન સવાબ છે." *(સૂ. અન્ફાલ, આ. ૧૨૮, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવ્યું,

مَنْ كَانَ یُرِیْدُ الْحَیٰوةَ الدُّنْیَا وَ زِیْنَتَهَا نُوَفِّ اِلَیْهِمْ اَعْمَالَهُمْ فِیْهَا وَ هُمْ فِیْهَا لَا یُبْخَسُوْنَ۝۱۵

"જે દુનિયાની જિંદગી અને સજાવટ ચાહતો હોય અમે તેમાં તેનું સંપૂર્ણ ફળ આપી દઈશું અને એમાં કમી ન કરીશું." *(સૂ. હૂદ, આ. ૧૫, કન્ઝુલ ઈમાન)*

સૂરએ તકાષુરમાં છે :-

اَلْهٰىكُمُ التَّكَاثُرُ۝۱ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ۝۲ "તમને ગાફિલ રાખ્યા માલની અધિક તલબીએ, ત્યાં સુધી કે તમે કબરોનું મોં જોયું." *(સૂ. તકાષુર, આ. ૧-૨, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું :-

اَلْمَالُ وَ الْبَنُوْنَ زِیْنَةُ الْحَیٰوةِ الدُّنْیَا ۚ وَ الْبٰقِیٰتُ الصّٰلِحٰتُ خَیْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّ خَیْرٌ اَمَلًا۝۴۶

"માલ તથા પુત્રો એ જીવતી દુનિયાનો શણગાર છે અને બાકી રહેનારી સારી વાતો તેનો સવાબ તમારા રબને ત્યાં બેહતર અને ઉમદામાં સૌથી ભલી."

*(સૂ. કહફ, આ. ૪૬)*

**તફસીર :** (માલ તથા ઔલાદ) ક઼બ્ર તથા

આખેરતની રાહ માટે તોશો (ભાથુ) નથી. હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે માલ તથા ઔલાદ દુનિયાની ખેતી છે અને નેક અમલો આખેરતની. અને અલ્લાહ તઆલા પોતાના ઘણા બધા બંદાઓને આ સૌ અતા કરે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

નબી કરીમ ﷺના ફર્માનથી માખૂઝ ઈબ્ને મુનબ્બહનો કૌલ છે : ''નફ્સની ઈચ્છાઓને અનુસરવાથી દુનિયાની તરફ આકર્ષણ પેદા થાય છે, અને દુનિયા પ્રતિ આકર્ષાવાથી માલ તથા બડાઈની મહોબ્બત દિલમાં પેદા થાય છે. અને માલ તથા મોટાઈની મહોબ્બતથી હરામને હલાલ ઠરાવવાની નોબત આવી જાય છે, જ્યારે કે એનાથી અલ્લાહ નારાજ થાય છે. અને અલ્લાહનો ગઝબ તે બીમારી છે જેનો કોઈ ઈલાજ નથી. અને અલ્લાહની ખુશ્નુદી એવી દવા છે કે તેને કોઈ બીમારી લાગુ નથી થઈ શકતી.

## ★ તકલીફ પહોંચાડવાની મનાઈ ★

અમુક માલદારોને જોવામાં આવ્યા છે કે કોઈ ગરીબ તથા યતીમ તથા વિધવા વગેરેની મદદ કરી આપી. તો બીજાઓને એનો ઉલ્લેખ પોતાની નામના માટે કરવા લાગી જાય છે, જેને સંભાળીને તે ગરીબો, મિસ્કીનો વગેરેને તકલીફ થાય છે. કુર્આને એનાથી મના કર્યું છે. ઈર્શાદ છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ------------ واللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۲۶۴﴾

''હે ઈમાનવાળાઓ ! તમારા સદકા બાતિલ (બેકાર) ન કરી દો એહસાન રાખીને અને તકલીફ પહોંચાડીને એની જેમ જે પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચ કરે અને અલ્લાહ તથા કયામત પર ઈમાન ન લાવે તો એનું દષ્ટાંત એવું છે જેમ કે એક ચટ્ટાન કે એના પર માટી છે, હવે તેના પર જોશભેર પાણી પડયું જેણે તેને નર્યો પથ્થર કરીને છોડયો. પોતાની કમાણીથી કોઈ ચીજ પર કાબૂ ન પામશે, અને અલ્લાહ કાફિરોને રાહ નથી આપતો.

*(સૂ. બક્રહ, આ. ૨૬૪, કન્ઝુલ ઈમાન)*

**શાને નુઝૂલ :** આ આયત હઝરત ઉષ્માનગની અને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہماના હક્કમાં નાઝિલ થઈ. હઝરત ઉષ્માન رضی اللہ عنہએ ગઝવએ તબૂકના મોકા પર ઈસ્લામી લશ્કરના માટે એક હજાર ઊંટ સામાન લાદેલાં પેશ કર્યા. અને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ ચાર હજાર દિરહમ સદકાના બારગાહે રિસાલતમાં હાજર કર્યા અને અર્ઝ કરી કે મારી પાસે કુલ આઠ હજાર દિરહમ હતા તેમાંથી અડધા મેં મારા તથા મારાં બીવી બચ્ચાં માટે રાખી લીધા અને અડધા રાહે ખુદામાં હાજર છે. સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, જે તમે આપ્યું અને જે તમે રાખ્યું બંનેમાં અલ્લાહ તઆલા બરકત ફર્માવે.

એહસાન રાખવું તો એ છે કે આપ્યા બાદ બીજા લોકો સમક્ષ પ્રદર્શન કરે કે અમે તારી સાથે આવો આવો વર્તાવ કર્યો અને તેને રંજ આપે. અને તકલીફ આપવું એ છે કે તેને શરમ અપાવે કે તું નાદાર હતો, મુફલિસ હતો, મજબૂર હતો, નકામો હતો તો અમે તારી ખબરદારી કરી, અથવા અન્ય રીતે દબાવે, એ મના કરવામાં આવ્યું. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ તકલીફ ન પહોંચાડનારા બદલો પામશે ★

રબ ફર્માવે છે :–

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِىْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَاۤ اَنْفَقُوْا مَنًّا وَّ لَاۤ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۶۲﴾

''તેઓ જે પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે, પછી આપ્યા બાદ ન એહસાન રાખે ન તકલીફ આપે, તેમનો નેક (અજ્રો સવાબ) તેમના રબની પાસે છે અને

ન કાંઈ અંદેશો હોય ન કાંઈ ગમ.''

*(સૂ. બક્રહ, આ. ૨૬૨, કન્ઝુલ ઈમાન)*

ચાહે ખર્ચ કરવો વાજિબ હોય કે નફ્લ ભલાઈના દરેક રસ્તે આમ છે. ચાહે કોઈ તાલિબે ઈલ્મને કિતાબ ખરીદીને આપવામાં આવે અથવા કોઈ દવાખાનુ બનાવી દેવામાં આવે અથવા મૃત્યુ પામેલાના ઈસાલે સવાબ માટે તીજીયુ, દસમુ, વીસમુ કે ચાળીસાના રૂપે મિસ્કીનોને ખાણુ ખવડાવવામાં આવે. રબ ફર્માવે છે :–

قَوْلٌ مَّعْرُوْفٌ وَّ مَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَآ اَذًى ؕ وَ اللّٰهُ غَنِیٌّ حَلِيْمٌ ﴿۲۶۳﴾

''સારી વાત કહેવી અને દરગુઝર કરવું એ ખૈરાત કરતાં બેહતર છે. જેના બાદ સતાવવાનું હોય, અને અલ્લાહ બેપરવા હિલ્મવાળો (સંયમવાળો) છે.

*(સૂ. બકરહ, આ. ૨૬૩, કન્ઝુલ ઈમાન)*

## ★ સૌથી અધિક નુકસાન પામનારા ★

હઝરત સૈયદના અબૂ ઝર رضی اللہ عنہથી મરવી છે. આપ رضی اللہ عنہ ફર્માવે છે : હું નબી કરીમ صلی اللہ علیہ وسلمની પાસે પહોંચ્યો જ્યારે કે આપ صلی اللہ علیہ وسلم કાબતુલ્લાહ શરીફના સાયામાં બિરાજમાન હતા. જ્યારે આપ صلی اللہ علیہ وسلمએ મને જોયો તો ઈર્શાદ ફર્માવ્યો, રબ્બે કા'બાની કસમ ! તેઓ સૌથી અધિક નુકસાન પામનારા છે. હઝરત અબૂ ઝર رضی اللہ عنہ ફર્માવે છે, હું નજીક આવીને બેસી ગયો, જ્યારે આપ صلی اللہ علیہ وسلم વારંવાર એ જ ફર્માવતા જઈ રહ્યા હતા, ત્યાં સુધી કે મેં ઉભા થઈને અરજ પેશ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારાં મા બાપ આપના પર કુર્બાન ! એ કોણ લોકો છે ?! તો હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : તેઓ માલ દોલતની વિપુલતાવાળા હશે, પણ તેઓ જેઓ જમણે, ડાબે, આગળ, પાછળ ખર્ચ કરે, અને તેઓ ઘણા થોડા હશે. અને તેઓ જેઓ ઊંટ અથવા ગાય અથવા બકરીઓના માલિક હોય અને તેમની ઝકાત અદા ન કરે તો તે (જાનવર) કયામતના દિવસે પહેલાં કરતાં વધુ જાડા અને મોટા થઈને આવશે અને પોતાના માલિકને શિંગડાંથી મારશે અને ખરીઓ વડે કચડી નાખશે, ત્યાં સુધી કે સર્વ લોકોનો હિસાબ કિતાબ ખત્મ થઈ જશે.

*(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝકાત, બાબ તગ્લીતે અકૂબહ)*

## ★ માલવાળાઓની અજમાઈશ ★

فَاَمَّا الْاِنْسَانُ اِذَا مَا ابْتَلٰىهُ رَبُّهٗ فَاَكْرَمَهٗ وَ نَعَّمَهٗ ۙ فَيَقُوْلُ رَبِّیْۤ اَكْرَمَنِ ﴿۱۵﴾ ------------ وَ جِایْٓءَ يَوْمَىٕذٍۭ بِجَهَنَّمَ ۙ يَوْمَىٕذٍ يَّتَذَكَّرُ الْاِنْسَانُ وَ اَنّٰى لَهُ الذِّكْرٰى ﴿۲۳﴾

''પરંતુ માણસ તો જ્યારે તેને તેનો રબ અજમાવે કે તેને પ્રતિષ્ઠા તથા નેઅમત આપે ત્યારે તો કહે છે કે મારા રબે મને ઈજ્જત આપી. અને જો અજમાવે અને તેની રોજી તેના પર તંગ કરી આપે તો કહે છે, મારા રબે મને ખ્વાર (પરેશાન) કર્યો. એવું નથી, બલ્કે તમે યતીમની ઈજ્જત નથી કરતા અને આપસમાં એકબીજાને મિસ્કીનને ખવડાવવાનું પ્રોત્સાહન નથી આપતા, અને વારસાનો માલ હપ હપ ખાવ છો અને માલની અતિશય મહોબ્બત ધરાવો છો. હા ! હા ! જ્યારે જમીન ટકરાયને ટુકડે ટુકડા કરી દેવામાં આવે અને તમારા રબનો હુકમ આવે અને ફરિશ્તા હારોની હારમાં આવે અને તે દિવસે જહન્નમ લાવવામાં આવે, તે દિવસે માણસ વિચારશે, અને હવે તેને વિચારવાનો સમય ક્યાં ?!''

*(સૂ. ફજ્ર, આ. ૧૫ થી ૨૩, કન્ઝુલ ઈમાન)*

## ★ ખુદાની રાહમાં ખર્ચ કરવાનો અજરો સવાબ ★

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِیْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِیْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَ اللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۱﴾

''એનું દષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે, એ દાણાની જેમ છે જેણે ઉગાડી

સાત કંતીઓ (ડૂડાં) દરેક કંતીમાં સો દાણા, અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. અને અલ્લાહ વિશાળતાવાળો ઈલ્મવાળો છે.'' *(સૂ. બક઼રહ, આ. ૨૬૧, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવે છે :

وَ مَثَلُ الَّذِیۡنَ یُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمُ ابۡتِغَآءَ مَرۡضَاتِ اللّٰهِ وَ تَثۡبِیۡتًا مِّنۡ اَنۡفُسِهِمۡ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبۡوَةٍ اَصَابَهَا وَابِلٌ فَاٰتَتۡ اُكُلَهَا ضِعۡفَیۡنِ ۚ فَاِنۡ لَّمۡ یُصِبۡهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَ اللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ بَصِیۡرٌ ﴿۲۶۵﴾

''અને તેમનું દષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે અને પોતાના દિલ જમાવવા માટે, એ બાગ જેવી છે જે રેતીલી જમીન પર હોય તેના પર જોશભેર પાણી પડયું તો બમણા મેવા લાવ્યો. પછી જો જોરનો વરસાદ તેને ન પહોંચે તો તેને પૂરતો છે. અને અલ્લાહ તમારાં કામો જોઈ રહ્યો છે.'' *(સૂ. બક઼રહ, આ. ૨૬૫, કન્ઝુલ ઈમાન)*

## ★ એકતામાં ઈખ્લાસ છે ★

اَیَوَدُّ اَحَدُكُمۡ اَنۡ تَكُوۡنَ لَهٗ جَنَّةٌ مِّنۡ نَّخِیۡلٍ وَّ اَعۡنَابٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ۙ لَهٗ فِیۡهَا مِنۡ كُلِّ الثَّمَرٰتِ ۙ وَ اَصَابَهُ الۡكِبَرُ وَ لَهٗ ذُرِّیَّةٌ ضُعَفَآءُ ۚ ۖ فَاَصَابَهَاۤ اِعۡصَارٌ فِیۡهِ نَارٌ فَاحۡتَرَقَتۡ ؕ كَذٰلِكَ یُبَیِّنُ اللّٰهُ لَكُمُ الۡاٰیٰتِ لَعَلَّكُمۡ تَتَفَكَّرُوۡنَ ﴿۲۶۶﴾

''શું તમારામાં કોઈ એને પસંદ કરશે કે તેની પાસે એક બાગ હોય ખજૂરો તથા દ્રાક્ષોનો જેની નીચે નદીઓ વહેતી, તેના માટે તેમાં દરેક પ્રકારનાં ફળોથી છે અને તેને વૃધ્ધાવસ્થા આવી અને તેનાં અશક્ત બાળકો છે. તો આવ્યો એના પર એક વંટોળ જેમાં આગ હતી તો સળગી ગયો. એવું જ વર્ણન કરે છે અલ્લાહ તમારાથી પોતાની આયતો કે ક્યાંક તમે ધ્યાન કરો.'' *(સૂ. બક઼રહ, આ. ૨૬૬, કન્ઝુલ ઈમાન)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : ''આ મોમિન મુખ્લિસના અમલોનું એક દષ્ટાંત છે કે જેવી રીતે ઊંચા વિસ્તારમાં બેહતરીન બાગ દરેક સ્થિતિમાં ખૂબ ફૂલે ફળે છે ચાહે વરસાદ ઓછો હોય કે વધુ. એ જ પ્રમાણે ઈખ્લાસવાળા મો'મિનનો સદક઼ો અને ખર્ચ કરવું ભલે ઓછો હોય કે વધુ તે અલ્લાહ તઆલા તેને વધારે છે.''

## ★ રિયા તથા દેખાડો કરવાની બુરાઈ ★

وَ الَّذِیۡنَ یُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ رِئَآءَ النَّاسِ وَ لَا یُؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَ لَا بِالۡیَوۡمِ الۡاٰخِرِ ؕ وَ مَنۡ یَّكُنِ الشَّیۡطٰنُ لَهٗ قَرِیۡنًا فَسَآءَ قَرِیۡنًا ﴿۳۸﴾

''અને તેઓ જેઓ પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને ઈમાન નથી લાવતા અલ્લાહ અને ન કયામત પર. અને જેનો દોસ્ત શૈતાન હોય તો કેટલો બુરો દોસ્ત છે.'' *(સૂ. નિસાઅ, આ. ૩૮, કન્ઝુલ ઈમાન)*

## ★ મો'મિનની જાન તથા માલને ખરીદી લીધો ★

اِنَّ اللّٰهَ اشۡتَرٰی مِنَ الۡمُؤۡمِنِیۡنَ اَنۡفُسَهُمۡ وَ اَمۡوَالَهُمۡ بِاَنَّ لَهُمُ الۡجَنَّةَ ؕ یُقَاتِلُوۡنَ فِیۡ سَبِیۡلِ اللّٰهِ فَیَقۡتُلُوۡنَ وَ یُقۡتَلُوۡنَ ۟ وَعۡدًا عَلَیۡهِ حَقًّا فِی التَّوۡرٰىةِ وَ الۡاِنۡجِیۡلِ وَ الۡقُرۡاٰنِ ؕ وَ مَنۡ اَوۡفٰی بِعَهۡدِهٖ مِنَ اللّٰهِ فَاسۡتَبۡشِرُوۡا بِبَیۡعِكُمُ الَّذِیۡ بَایَعۡتُمۡ بِهٖ ؕ وَ ذٰلِكَ هُوَ الۡفَوۡزُ الۡعَظِیۡمُ ﴿۱۱۱﴾

''બેશક ! અલ્લાહે મુસલમાનોથી તેમના માલ તથા જાન ખરીદી લીધાં છે એ બદલા પર કે તેમના માટે જન્નત છે. અલ્લાહની રાહમાં લડે તો મારે અને મરે, તેના કરમના જિમ્મા પર સાચો વાયદો તૌરાત તથા ઈન્જીલ અને કુર્આનમાં, અને અલ્લાહથી અધિક ક઼ૌલનો પૂરો કોણ ? તો ખુશીઓ મનાવો પોતાના સોદાની જે તમે તેનાથી કર્યો છે. અને આ જ મહાન કામયાબી છે.'' *(સૂ. તૌબા, આ. ૧૧૧, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતનો શાને નુઝૂલ એ છે કે જ્યારે અન્સારે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી ઉક઼બાની રાતે બયઅત કરી તો અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ એ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમારા રબના માટે અને

આપના માટે કાંઈક શર્ત ફર્માવો જે આપ ચાહો. ફર્માવ્યું, હું મારા રબના માટે તો એ શર્ત કરું છું કે તમે તેની ઈબાદત કરો અને કોઈને એનો શરીક ન ઠરાવો, અને મારા માટે એ કે જે ચીજોથી તમે તમારા જાન તથા માલોને બચાવો તથા મેહફૂઝ રાખો છો તેને મારા માટે પણ માન્ય ન કરો. તેમણે અર્ઝ કરી કે, અમે એવું કરીએ તો અમને શું મળશે ? ફર્માવ્યું, જન્નત. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ આપણા માલોમાં ગરીબોનો હક્ક઼ ★

રબ ફર્માવે છે :–

وَفِیۡۤ اَمۡوَالِہِمۡ حَقٌّ لِّلسَّآئِلِ وَ الۡمَحۡرُوۡمِ ﴿۱۹﴾ "અને તેમના માલોમાં હક્ક઼ હતો માગનારાઓ તથા બેનસીબોનો." *(સૂ. ઝારિયાત, આ. ૧૯, કન્ઝુલ ઈમાન)*

**તફસીર** : માગનાર તો તે છે જે પોતાની હાજતના માટે લોકોને સવાલ કરે અને મેહરૂમ તે કે જે જરૂરતમંદ તો હોય પણ શરમના કારણે સવાલ ન કરે.

## ★ દુનિયા તથા દુનિયાના માલની હકીક઼ત ★

اِعۡلَمُوۡۤا اَنَّمَا الۡحَیٰوۃُ الدُّنۡیَا لَعِبٌ وَّ لَہۡوٌ وَّ زِیۡنَۃٌ وَّ تَفَاخُرٌۢ بَیۡنَکُمۡ وَ تَکَاثُرٌ فِی الۡاَمۡوَالِ وَ الۡاَوۡلَادِ ؕ کَمَثَلِ غَیۡثٍ اَعۡجَبَ الۡکُفَّارَ نَبَاتُہٗ ثُمَّ یَہِیۡجُ فَتَرٰىہُ مُصۡفَرًّا ثُمَّ یَکُوۡنُ حُطَامًا ؕ وَ فِی الۡاٰخِرَۃِ عَذَابٌ شَدِیۡدٌ ۙ وَّ مَغۡفِرَۃٌ مِّنَ اللّٰہِ وَ رِضۡوَانٌ ؕ وَ مَا الۡحَیٰوۃُ الدُّنۡیَاۤ اِلَّا مَتَاعُ الۡغُرُوۡرِ ﴿۲۰﴾

"જાણી લો કે દુનિયાની જિંદગી તો નથી પણ ખેલકૂદ અને એશ આરામ, અને તમારું આપસમાં બડાઈ મારવું અને માલ તથા ઔલાદમાં એકબીજા પર અધિકતા ચાહવું એ વરસાદની જેમ છે જેની ઉગાવેલ લીલોતરી કિસાનોને ગમી પછી સૂકાયું કે તું તેને પીળી જુએ, પછી ચગદાયેલ થઈ ગયું અને આખેરતમાં સખત અઝાબ છે અને અલ્લાહ તરફથી બખ્શિશ અને તેની રઝા, અને દુનિયાનું જીવન તો નથી પણ ધોકાનો માલ." *(સૂ. હદીદ, આ. ૨૦, કન્ઝુલ ઈમાન)*

આ તેના માટે છે જે દુનિયાનો જ થઈ જાય અને તેના પર ભરોસો કરી લે અને આખેરતની ફિકર ન કરે. અને જે શખ્સ દુનિયામાં આખેરતનો તાલિબ હોય અને દુનિયા સબબોથી પણ આખેરતના માટે જ સંબંધ રાખે તો એના માટે દુનિયાની કામયાબી આખેરતનો ઝરીયો છે. હઝરત ઝુન્નૂન رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, હે મુરીદોના ગિરોહ ! દુનિયા તલબ ન કરો, અને જો તલબ કરો તેનાથી મહોબ્બત ન કરો, તો શો (ભાથુ) અહીંથી લો આરામગાહ બીજે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ દુનિયાની બુરાઈ ★

یٰۤاَیُّہَا الَّذِیۡنَ اٰمَنُوۡا لَا تُلۡہِکُمۡ اَمۡوَالُکُمۡ وَ لَاۤ اَوۡلَادُکُمۡ عَنۡ ذِکۡرِ اللّٰہِ ۚ وَ مَنۡ یَّفۡعَلۡ ذٰلِکَ فَاُولٰٓئِکَ ہُمُ الۡخٰسِرُوۡنَ ﴿۹﴾

"હે ઈમાનવાળાઓ ! તમારા માલ ન તમારી ઔલાદ કોઈ ચીજ તમને અલ્લાહના ઝિક્રથી ગાફિલ ન કરે, અને જે એવું કરશે તો એ જ લોકો નુકસાનમાં છે. *(સૂ. મુનાફિકૂન, આ. ૯, કન્ઝુલ ઈમાન)*

## ★ મરતાં પહેલાં ખર્ચી નાખો ★

وَ اَنۡفِقُوۡا مِنۡ مَّا رَزَقۡنٰکُمۡ مِّنۡ قَبۡلِ اَنۡ یَّاۡتِیَ اَحَدَکُمُ الۡمَوۡتُ فَیَقُوۡلَ رَبِّ لَوۡ لَاۤ اَخَّرۡتَنِیۡۤ اِلٰۤی اَجَلٍ قَرِیۡبٍ ۙ فَاَصَّدَّقَ وَ اَکُنۡ مِّنَ الصّٰلِحِیۡنَ ﴿۱۰﴾ وَ لَنۡ یُّؤَخِّرَ اللّٰہُ نَفۡسًا اِذَا جَآءَ اَجَلُہَا ؕ وَ اللّٰہُ خَبِیۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۱﴾

"અને અમારા આપેલામાંથી કાંઈક અમારી રાહમાં ખર્ચ કરો એના પહેલાં કે તમારામાંથી કોઈને મૌત આવે, પછી કહેવા લાગે : હે મારા રબ ! તેં મને થોડી મુદ્દત માટે કેમ મોહલત ન આપી કે હું સદક઼ો આપત અને નેક લોકોમાં થાત. અને કદાપિ અલ્લાહ કોઈ જાનને મોહલત ન આપશે જ્યારે તેનો વાયદો આવી જાય. અને અલ્લાહને તમારાં કામોની ખબર છે."

*(સૂ. મુનાફિકૂન, આ. ૧૦, કન્ઝુલ ઈમાન)*

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક્બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૪)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰهِ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ ફકીરી તથા દુરવેશી ★

જાણવું જોઈએ કે અલ્લાહની રાહમાં દુરવેશીનું ઘણુ મહત્વ છે અને દુરવેશોને ઘણા ખતરાઓનો સામનો કરવો પડે છે, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :

**આયત–૧ :–**

لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ ضَرْبًا فِي الْاَرْضِ يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَآءَ مِنَ التَّعَفُّفِ

(એ ફકીરોના માટે જેઓ રાહે હક્કમાં રોકવામાં આવ્યા છે જમીન પર ચાલી નથી શકતા. નાદાન તેમને બચવાના સબબે તવંગર સમજે છે. સૂ. બકરહ, ૨/૨૭૩)

**આયત–૨ :–**

ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا مَّمْلُوْكًا لَّا يَقْدِرُ عَلٰى شَيْءٍ (અલ્લાહે એક દષ્ટાંત વર્ણવ્યું, એક બંદો બીજાની મિલ્કત (ગુલામ) છે, પોતે કશો અધિકાર ધરાવતો નથી. સૂ. નહલ, ૧૬/૭૫)

**આયત–૩ :–**

تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفًا وَّ طَمَعًا

(તેમની કરવટો (પાંસા) સૂવાની જગાઓએથી અલગ થાય છે અને પોતાના રબને પુકારે છે ડરતાં અને ઉમ્મીદ કરતાં કરતાં. સૂ. સજદા, ૩૨/૧૬)

નબી કરીમ ﷺએ પણ ફક્ર (ફકીરી) તથા તવક્કુલને પસંદ કર્યુ તથા અપનાવ્યું જેમ કે ફર્માવ્યું :–

اَللّٰهُمَّ اَحْيِنِيْ مِسْكِيْنًا وَاَمِتْنِيْ مِسْكِيْنًا وَاحْشُرْنِيْ فِيْ زُمْرَةِ الْمَسَاكِيْنِ

''હે ખુદા ! મને મિસ્કીની (ગરીબી)ની જિંદગી અતા કર, મિસ્કીનીમાં મૌત આપ અને મિસ્કીનોના ગિરોહમાં ઉઠાવ.''

સૈયદે આલમ ﷺનો ઈર્શાદ છે કે

કયામતના દિવસે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવશે : ''મારા મહબૂબોને મારી નજીક લાવો ! ફરિશ્તા અર્ઝ કરશે, કોણ તારા મહબૂબ છે ? અલ્લાહ ફર્માવશે, તે મિસ્કીન ફકીરો છે.''

આ પ્રકારની અતિ પ્રમાણમાં આયતો તથા હદીષો છે જે ખ્યાતિની હદે પહોંચેલી છે. તેની સાબિતીની જરૂરત નથી, અને ન સહીહ હોવાની દલીલોની જરૂરત છે, કેમ કે એક સમય એવો પણ ગુજર્યો છે કે ખુદ રસૂલુલ્લાહ ﷺ ફકીરો તથા મુહાજિરોમાં રહેતા હતા.

સહાબાએ કિરામની એક જમાઅત એવી પણ હતી જેમણે અલ્લાહ તઆલાને ઈબાદત તથા બંદગી અને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર રહેવા માટે સૌથી અલિપ્ત થઈને તમામ મામલાથી દૂરી અપનાવી લીધી અને પોતાની રોજી અલ્લાહની અતા પર છોડીને મસ્જિદે નબવી શરીફમાં રહેવાનું અપનાવી લીધું, ત્યાં સુધી કે હુઝૂરે અકરમ ﷺને તે સહાબાની સાથે સોહબત તથા રોકાણ માટે આદેશ કર્યો. જેમ કે હક્ક તઆલા ફર્માવે છે :–

وَ لَا تَطْرُدِ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَ الْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ ؕ

''અને દૂર ન કરો તેમને જેઓ સવાર સાંજ પોતાના રબને પુકારે છે અને તેની રઝા ચાહે છે.'' (સૂ. અન્આમ, ૬/૫૨) અને ફર્માવ્યું : وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ ۚ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ الدُّنْيَا ۚ ''અને તમારી આંખો દુનિયવી હયાતની ઝીનત ખાતર તેમને છોડીને કોઈ બીજા પર ન પડે.'' *(સૂ. કહફ, ૧૮/૨૮)*

ત્યારબાદ હુઝૂર ﷺનો નિયમ રહ્યો કે તે સહાબામાંથી કોઈ એકને જ્યાં પણ જોતા તો આપ ફર્માવતા, આ તે હઝરાત છે જેમના માટે અલ્લાહ તઆલાએ મને તાકીદ કરી છે.

## ★ ફકીરોનો દરજો ★

ખુદાની બારગાહમાં ફુક્રાનો ઘણો મકામ તથા મર્તબો છે. ખુદાએ તેમને ખાસ મંઝિલત તથા દરજ્જાની નવાઝ્યા છે. આ તે લોકો છે જેઓ જાહેરી તથા બાતિની સબબો સંબંધ ત્યજીને સંપૂર્ણપણે મુસબ્બિબુલ અસ્બાબ (સબબો પેદા કરનાર રબ) પર કનાઅત કરીને રહી ગયા છે. અને પોતે પોતાને ખુદાની નઝદીકી તથા તેની બંદગીના માટે વકફ કરી આપેલ છે. તેમનો આ ફક્ર (ફકીરી) તેમના માટે ગર્વનો સબબ બની ગયો છે, અને ફક્રની દૂરી પર આહોઝારી (રૂદન કાકલૂદી) અને તેના આગમન પર ખુશી તથા આનંદ પ્રદર્શિત કરે છે. આ હઝરાત ફક્ર તથા મિસ્કીનીથી જ જોડાયેલા રહે છે અને તેના સિવાય દરેક ચીજને તુચ્છ જાણે છે.

ફક્ર તથા મિસ્કીનીની નિરાલી શાન છે અને તેની રસમ અજીબ છે. હકીકી રસમ તથા ઈઝતેરાર (બેબસી) છે. તેની હકીકત ઈકબાલે ઈખ્તિયારી એટલે ખુશ ચહેરે ગરીબી તથા બેબસીને કબૂલ કરવું છે. જ્યારે મુરાદ પામી તો હકીકતથી ભેટી ગયો અને જે હકીકતથી ભેટી ગયો તે મૌજૂદાત (સંસારની સર્વ ચીજો)થી બેપરવા થઈ ગયો. રૂયતે કુલમાં ફનાએ કુલ્લી હાંસલ કરીને બકાએ કુલ્લીથી સરફરાઝ થઈ ગયો. مَنْ لَّمْ يَعْرِفْ سِوٰى رَسْمِهٖ لَمْ يَسْمَعْ سِوٰى اِسْمِهٖ. ''જેણે તેની રસ્મ સિવાય અન્ય રિવાજ ન પહેચાન્યો તેણે પોતાના નામ સિવાય અન્ય નામ ન સાંભળ્યું.''

ફકીર તથા દુરવેશ તે છે કે તેની પાસે કાંઈ ન હોય અને કોઈ ચીજ તેને ડિસ્ટર્બ ન કરે ન તે દુનિયાના સબબોની મૌજૂદગીથી માલદાર બને અને ન તેના હોવાથી મોહતાજ બને. દુનિયવો ચીજોનું હોવું તથા ન હોવું બંને તેની ફકીરીમાં એક સમાન છે, બલ્કે સબબો (દુનિયવી સામાનો)ની ગૈર હાજરીમાં અધિક

ખુશો ખુર્રમ રહેતો હોય. જવ્વાદ (અતિ સખી)ની એક હાલત આ છે, એટલા માટે મશાઈખે ફર્માવ્યું કે દુરવેશ જેટલા પ્રમાણમાં તંગદસ્ત હશે તેનો હાલ એટલા પ્રમાણ મુક્તિવાળો (રાહતવાળો) હશે. કેમ કે દુરવેશની નજીક દુનિયવી માલ સામાનનું જાહેરી વજૂદ પણ તંગદિલીનો સબબ હોય છે, ત્યાં સુધી કે તે કોઈ ચીજનો દરવાજો બંધ નથી કરતો, જો બંધ કરે તો એટલો જ એનો દરવાજો બંધ થઈ જાય છે. જેથી હક્ક઼ તઆલાની સાથે રોશન અસ્રાર (રાઝો) બેહતર હોય છે ન કે ગદ્દાર દુનિયાની સંગત. કેમ કે આ દુનિયા નાફર્માનોની જગા છે, તેના સબબો (માલ સામાન)થી સંબંધ રાખવો સહીહ નથી હોય શકતો. એટલા એ હઝરાત રઝાએ ઈલાહીની રાહમાં દુનિયવી સાઝો સામાનથી દૂર રહેવાની તાલીમ આપે છે.

**હિકાયત :** કોઈ બાદશાહ સાથે એક દુરવેશની મુલાકાત થઈ. બાદશાહે કહ્યું, જો તમને કોઈ હાજત હોય તો જણાવો. તેણે જવાબ આપ્યો કે હું મારા ગુલામોના ગુલામથી કાંઈ નથી માગતો. બાદશાહે પૂછ્યું, એ કેવી રીતે ? દુરવેશે કહ્યું, મારા બે ગુલામ છે અને એ બંને તારા માલિક છે : એક લાલચ અને બીજો ઉમ્મીદ તથા તમન્ના.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, الفقر عزٌ لاهله ફક઼ીરી તેના લાયકના માટે ઈજ્જતનો સબબ છે. એટલા માટે જે ચીજ તેના લાયકના માટે ઈજ્જતનો સબબ હોય છે તે ગૈર લાયક (અપાત્ર)ના માટે બેઈજ્જતીનો સબબ બની જાય છે. **ફક઼ીરની ઈજ્જત એમાં છે કે તે પોતે પોતાને નીચ હરકતોથી બચાવે અને પોતાના હાલને દખલથી મેહફૂઝ રાખે. ન શરીર ગુનાહ તથા નીચ હરકતમાં સપડાય અને ન જાન પર ખલેલ તથા આફ્ત આવે.** દુરવેશની જાહેરી હાલત જાહેરી નેઅમતોમાં ડૂબેલ અને બાતિની હાલત બાતિની નેઅમતોથી સજ્જ હોય છે જેથી તેનું શરીર રૂહાનિયત અને તેનું દિલ રબ્બાની અન્વારનો શ્રોત બની જાય, ન લોકો સાથે તેનો સંબંધ હોય અને આદમિયતની નિસ્બતથી બેનિયાઝ થઈ જાય, અને આ જહાનની મિલ્કતો અને આખેરતમાં દરજાઓની ખ્વાહિશથી દિલને તવંગરી હાંસલ ન થાય. અને એવું જાણે કે તેની ફક઼ીરીના ત્રાજવામાં બંને જહાન મચ્છરની પાંખના બરાબર પણ વજન નથી ધરાવતાં. દુરવેશની આવી હાલત બાદ તેનો એક શ્વાસ પણ બંને જહાનમાં સમાય શકશે નહીં.

## ★ ફક઼ીરી તથા માલદારીની અફઝલિયત વિશે ચર્ચા ★

મશાઈખે તરીક઼ત رحمۃ اللہ علیہم اجمعینનો એમાં મતભેદ છે કે મખ્લૂક઼ની ખૂબીઓમાંથી ફકીરી તથા માલદારીમાંથી કઈ ખૂબી અફઝલ છે. કેમ કે અલ્લાહ તઆલાની એક સિફત ગની છે, અને સર્વ સિફતોમાં કામિલ હોવું તેની વિશિષ્ટતા છે. જેમ કે મુતક઼દ્દિમીન (આગલા) મશાઈખોમાંથી હઝરત યહ્યા બિન મઆઝ રાઝી, અહમદ બિન અબૂ જવારી, હારિષ મહાસબી, અબુલ અબ્બાસ બિન અતા, અબુલ હસન બિન શમ્ઉન, અને પાછલા મશાઈખમાંથી શયખુલ મશાઈખ અબૂ સઈદ, ફઝલુલ્લાહ ઈબ્ને મુહમ્મદ અલ મુહૈની رحمۃ اللہ علیہم اجمعینનો મઝહબ એ છે કે ફક઼ (ગરીબી)થી ગના (માલદારી) અફઝલ છે. એ સર્વ મશાઈખની દલીલ એ છે કે ગના હક્ક઼ તઆલાની સિફત છે, એના (રબ) માટે ફક઼ની નિસ્બત જાઈઝ નથી. જેથી એવો મહબૂબ તથા દોસ્ત જેનામાં આવી સિફત (ખૂબી) એક સમાન હોય જે બંદા તથા મઅબૂદમાં જોવામાં આવે તે મહબૂબ તથા દોસ્ત આવી સિફતની સરખામણીમાં જેની નિસ્બત મહબૂબ તરફ કરવી જાઈઝ ન હોય, કામિલ હોય છે. તેના જવાબમાં અમે કહીએ છીએ કે આ ઈશ્તેરાક (મળતાપણુ) કેવળ શાબ્દિક તથા નામનુ છે ન કે મઅનવી તથા હક઼ીક઼ી.

જ્યારે કે અર્થમાં મળતાપણુ તથા ઈશ્તેરાક જરૂરી છે. (અને એ અશક્ય છે કેમ કે) અલ્લાહ તઆલાની સિફતો (ખૂબીઓ) ક઼દીમ (હમેશાંથી હમેશાં માટેની) છે અને મખ્લૂક઼ની હાદિષ (અન અસ્તિત્વમાંથી અસ્તિત્વમાં આવેલી). જેથી આ દલીલ કરવું બાતિલ છે. પરંતું હું અલી ઈબ્ને ઉષ્માન જલાબી (સૈયદના દાતા ગંજબખ્શ) કહું છું કે આ એક બેકારની બહષ છે. ગની ખુદાની સિફત છે અને એ જ એના પાત્ર છે. મખ્લૂક઼ાત (લોકો) હક઼ીક઼તમાં એ નામને પાત્ર નથી થઈ શકતી. **ઈન્સાન તો મોહતાજ તથા ફક઼ીર જ પેદા થયો છે. તેના માટે ફક્ર (ફક઼ીરી)નું નામ શોભા આપે છે.** મજાઝી એતબારથી ખુદા સિવાય કોઈને ગની કહેવામાં આવે તો જાઈઝ છે. અલ્લાહ તઆલા પોતાની જાતથી ગની છે, તે મુસબ્બિબુલ અસ્બાબ (સબબો પેદા કરનાર) છે. તેના ગના માટે ન કોઈ સબબ છે અને ન એના માટે કોઈ સબબની જરૂરત છે. બંદાને જે ગના (માલદારી) હાંસલ થાય છે તે ખુદાની અતા કરેલ અને સબબો પર નિર્ભિત છે. બંનેમાં સરખાપણા કે મળતાપણાની સામ્યતા બાતિલ છે. તેમજ જ્યારે અયન હક્ક઼ની જાતમાં ભાગીદારી જાઈઝ નથી તો કોઈને તેની સિફત (ખૂબી)માં પણ જાઈઝ નથી થઈ શકતી.

હવે રહ્યો શાબ્દિક અને ઈસ્મી (નામનો) ઈત્લાક઼, તો નામ તથા નિશાની તથા નિશ્ચિતતા માટે હોય છે, કેમ કે ખુદા અને મખ્લૂક઼ની વચ્ચે એક હદ આડી આવેલી છે (હુદૂષ વ ક઼ુદમની, એટલે પાછળથી પેદા થવું અને હમેશાંથી હોવુંની) એટલા માટે હક્ક઼ તઆલાનો ગના (ગની હોવું) એ છે કે તેને કોઈની પરવા નથી, જે ચાહે છે કરે છે, ન તો કોઈ તેના ઈરાદાને રોકી શકે છે અને ન કોઈ તેની કુદરતમાં રુકાવટ બની શકે છે, તે અઅ્યાન એટલે (મૌજૂદાત) સર્વ સંસારિક ચીજોને પલટવા અને વિવિધ ચીજોને પેદા કરવા પર શક્તિમાન છે, તે હમેશાંથી આ સિફતને ધરાવનારો છે અને હમેશાં રહેશે.

મખ્લૂક઼નો ગના (માલદારી)એ છે કે તેની જિંદગી દરેક આફતથી મેહફૂઝ, એશો આરામ અને ખુશી આનંદમાં પસાર થાય. અથવા મુશાહેદાએ ઈલાહીમાં સરશાર થઈને ચૈન તથા રાહતમાં ગુજરે. આ સર્વ વાતોમાં હુદૂષ (નવાપણુ, નવો ઉદ્ભવ થવો) તથા ફેરફાર અને તકલીફ તથા હસ્રત (વંચિત થવાની ભાવના, અફસોસ)નો સરમાયો અને આજીજી તથા ખાકસારીનો મક઼ામ કાર્યરત છે. જેથી ગના (માલદાર) શબ્દનો ઉપયોગ બંદાઓ માટે મજાઝ રૂપે છે, અને અલ્લાહ તઆલા માટે હક઼ીક઼ી રૂપે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :– (૧)

يَآيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى اللّٰهِ ۚ وَاللّٰهُ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿۱۵﴾

(હે લોકો ! તમે ખુદાના મોહતાજ છો, અને અલ્લાહ જ ખૂબીઓવાળો તથા સરાપા (સંપૂર્ણપણે) ગની છે. સૂ. ફાતિર, ૩૫/૧૫) અને ફર્માવે છે : (૨) وَاللّٰهُ الْغَنِيُّ وَاَنْتُمُ الْفُقَرَآءُ ۚ (અને અલ્લાહ જ ગની છે અને તમે મોહતાજ તથા ફક઼ીર. સૂ. મુહમ્મદ, ૪૭/૩૮)

અવામનો એક ગિરોહ કહે છે કે અમે માલદારને દુરવેશ પર ફઝીલત આપીએ છીએ એટલા માટે કે અલ્લાહ તઆલાએ તવંગરને બંને જહાનમાં સઈદ પેદા કર્યો છે અને તવંગરીનું એના પર એહસાન શું છે ? એ લોકોએ આ જગાએ ગના (તવંગરી)થી દુનિયાના માલની અધિકતા, માનવની આરઝૂઓનું પૂર્ણ થવું અને સરળતાપૂર્વક ખ્વાહિશોનું પૂર્ણ થવું મુરાદ લીધું છે. તેઓ દલીલમાં કહે છે કે, કેમ કે ખુદાએ માલદારી પર શુક્રગુઝારી અને મુફલિસી પર સબ્ર તથા ક઼નાઅત (થોડામાં રાજી થવા)નો હુકમ આપ્યો છે અને એ કે મુસીબતોમાં સબ્ર તથા કનાઅતની નસીહત કરી છે અને નેઅમતોમાં શુક્રનો હુકમ આપ્યો, જેથી મુસીબતો કરતાં નેઅમતો અફઝલ છે. વધુ પેજ 19 પર..

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૩)

**અઝ** : શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હદીષ–૧૦** : હઝરત સઈદ ઈબ્ને મુસૈય્યિબ ફર્માવે છે કે અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ નબી કરીમ صلی اللہ علیہ وسلمના માટે વઝીરની જેમ હતા. હુઝૂર صلی اللہ علیہ وسلم આપનાથી સર્વ મામલાઓમાં મશ્વરો લેતા હતા. તે ઈસ્લામમાં આપના ષાની હતા. તે બદરના દિવસે અરીશમાં આપના ષાની હતા. તે કબ્રમાં આપના ષાની થયા, અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કોઈને તેમનાથી આગળ સમજતા ન હતા. *(મુસ્તદરક હાકિમ, હદીષ નં. ૪૪૬૩)* ઝહબીએ કહ્યું : ફી રવાહ મજહૂલ.

**હદીષ–૧૧** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! તમે મારી ઉમ્મતમાં સૌથી પ્રથમ જન્નતમાં જશો. *(અબૂ દાઊદ, હદીષ–૪૬૫૨, મુસ્તદરક હાકિમ, હદીષ નં. ૪૫૦૦, ક઼ાલ સહીહ વ વક઼ફ઼હુઝ઼ ઝહબી)*

**હદીષ–૧૨** :હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : બેશક ! અલ્લાહ નાપસંદ કરે છે કે અબૂબક્રથી ખતા થાય. *(અલ મોઅજમુલ અવસત લિલ તબરાની કમા ફી મજમઉઝ઼ ઝવાઈદ, હદીષ નં. ૧૪૩૨૮, કન્ઝુલ ઉમ્માલ, ૧૧/૨૫૦)*

**હદીષ–૧૩** : હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાએ મને તમો લોકોની પાસે મોકલ્યો તો તમે કહ્યું તમે જૂઠા છો અને અબૂબક્ર કહેતા રહ્યા, તે સાચા છે. અને તેણે પોતાની જાન અને પોતાના માલ વડે મારી મદદ કરી. શું તમે લોકો એવું નથી કરી શકતા કે મારા યારને મારા માટે રહેવા દો ? *(બુખારી, હદીષ–૩૬૬૧, ૪૬૪૦)*

**હદીષ–૧૪** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા, જે શખ્સે પોતાના માલમાંથી એક જોડ અલ્લાહની રાહમાં આપી તેને જન્નતના દરવાજાઓએથી બોલાવવામાં આવશે, હે અલ્લાહના બંદા ! આ છે નેકી ! તો જો નમાઝીઓમાંથી હશે તેને નમાઝના દરવાજેથી બોલાવવામાં આવશે, અને જે જેહાદીઓમાંથી હશે તેને જેહાદના દરવાજેથી બોલાવવામાં આવશે, જે સદક઼ાવાળાઓમાંથી હશે તેને સદક઼ાના દરવાજેથી બોલવવામાં આવશે, જે રોઝાદારમાંથી હશે તેને રોઝાના દરવાજા બાબુર્રય્યાનથી બોલાવવામાં આવશે. અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કોઈ શખ્સને એ સર્વ દરવાજાઓએથી એકી સમયે પોકારવામાં આવવાની જરૂરત તો નથી પણ તેમ છતાંય શું કોઈ એવો શખ્સ હશે જેને સર્વ

દરવાજાઓએથી પોકારવામાં આવશે ? ફર્માવ્યું, હા ! અને મને ઉમ્મીદ છે કે, હે અબૂબક્ર ! તમે એમનામાંથી હશો. *(મુસ્લિમ, હદીષ–૨૩૭૧, ૨૩૭૨, બુખારી શરીફ, હદીષ–૧૮૯૭, ૨૮૪૧, ૩૨૧૬, ૩૬૬૬)*

**હદીષ–૧૫** : હઝરત ઉરવા બિન ઝુબેર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રને રસૂલુલ્લાહ ﷺ સાથે મુશ્રિકોના અતિ સખત મામલાના બારામાં પૂછયું તો તેમણે ફર્માવ્યું મેં ઉક્બા બિન અબી મુઈતને જોયો, તે નબી કરીમ ﷺની પાસે આવ્યો જ્યારે કે આપ નમાઝ અદા કરી રહ્યા હતા. તેણે પોતાની ચાદર આપના ગળામાં નાખીને આપનું ગળુ સખ્તીપૂર્વક દબાવ્યું. ઉપરથી અબૂબક્ર આવી ગયા તેમણે તેને દૂર કર્યો અને કહ્યું, શું તમે લોકો એ મર્દે ખુદાને કત્લ કરો છો જે કેવળ એ કહે છે કે મારો રબ અલ્લાહ છે, જ્યારે કે તે તમારી પાસે તમારા રબની તરફથી નિશાનીઓ લઈને આવ્યો છે ! *(બુખારી હદીષ–૩૬૭૮, ૩૮૫૬, ૪૮૧૫)*

આના જેવી હદીષોથી સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہએ સિદ્દીકે અકબર رضی اللہ عنہનું સર્વ લોકો કરતાં બહાદુર હોવા પર દલીલો કરી છે. *(તારીખુલ ખુલફા, પેજ–૩૨, અર્રિયાઝુન્નઝરહ, ૧/૩૮, અસ્સવાકુલ મુહર્રિકા, પેજ–૩૦)* એનું સમર્થન સિદ્દીકે અકબર رضی اللہ عنہનું રસૂલુલ્લાહ ﷺની વફાતના મોકા પર અડગ રહેવું, હઝરત ઓસામાવાળુ લશ્કર રવાના કરવું અને મુર્તદો સાથે જંગ કરવાથી પણ થાય છે.

**હદીષ–૧૬** : હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાની વફાત વખતની બીમારીમાં મને ફર્માવ્યું, અબૂબક્ર અને તમારા ભાઈને મારી પાસે કરનારો ખ્વાહિશ ન કરે અને કહેનારો કહેતો ન ફરે કે હું વધુ હક્કદાર છું, જ્યારે કે અલ્લાહ તથા સર્વ મો'મિનો (એટલે ફરિશ્તા) અબૂબક્ર સિવાય દરેકનો ઈન્કાર કરી રહ્યા છે. *(મુસ્લિમ, હદીષ–૬૧૮૧, અલ હદીષ સહીહ)*

ઉલમા ફર્માવે છે કે આ હદીષમાં સ્પષ્ટપણે દલીલો મૌજૂદ છે કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ તમામ સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن કરતાં અલલ ઈત્તલાક અફઝલ છે. قَالَ الْعُلَمَاءُ الخ *(તારીખુલ ખુલફા, પેજ–૫૨)*

**હદીષ–૧૭** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે એક માણસ જંગે ઓહદથી પરત થતી વેળા આપની પાસે આવ્યો અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મેં આજે રાતે ખ્વાબમાં એક સાઈબાન (સામિયાના) જોયો જેમાંથી ઘી તથા મધ ટપકી રહ્યું છે. હઝરત અબૂબક્રએ અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં માબાપ આપના પર ફિદા થાય, બખુદા ! આપ મને ઈજાઝત આપો કે હું એની તા'બીર કરું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એની તા'બીર વર્ણવો. અબૂબક્રએ અર્ઝ કર્યું, એ જે સાઈબાન છે એનાથી મુરાદ ઈસ્લામની છત્રી છે. અને એ જે ઘી અને મધનું ટપકવું છે, એનાથી મુરાદ કુર્આનની હલાવત (મીઠાશ) અને તેની નરમી છે. *(મુસ્લિમ, હદીષ–૫૯૨૮, ૫૯૨૯, બુખારી, હદીષ–૭૦૪૬, ૭૦૦૦, અબૂ દાઊદ, હદીષ–૩૨૬૭, ૩૨૬૯, ૪૬૩૩, ઈબ્ને માજહ, હદીષ–૩૯૧૮)* હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીન તાબઈ ફર્માવે છે કે આ ઉમ્મતમાં નબી કરીમ ﷺ પછી તા'બીરના સૌથી મહાન જાણકાર અબૂબક્ર رضی اللہ عنہ હતા. *(તારીખુલ ખુલફા, પેજ–૮૩, સવાઈકે મુહર્રિકા, પેજ–૩૪, અર્રિયાઝુન્નઝર, ૧/૫૯)*

**હદીષ–૧૮** : હઝરત જુબેર ઈબ્ને મુત્ઈમ رضی اللہ عنہ ફર્માવે છે કે એક સ્ત્રી નબી કરીમ ﷺની પાસે હાજર થઈ. આપે તેણીને ફરી કયારેક આવવાનો

હુકમ આપ્યો. તેણી કહેવા લાગી, જો હું આવું અને આપને ન પામું તો પછી ? જાણે કે તેણી વફાતની વાત કરી રહી હતી. આપ ﷺએ ફર્માવ્યું, જો મને ન પામો તો અબૂબક્રની પાસે આવજો. *(મુસ્લિમ, હદીષ-૬૧૭૯, ૬૧૮૦, બુખારી, હદીષ-૭૨૨૦, ૭૩૬૦, ૩૬૫૯, તિર્મિઝી, હદીષ-૩૬૭૬)*

**હદીષ-૧૯** : આપને સિદ્દીક્નો લક્બ પણ અલ્લાહ કરીમની તરફથી જિબ્રઈલે અમીન علیہ السلام થકી અતા થયો. *(મુસ્તદરક હાકિમ, હદીષ-૪૪૬૦)* વિલાયતનો સૌથી મહાન મર્તબો સિદ્દીક્યિતનો હોય છે. સિદ્દીકોની ઉપર અંબિયા હોય છે. જેમ કે કુર્આનમાં છે :

مِنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَ الصَّالِحِينَ અને અકબર ઈસ્મે તફઝીલ છે, જેનો અર્થ છે સૌથી મહાન. અલ્લાહુ અકબર માન્યા બાદ કોઈને ખુદાથી મોટો કહેવું જો દુરુસ્ત છે તો પછી બેશક ! સૈયદના અબૂબક્ર رضی اللہ عنہને પણ સિદ્દીકે અકબર માન્યા બાદ ''જાહેરી ખિલાફત'' તથા ''બાતિની (રૂહાની) ખિલાફત''નો ચક્કર ચલાવીને તેમને પાછળ કરી દો ?!

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને આસ્માન પર લઈ જવામાં આવ્યો તો હું જે આસ્માનથી પણ પસાર થયો, દરેક આસ્માન પર મારું નામ''મુહમ્મદ રસૂલુલ્લાહ'' અને મારા નામની પાછળ ''અબૂબક્ર સિદ્દીક્'' લખેલુ જોયું. *(મુસ્નદે અબી યઅલા, હદીષ-૬૬૦૦)* અલ્લામા સિયૂતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે કે આ હદીષ ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર, અનસ, અબી સઈદ, અબી દર્દા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી પણ મરવી છે, તેની અસ્નાદ ઝઈફ છે જે એકબીજાને મજબૂતી આપી રહી છે : يَشُدُّ بَعْضُهَا بَعْضاً *(તારીખુલ ખુલફા, પેજ-૪૮)* હદીષ સાબિત થઈ ગઈ.

એકવાર નબી કરીમ ﷺએ લોકોને સંબોધન કર્યું, આપ ધ્યાનિત થયા તો અબૂબક્ર નજર ન આવ્યા. આપે ફર્માવ્યું, અબૂબક્ર ! અબૂબક્ર !

اِنَّ رُوحَ الْقُدُسِ جِبْرِيلَ عَلَيْهِ السَّلَامُ أَخْبَرَنِي آنِفاً اَنَّ خَيْرَ اُمَّتِكَ بَعْدَكَ أَبُو بَكْرٍ الصِّدِّيقِ

''મને જિબ્રઈલે અમીન રૂહુલ કુદ્દુસ علیہ السلامએ ખબર આપી છે કે, ''આપની ઉમ્મતમાં આપના બાદ સૌથી અફઝલ અબૂબક્ર છે.'' *(તિબ્રાની અવસત, હદીષ-૬૪૪૮)* અલ્હદીષ ઝઈફ.

## શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)નો ભેગો ઉલ્લેખ

**હદીષ-૨૦** : હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારા પછી આ બંનેનું અનુસરણ (પયરવી) કરજો, અબૂબક્ર તથા ઉમર.

આ સૌ જાહેરી ખિલાફતથી ખૂબ જ પહેલાંની વાતો છે. તિબ્રાનીના શબ્દો આ પ્રમાણે છે : ''મારા બાદ અબૂબક્ર તથા ઉમરની પયરવી કરજો. બેશક ! આ બંને અલ્લાહની લાંબી રસ્સી છે, જેણે તેને પકડી લીધી તેણે મજબૂત રસ્સીને પકડી જે કદી નથી તૂટી શકતી. આ હદીષ કેટલીક સનદો સાથે રિવાયત કરવામાં આવી છે. *(સવાઈકે મુહર્રિકા, પેજ-૭૭)*

**હદીષ-૨૧** : ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, બેશક ! આસ્માનમાં બે ફરિશ્તા છે જેમનામાંથી એક સખ્તીથી હુકમ આપે છે અને બીજો નરમીથી હુકમ આપે છે, અને બંનેવ હક્ પર છે. એક જિબ્રઈલ છે બીજો મીકાઈલ અને બે નબી છે, જેમનામાંથી એક સખ્તીથી હુકમ આપે છે, બીજો

નરમીથી હુકમ આપે છે, અને બંને હક્ક઼ પર છે. અહીં આપે હઝરત ઈબ્રાહીમ તથા હઝરત નૂહ علیہما السلام નો ઉલ્લેખ કર્યો. અને મારા બે યાર છે, જેમનામાંથી એક સખ્તીથી હુકમ આપે છે અને બીજો નરમીથી હુકમ આપે છે, અને બંને હક્ક઼ પર છે. અહીં આપે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما નો ઉલ્લેખ કર્યો.

**હદીષ–૨૨** : હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, અબૂબક્ર તથા ઉમર આગલા તથા પાછલા જન્નતી વૃધ્ધોના સરદાર છે, નબીઓ તથા રસૂલોના સિવાય. હે અલી ! તેમને ન બતાવશો. *(તિર્મિઝી, હદીષ નં. ૩૬૬૬, ૩૬૬૫, ઈબ્ને માજહ, હદીષ નં. ૯૫, ઈબ્ને અબી શયબા, ૭/૪૭૩, મુસ્નદે અહમદ, હદીષ–૬૦૪, મુસ્નદે અબી યઅ્લા, હદીષ–૫૩૩, અલ મોઅજમુલ અવસત લિલ્ તિબ્રાની, હદીષ–૧૩૪૮)*

આ હદીષને સૈયદના અલી رضی اللہ عنہ સિવાય હઝરત અનસ, અબૂ જુહૈફા, જાબિર અને અબૂ સઈદ ખુદરી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن એ રિવાયત કરી. મુસ્નદે અહમદમાં સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ થી મરવી છે કે આપે ફર્માવ્યું : "આ બંને જન્નતી વૃધ્ધો તથા નવ યુવાનોના સરદાર છે." *(તિબ્રાની, હદીષ–૩૬૬૪, શરહે સુન્નહ, બાબુ ફઝ્લિ અબૂ બક્રો ઉમર, હદીષ–૩૮૯૬/ઈબ્ને માજહ, હદીષ–૧૦૦, ઈબ્ને હબ્બાન, હદીષ ૬૯૦૪, અલ મોઅજમુલ અવસત, હદીષ–૪૧૭૪/હદીષ–૮૮૦૮/ હદીષ–૪૪૩૧/હદીષ–૬૦૪)* અલ હદીષ સહીહ.

શાહ વલીયુલ્લાહ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ લખે છે : આ હદીષ શયખૈનની અફઝલિયત પર ઘણી સ્પષ્ટ હદીષ છે અને તેને રિવાયત કરનારા ખુદ મુર્તઝા છે. *(ઈઝાલતુલ ઈખ્ફા, ૧/૩૧૬)*

આ હદીષ મુસ્નદે અહમદમાં આ પ્રમાણે મૌજૂદ છે કે, સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે કે હું નબી કરીમ ﷺ ની પાસે હાજર હતો, ઉપરથી અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما આવી ગયા. નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, "હે અલી ! આ બંનેવ જન્નતી વૃધ્ધો તથા નવયુવાનોના સરદાર છે. નબીઓ તથા રસૂલોના બાદ." *(મુસ્નદે અહમદ, હદીષ–૬૦૪)*

સમાન્યતઃ અવામને કેવળ આ જ હદીષ સંભળાવવામાં આવતી રહી છે કે, "હસન તથા હુસૈન જન્નતી નવજવાનોના સરદાર છે." જયારે કે આ હદીષ તિર્મિઝી, ઈબ્ને માજહ તથા મુસ્નદે અહમદમાં મૌજૂદ છે, અને એ જ ત્રણ કિતાબોમાં શયખૈન (અબૂબક્ર, ઉમર)ની શાનમાં ઉપરોક્ત હદીષ પણ મૌજૂદ છે.પણ એક તરફી અને અસમતોલ મહોબ્બતે તેહકી઼ક઼નો ચહેરો બગાડીને રાખી દીધો અને લોકોમાં મશહૂર કરી દેવામાં આવ્યું કે, જન્નત દે વારિષ દેખો હૈદર દે લાલ બન ગયે, હવે બંને હદીષો સામે રાખ્યા બાદ સહીહ સ્થિતિ આ પ્રમાણે નિખરી કે :

*જન્નત દે વારિષ દેખો મદની દે યાર બન ગએ*
*જન્નત દે વારિષ દેખો હૈદર દે લાલ બન ગએ*

*(આમન્ના વ સદ્દક઼ના)*

અમુક મુન્કિરો એ સવાલ ઉઠાવે છે કે જન્નતમાં સૌ યુવાનો હશે તો પછી વૃધ્ધોના સરદાર હોવાનો શો મતલબ ? એનો જવાબ એ છે કે જન્નતી વૃધ્ધોથી મુરાદ તે જન્નતી છે જેઓ વૃધ્ધાવસ્થામાં મૃત્યુ પામ્યા, અને યુવાનોથી મુરાદ તે લોકો છે જેઓ યુવાનીમાં મૃત્યુ પામ્યા. જેમ કે હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "હદીષનો મતલબ એ છે કે આ બંને તે જન્નતી લોકોના સરદાર છે જેઓ દુનિયામાં વૃધ્ધાવસ્થાની હાલતમાં મૃત્યુ પામ્યા અને જેવી રીતે તેઓ વૃધ્ધોના સરદાર છે એવી જ રીતે યુવાનોના પણ સરદાર છે." *(અશિઅતુલ લમ્આત, ૪/૬૬૪)*

બીજુ અમે પૂછીએ છીએ કે જ્યારે જન્નતમાં સૌ યુવાન હશે તો પછી હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما ને નવયુવાનોના સરદાર કહેવાનો શો મતલબ ? નવયુવાનીની શર્ત શાથી ? ત્રીજુ, જો આ ફરક ન રાખવામાં આવે તો લાઝિમ ઠરશે કે હસ્નૈન કરીમૈન અંબિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના પણ સરદાર થશે, ખુદ નબી કરીમ ﷺ ના પણ અને મૌલા અલી رضی اللہ عنہ ના પણ !

**હદીષ–૨૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં દાખલ થયા અને આપની સાથે અબૂબક્ર તથા ઉમર હતા. એક આપની જમણી બાજુ હતા અને બીજા આપની ડાબી તરફ. આપે બંનેના હાથ પકડેલા હતા. ફર્માવ્યું, ''અમે કયામતના દિવસે આ પ્રમાણે ઉઠીશું.'' *(તિર્મિઝી, હદીષ–૩૬૬૯, ઈબ્ને માજહ, હદીષ–૯૯, મુસ્તદરક હાકિમ, હદીષ–૪૪૮૪)* અલ હદીષ હસન.

**હદીષ–૨૪** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બેશક ! બુલંદ દરજાવાળાઓને તેમનાથી નીચેવાળા લોકો એ રીતે જોશે જેવી રીતે તમે ચમકી રહેલા તારાઓને આકાશના ક્ષિતિજમાં ઊંચાઈ પર જુઓ છો. અને બેશક ! અબૂબક્ર તથા ઉમર તેમનામાંથી છે અને એ સૌથી વધુ ઈનામવાળા છે.

**હદીષ–૨૫** : હઝરત અબ્દુલ્લાહ બિન ખતબ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ અબૂબક્ર તથા ઉમરને જોયા તો ફર્માવ્યું, આ બંને કાન તથા આંખ છે. *(તિર્મિઝી, હદીષ–૩૬૭૧) (ક્રમશઃ)*

• • •


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત**

**૧×૨ અથવા ૨×૨ સ્લીપર કોચ દ્વારા જમવા-રહેવા સાથેનો પ્રવાસ**

## સ્પે. કાશ્મીર પ્રવાસ

**આખી ટીકીટ : રૂા. ૧૯,૦૦૧/-** | **પ્રવાસ સ્થળ** | **અડધી ટીકીટ : રૂા. ૧૦,૦૦૧/-**

**ઉદેપુર - કપાસણ - નાગોર - અમૃતસર (વાઘા બોર્ડર, સુવર્ણ મંદિર, જલીયાવાલા બાગ) - શ્રીનગર - સોનમાર્ગ - ગુલમર્ગ - પહેલગાવ - સરહિંદશરીફ - દિલ્હી - આગ્રા - ફતેપુરસીક્રી - અજમેર - જયપુર - પરત ધોળકા**

**પ્રવાસ દિવસ : ૧૬** | **બસ ઉપડશે તા. ૧૯–૫–૨૦૨૫ સોમવાર**

**બસ ઉપડવાનું સ્થળ : (૧) સ્વામિનારાયણ પેટ્રોલ પંપ પાસે ડભાણ, નડીયાદ, સમય : સાંજે ૪-૦૦ કલાકે. (૨) તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટસ પાસે, ધોળકા. જિ. અમદાવાદ, સમય : રાત્રે ૧૦-૦૦ કલાકે.**

**નોંધ :** (૧) પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૩૦૦/– મુસાફરના શીરે રહેશે. (૨) રૂા. ૫૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. (૩) બેંક, એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. (૪) શ્રીનગર સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૫) શ્રીનગરમાં હોટલ રૂમ બુકીંગ ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ ફાળવવામાં આવશે. (૬) દિલ્લી સાઈટસીન સ્વખર્ચે રહેશે. (૭) તા. ૨૪–૫–૨૫ અને ૩૦–૫–૨૫ અને ૪–૬–૨૫ સવારની ચા સ્વખર્ચે રહેશે. (૮) ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટીકીટ રહેશે, બે અડધી ટીકીટ વચ્ચે એક સોફો આપવામાં આવશે.

**આયોજક : શરીફખાન પઠાણ : (મો.) ૯૮૨૪૪ ૭૮૧૧૬**

Bank Name : State Bank of India, Dholka Branch | Bank Ac No. : 32996143540 | IFSC Code : SBIN0000364

# મધ્યમમાર્ગી હોવું મુસ્લિમ ઉમ્મતની ભલાઈનો સબબ

લેખક : મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

અનુવાદક : મૌલાના સલીમ ખત્રી નજમી મિસ્બાહી (ઉમલ્લા)

મુસ્લિમ ઉમ્મતની ખરાબ હાલતનું એક મુખ્ય કારણ એ છે કે તે સંતુલિત માર્ગથી હટી ચૂક્યા છે. કુર્આન મજીદ અને અહાદીષે નબવિય્યામાં વારંવાર સંતુલિત તથા મધ્યમ માર્ગ અપનાવવાની તાકીદ કરવામાં આવી છે. પછી તે અક઼ીદા હોય કે અમલો હોય કે રોજિંદા જિંદગીના મામલાઓ હોય દરેક જગ્યાએ આપણને સંતુલન (મધ્યમ માર્ગ અપનાવવા)નો હુકમ આપવામાં આવ્યો છે. કારણ કે જિંદગીનું સંતુલન વચલા માર્ગથી કાયમ રહે છે. કુર્આન મજીદમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : وَ کَذٰلِکَ جَعَلۡنٰکُمۡ اُمَّۃً وَّسَطًا "એ જ પ્રમાણે અમે તમોને એક દરમિયાની ઉમ્મત બનાવી છે." *(સૂ. બકરહ, આ. ૧૪૩)* આ આયત એ વાતની ગવાહી આપે છે કે ઉમ્મતે મુસ્લિમાને વચલા માર્ગ પર ચાલનારી ઉમ્મત ઠરાવવામાં આવી છે. સંતુલન અપનાવવુ અલ્લાહને ખૂબ પસંદ છે અને તેણે આ ઉમ્મતને આ અઝીમ ખાસિયતથી નવાજી છે અને તેને અપનાવવાની અત્યંત તાકીદ પણ ફર્માવી છે. કુર્આન તથા હદીષમાં જિંદગીના અનેક તબક્કામાં પણ સંતુલનની મહત્તા જાહેર કરવામાં આવી છે. જેમ કે જુવાનીનો દોર જે જિંદગીનો વચલો તબકકો છે, તેમાં ઈબાદત તથા નેક અમલની ખાસ એહમિયત છે. જો માનવ હોવાના તકાઝાના કારણે કોઈ ગુનો થઈ જાય અને બંદો અફસોસ સાથે તૌબા વ ઈસ્તિગ્ફાર કરી લે તો અલ્લાહ તઆલાને તેનો આ અમલ બેહદ પસંદ આવે છે.

કુર્આને કરીમની સૂરએ ફાતેહા જેને "ઉમ્મુલ કિતાબ" પણ કહેવામાં આવે છે. તેમાં રબ્બુલ ઈઝ્ઝતે તૌહીદ (અલ્લાહને એક માનવું)ના અકીદાના વર્ણન પછી બંદાઓને સંતુલિત માર્ગ પર કાયમ રહેવાની તાકીદ ફર્માવી છે. અને તેમને હુકમ આપ્યો છે કે દરેક સમયે તેની બારગાહમાં સંતુલન તથા વચલા માર્ગે ચાલવાની દુઆ કરતા રહે. ફર્માવે છે.

اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِیۡمَ ۙ صِرَاطَ الَّذِیۡنَ اَنۡعَمۡتَ عَلَیۡهِمۡ ۬ۙ غَیۡرِ الۡمَغۡضُوۡبِ عَلَیۡهِمۡ وَ لَا الضَّآلِّیۡنَ ۠

"અમોને સીધો રસ્તો બતાવ, રસ્તો તે લોકોનો જેમના ઉપર તેં ઈનામ આપ્યું, તે લોકોનો નહીં જેમના ઉપર તારો ગુસ્સો નાઝિલ થયો છે. અને જેઓ સંતુલિત માર્ગ થી ભટકી ગયા છે." *(સૂ. ફાતિહા, આ. ૬૭)* મુફસ્સિરીને કિરામનો એના ઉપર ઈત્તેફાક઼ (એકમતી) છે કે આયતે કરીમામાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે الۡمَغۡضُوۡبِ عَلَیۡهِمۡ وَ لَا الضَّآلِّیۡنَના વડે યહૂદી તથા ઈસાઈ તરફ ઈશારો ફર્માવ્યો છે. કારણ કે આ લોકો સંતુલન તથા મધ્યમ માર્ગથી હટીને આઘા પાછા થઈ ચૂકયા હતા જેના પરિણામે તેઓ હકના રસ્તાથી ભટકી ગયા અને તેમના ઉપર અલ્લાહનો ખાસ ગઝબ નાઝિલ થયો. તેમજ કુર્આન કરીમની બીજી ઘણી આયતો અને હદીષો આપણને જિંદગીના દરેક ભાગમાં સંતુલન તથા વચલા માર્ગની તા'લીમ આપે છે. અને મધ્યમમાર્ગીપણાથી સખ્તી સાથે મનાઈ કરે છે, પછી તે ખર્ચ કરવાનો મામલો હોય, આપણો અવાજ હોય, ચાલવા ફરવાનો તરીકો હોય કે પછી બીજા મામલા હોય. દરેક જગ્યાએ સંતુલન ખૂબ જ જરૂરી છે. ખર્ચ કરવામાં સંતુલનની મહત્તા ઉપર

અલ્લાહ ફર્માવે છે :–

وَالَّذِیۡنَ اِذَاۤ اَنۡفَقُوۡا لَمۡ یُسۡرِفُوۡا وَ لَمۡ یَقۡتُرُوۡا وَ کَانَ بَیۡنَ ذٰلِکَ قَوَامًا

"આ તે લોકો છે કે જ્યારે ખર્ચ કરે છે તો ન ફુઝૂલ ખર્ચો કરે છે અને કંજૂસી ન કરે છે, બલ્કે બંનેની વચ્ચે સંતુલનથી ખર્ચ કરે છે." (સૂ. ફુર્કાન, ૬૭) એ જ પ્રમાણે સૂરએ બની ઈસ્રાઈલની ૨૭મી આયતમાં ફુઝૂલ ખર્ચી કરવાવાળાઓને શૈતાનના ભાઈ ઠરાવ્યા છે. اِنَّ الۡمُبَذِّرِیۡنَ کَانُوۡۤا اِخۡوَانَ الشَّیٰطِیۡنِ "બેશક ! ફુઝૂલખર્ચી કરવાવાળા શૈતાનના ભાઈ છે." *(સૂ. ઈસ્રા, ૧૭/૨૭)* આ આયતો આપણને ખર્ચ કરવામાં પણ કરકસર કરવાની તાલીમ આપે છે. નબીએ કરીમ ﷺએ પણ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَની એ જ રીતે તાલીમ તથા તર્બિયત ફર્માવી છે. એક જગ્યાએ ફર્માવ્યું કે, **જેણે કરકસર કરી તે ક્યારેય મુફલિસ નહીં થાય.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું, ખર્ચ કરવામાં મધ્યમમાર્ગી હોવું અડધુ જીવન છે. હઝરત લુકમાન علیہ السلامએ પોતાના દિકરાને નસીહત ફર્માવી : وَاقۡصِدۡ فِیۡ مَشۡیِکَ وَ اغۡضُضۡ مِنۡ صَوۡتِکَ "પોતાની ચાલમાં સંતુલન રાખો અને પોતાનો અવાજ નીચો રાખો." *(સૂ. લુકમાન, ૧૯)* એ જ રીતે ઈમાન અકીદામાં પણ વચલો માર્ગ અપનાવવાની તાકીદ કરવામાં આવી છે. હદીષમાં છે : اَلۡاِیۡمَانُ بَیۡنَ الۡخَوۡفِ وَالرَّجَاءِ "ઈમાન ખૌફ અને ઉમ્મીદની વચ્ચે છે."

આ જ વચલો માર્ગ અને સંતુલનનો માર્ગ આપણને શ્રેષ્ઠ ઉમ્મત બનાવે છે. પરંતુ અફસોસની વાત છે કે આજે ઉમ્મતે વચલો માર્ગ છોડી દીધો છે. ઈબાદત, દોલત અને રોજિંદા જીવનની બાબતોમાં મર્યાદા ઓળંગવામાં આવી રહી છે. લગ્ન પ્રસંગે બિન જરૂરી ખર્ચ કરવામાં આવે છે, પરંતુ જ્યારે અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનો વારો આવે છે ત્યારે લોકો હાથ ખેંચી લે છે. તમામ મુસલમાનોને મારો એ જ સંદેશ છે કે તેઓ પોતાની જિંદગીમાં વચલો માર્ગ અપનાવે, પોતાનાં કામો અને ખર્ચમાં મધ્યમમાર્ગીપણુ અપનાવે જેથી કેવળ દુનિયાવી જીવન જ નહીં પરંતુ આખિરતમાં પણ સફળતા મળે. અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે આપણને દરેક હાલતમાં મધ્યમ માર્ગ અપનાવવાની તોફીક બખ્શે, ખાસ કરીને શાદીઓમાં કરવામાં આવનારી ફુઝૂલખર્ચીથી આપણને મેહફૂઝ રાખે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૨૫)*

✦ ✦ ✦


**:: ક઼ાદરી સુન્ની કમિટી ::**

C/o. **હઝરત સૈયદ પીર સફીયુલ્લાહ બાવા દરિયાઈ અશરફી,** ૭ અતાએ શાહે આલમ અમ્માર ટેનામેન્ટ, દેના બેંક લેન, વિશાલા સર્કલ પાસે, સરખેજ રોડ, અહમદાબાદ–૩૮૦૦૫૫.

મજકૂર સંસ્થા દીની સુન્ની સાહિત્યના પ્રચાર માટે, સુન્નીઓના અક઼ીદાની મજબૂતી તથા અમલોની સુધારણા માટે જરૂરી કિતાબો અહલે સુન્નતના મહાન ઉલમા બુઝુર્ગોની લખેલ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરી રહી છે. તેને આપ આપની લિલ્લાહ રકમ મર્હૂમોના સવાબ અર્થે તેમજ ઝકાત, સદક઼ા, ફિત્રા વગેરે આપી જરૂરથી સહાય કરશો. **Mo. 99137 68553**

# પુરસુકૂન જિંદગી
## ગુજારવા ચાહો છો ?!

કાર્યાલય

સમાજની તે સામાન્ય બીમારીઓ, બુરાઈઓ, પરેશાનીઓ અને ઉદાસીઓનો ઈલાજ જેમાં લગભગ દરેક વ્યક્તિ સપડાયેલ છે.

### *(નિયમ નંબર : 01)*
### ★ પોતાને સર્વ કાંઈ સમજવું (આત્મદર્શન) ★

કાંઈ કર્યા વિના પ્રશંસા સાંભળવાની આદત બેહદ નુકસાનકર્તા છે. જે ખૂબી પોતાનામાં મૌજૂદ ન હોય તે ખૂબી થકી પોતાના માટે વખાણને પસંદ કરવું પણ રૂહાની જિંદગી માટે બર્બાદી છે. આવી ખુદપસંદીની બીમારીમાં સપડાયેલ શખ્સ ઈખ્લાસની દૌલતથી મેહરૂમ હોવાની સાથોસાથ નિફ઼ાક઼ (મુનાફ઼િક઼પણા) જેવી હલાક કરનારી બીમારીમાં સપડાય જાય છે.

રબ તઆલાનો ઈર્શાદ છે :–

لَا تَحْسَبَنَّ الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّ يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ وَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۸۸﴾

"કદાપિ ન સમજશો તેમને જેઓ ખુશ થાય છે પોતાના કર્યા પર અને ચાહે છે કે કર્યા વિના તેમની તારીફ થાય એવાઓને કદાપિ અઝાબથી દૂર ન જાણશો, અને તેમના માટે દર્દનાક અઝાબ છે."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮૮, કન્ઝુલ ઈમાન)*

જબરદસ્તી અધિક સાફ઼ સુથરા બનવાનો શો ફ઼ાયદો ? થોડીકવારની સસ્તી નામના અને મક઼સદ વિનાની ઈજ્જતથી નફ઼્સને ટેમ્પરરી સુકૂન મળી જશે પણ ફ઼ૈસલો તો છેવટે એ જ હક઼ીક઼તના પ્રમાણે થવાનો છે જેનાથી અલ્લાહ બાખબર છે.

રબનો ઈર્શાદ છે :

فَلَا تُزَكُّوْٓا اَنْفُسَكُمْ ؕ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى ﴿۳۲﴾

"તો પોતે પોતાની જાનોને સુથરી ન બતાવો, તે સારી રીતે જાણે છે જેઓ પરહેઝગાર છે."

*(સૂરએ નજ્મ, આ. ૩૨)*

સસ્તી ખ્યાતિ અને ઈજ્જતનો તાલિબ વિના કારણે પરેશાન રહે છે. એવા શખ્સને કદી જો ઈજ્જત મળી પણ ગઈ તો ક્યારેક છુપાવેલાના જાહેર થયા બાદ ઝલીલ તથા બેઈજ્જત પણ થાય છે. અને વળી આ ચીજ સવાર સાંજ દિલો દિમાગને બેચેન કરે છે. દિલો દિમાગના સુકૂનના માટે એ ખયાલ ધરાવતો હોવું જરૂરી છે કે જો કોઈને ખરેખર ખૂબીના કારણે ઈજ્જત તથા તારીફ઼ નસીબ થઈ રહી છે તો અલ્લાહનો ફ઼ઝ્લ સમજીને અલ્લાહનો શુક્ર અદા કરે અને જો કોઈ ન પામેલા કમાલના આધાર પર પ્રશંસા થઈ રહી છે તો નફ઼્સને તેનો આદી બનાવવાના બદલે પોતાની જાતને તેના પાત્ર બનાવવું દાનિશમંદી છે, નહીં તો એવી પ્રશંસા સાંભળવાથી બહેરા થઈ જવું બેહતર છે.

કુર્આન મજીદની એક આયત આ બારામાં બેહદ હોસલો વધારનાર અને પ્રોત્સાહિત કરનારી તથા સુકૂન આપનારી છે : بَلِ الْاِنْسَانُ عَلٰى نَفْسِهٖ بَصِيْرَةٌ ﴿۱۴﴾ "દરેક શખ્સ પોતાની હક઼ીક઼તથી બાખબર છે."

*(સૂરએ કિ઼યામહ, આ. ૧૪)*

આ પુર સુકૂન જિંદગીનું એક બંધારણ છે જેને જિંદગીનો વિર્દ અને સવાર સાંજનો વઝીફ઼ો બનાવી લેનારો હમેશાં દિલી તથા દિમાગી સુકૂન (સંતોષ)થી માલામાલ રહેશે.

### (નિયમ નંબર : ૦૨)

### ★ બિન જરૂરી ચીજો પર ધ્યાન ન આપવું ★

અગણિત લોકોની દિમાગી ઉલઝનનું કારણ નિરર્થક વાતો પર ધ્યાન આપવું છે. ફલાણો અમારા બારામાં આવું કહેતો હશે અથવા આવું વિચારતો હશે. બસ ! આ જ પ્રકારની સંભાવનાઓ ધારણાઓમાં જિંદગીનો કિંમતી સમય ખર્ચાય જાય છે. પુર સુકૂન જિંદગીના માટે એ રીતનું મન બનાવવું જરૂરી છે કે કેવળ લક્ષ્ય પર ધ્યાન આપવાનું છે અને જે ચીજ આપણા લક્ષ્યથી સંબંધિત નથી તેના પર ધ્યાન આપવાનુ નથી. અલ્લાહ તબારક વ તઆલા પોતાના મહબૂબ ﷺથી ખિતાબ કરતાં ફર્માવે છે :

فَاصۡدَعۡ بِمَا تُؤۡمَرُ وَ اَعۡرِضۡ عَنِ الۡمُشۡرِکِیۡنَ﴿۹۴﴾ ''તો જાહેરમાં કહી દો જે વાતનો તમને હુકમ છે, અને મુશ્રિકોથી મોં ફેરવી લો. *(સૂરએ હજર, આ. ૯૪, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે એક જગાએ અધિક આદેશ આપ્યો :

خُذِ الۡعَفۡوَ وَ اۡمُرۡ بِالۡعُرۡفِ وَ اَعۡرِضۡ عَنِ الۡجٰہِلِیۡنَ﴿۱۹۹﴾

''હે મહબૂબ ! માફ કરવાનું અપનાવો અને ભલાઈનો હુકમ આપો અને જાહિલોથી મોં ફેરવી લો.''

*(સૂરએ અઅ્રાફ, આ. ૧૯૯, કન્ઝુલ ઈમાન)*

બંને આયતોમાં રહ્મતે આલમ ﷺને નિરર્થક તથા લક્ષ્યથી દૂર કરનારી ચીજો પરથી ધ્યાન હટાવવા અને હેતુ પર ધ્યાન આપવાનો હુકમ આપ્યો એ જ અસલ પર અમલ કરતાં રહ્મતે આલમ ﷺએ જિંદગી ગુજારી જેનું પરિણામ ફતહે મક્કાના પ્રસંગે સામે આવ્યું.

કુર્આને મજીદ ફુર્કાને હમીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ ઠેક ઠેકાણે ઈમાનવાળાઓની એ શાન વર્ણવી કે હેતુથી દૂર કરવાવાળી ચીજોથી પોતે પોતાને બચાવતા રહે છે. અમુક આયતો જોઈ લો :

وَ الَّذِیۡنَ ہُمۡ عَنِ اللَّغۡوِ مُعۡرِضُوۡنَ﴿۳﴾ ''અને તે જેઓ કોઈ બેહૂદા વાત તરફ આકર્ષાતા નથી.''

*(સૂરએ મુઅ્મિનૂન, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

وَ اِذَا سَمِعُوا اللَّغۡوَ اَعۡرَضُوۡا عَنۡہُ وَ قَالُوۡا لَنَاۤ اَعۡمَالُنَا وَ لَکُمۡ اَعۡمَالُکُمۡ ۫ سَلٰمٌ عَلَیۡکُمۡ ۫ لَا نَبۡتَغِی الۡجٰہِلِیۡنَ﴿۵۵﴾

''અને જ્યારે બેહૂદા વાત સાંભળે છે તેનાથી ઉપેક્ષા કરે છે અને કહે છે, અમારા માટે અમારા અમલ અને તમારા માટે તમારા અમલ, બસ ! તમારા પર સલામ, અમે જાહિલોથી મતલબવાળા નથી.''

*(સૂરએ ક઼સ઼સ઼, આ. ૫૫, કન્ઝુલ ઈમાન)*

وَ الَّذِیۡنَ لَا یَشۡہَدُوۡنَ الزُّوۡرَ ۙ وَ اِذَا مَرُّوۡا بِاللَّغۡوِ مَرُّوۡا کِرَامًا﴿۷۲﴾

''અને જેઓ જૂઠી ગવાહી નથી આપતા, અને જ્યારે બેહૂદા પાસેથી પસાર થાય છે તો પોતાની ઈજ્જત સંભાળીને ગુજરી જાય છે.''

*(સૂરએ ફુર્કાન, આ. ૭૨, કન્ઝુલ ઈમાન)*

وَ عِبَادُ الرَّحۡمٰنِ الَّذِیۡنَ یَمۡشُوۡنَ عَلَی الۡاَرۡضِ ہَوۡنًا وَّ اِذَا خَاطَبَہُمُ الۡجٰہِلُوۡنَ قَالُوۡا سَلٰمًا﴿۶۳﴾

''અને રહમાનના તે બંદાઓ કે જમીન પર આહિસ્તા ચાલે છે, અને જ્યારે જાહિલ તેમની સાથે વાત કરે છે તો કહે છે, બસ ! સલામ.''

*(સૂરએ ફુર્કાન, આ. ૬૩, કન્ઝુલ ઈમાન)*

આ આયતોને સામે રાખીને કેવળ એક અઠવાડિયા માટે પોતાના દિલો દિમાગને બિન જરૂરી વિચારો તથા વસવસાઓથી પાક રાખો, તો સમયમાં અતિશય બરકત પણ મહેસૂસ થશે, યાદદાશ્ત પણ મજબૂત થશે અને દિલો દિમાગને શાંતિ સુકૂન પણ મયસ્સર થશે.

### (નિયમ નંબર : 03)

### ★ સારુ બુરુ થવાનો ફૈંસલો પોતાના દિમાગ પર નહીં ખુદાના હુકમ રાખો ★

જિંદગીમાં ઘણીવાર પસંદની ચીજો ન મળવાના

કારણે માણસ બેહદ પરેશાન થઈ જાય છે. કદીક તકદીરને કોસે (ભલુ બુરુ કહે) છે, બલ્કે બે કદમ આગળ વધીને ક્યારેક અયોગ્ય શબ્દો પોતાની જીભ પર લાવી દે છે અને એના સબબે ક્યારેક ઈમાનથી હાથ ધોઈ બેસે છે, છતાં તેને તેની ખબર નથી પડતી !

યાદ રાખો ! જે ચીજોને આપણે બુરી સમજીએ છીએ, શક્ય છે તે આપણા માટે બેહતર હોય, અને તેનું બેહતર હોવું તરત જાહેર ન થાય, બલ્કે બાદમાં સમજમાં આવે. શું કડવી દવા નાપસંદ હોવા છતાં ફાયદાકારક નથી ? શું ઓપરેશન સ્વભાવિકપણે નાપસંદ હોવા છતાં ઘણી બધી બીમારીઓનો હલ નથી? બસ એ જ પ્રમાણે સમજી લો કે જિંદગીની ઘણી મુશ્કેલ ઘટનાઓ તથા બનાવો આપણા માટે બેહતર હોય છે, બસ એને અલ્લાહની તરફથી સમજીને સબ્ર કરતાં જિંદગી ગુજારીએ.

રોઝે જઝા (કયામતમાં) જ્યારે સાબિરોને બેહિસાબ બદલો આપવામાં આવશે તો પૂરી જિંદગી રાહત આરામની સાથે ગુજારનારા તકલીફો અને આજમાઈશોની તમન્ના કરતા રહી જશે ! અને તકલીફો પર સબ્ર કરીને જિંદગી ગુજારનારા પોતાની થોડી (મળેલી) રાહતને મુસીબતના સ્વરૂપમાં પામવાની તમન્ના કરતા રહી જશે. (કે એના બદલે દુનિયામાં ઔર તકલીફ પડી હોત !)

જયારે જેહાદ ફર્ઝ કરવામાં આવ્યો તો સ્વભાવિકપણે મુસલમાનોને થોડી વાર માટે નાપસંદ ગુજર્યું પણ તરત જ અલ્લાહે તેમની ઈસ્લાહ કરતાં કુર્આનની આયતો નાઝિલ કરી. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :

كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَ هُوَ كُرْهٌ لَّكُمْ ۚ وَ عَسٰۤى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّ هُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَ عَسٰۤى اَنْ تُحِبُّوْا شَيْـًٔا وَّ هُوَ شَرٌّ لَّكُمْ ؕ وَ اللّٰهُ يَعْلَمُ وَ اَنْتُمْ لَا تَعْلَمُوْنَ۠

"તમારા પર ફર્ઝ થયું ખુદાની રાહમાં લડવું અને તે તમને અણગમતુ છે, અને નજીક છે કે કોઈ વાત તમને બુરી લાગે અને તે તમારા હક્કમાં બેહતર હોય. અને નજીક છે કે કોઈ વાત તમને પસંદ આવે અને તે તમારા હક્કમાં બુરી હોય, અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા." *(સૂરએ બકરહ, આ. ૨૧૬)*

એ જ પ્રમાણે પત્ની કટુ સ્વભાવની અથવા ઓછી સુંદર હોવાના લીધે નાપસંદ હોય તેમ છતાં પણ સારો વર્તાવ કરવાનો હુકમ આપવામાં આવ્યો. શક્ય છે અલ્લાહ તેના પેટથી એવી ઔલાદ અતા કરે જે દુનિયામાં આંખોની ઠંડક અને આખેરતમાં બખ્શિશનો ઝરીયો સાબિત થાય. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :

وَ عَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّ يَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا

"અને તેણીઓ સાથે સારો વર્તાવ કરો, પછી જો તમને પસંદ ન આવી તો નજીક છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય અને અલ્લાહ તેમાં ખૂબ જ ભલાઈ રાખે."

*(સૂરએ નિસાઅ, આ. ૧૯, કન્ઝુલ ઈમાન)*

કેવળ પત્નીના મામલામાં જ નહીં, બલ્કે પૂરી જિંદગીમાં આ નિયમને લાગુ કરી દો, એને હકારાત્મક વિચારધારા (**Positive Thinking**) કહે છે. પુરસુકૂન જિંદગીના માટે હકારાત્મક સોચ ધરાવનાર હોવું બેહદ જરૂરી છે, નહીં તો તણખલા બરાબર ચીજ માણસના દિલો દિમાગને બેચેન કરીને રાખી દે છે અને આ બેચૈની હેતુ પ્રાપ્તિના માર્ગમાં ઘણી મોડી આડ બની જાય છે, બલ્કે કિંમતી સમયનો ઘણો મોટો હિસ્સો એની પાછળ વેડફાય જાય છે.

### *(નિયમ નંબર : ૦૪)*

### ★ ખુશીની જગાએ શુક્ર અને ગમની જગાએ સબ્ર ★

ફના થનારી ચીજ નાઝ કરવાને પાત્ર નથી. ગમ કરવાથી વેડફાઈ ગયેલી ચીજ પરત મળનારી નથી.

બેહતર એ જ છે કે ખુશીના સમયે શુક્રે ઈલાહી અદા કરવામાં આવે અને ગમની ઘડીમાં સબ્ર કરવામાં આવે. પુર સુકૂન જિંદગીના આ બે મહત્વના કિનારા છે. આ બે કિનારાઓ વચ્ચે જિંદગી ગુજારવાની કળા જેણે શીખી લીધી તો ગમોનો પહાડ તેને તણખલુ મહેસૂસ થશે અને ખુશીઓની લહેરો તેને શરીઅતની હદોએથી માથાના બાલ બરાબર દૂર કરી શકશે નહીં. જાની માલી દરેક મુસીબત અલ્લાહના હુકમથી પહોંચે છે. રબનો ઈર્શાદ છે :

مَاۤ اَصَابَ مِنۡ مُّصِیۡبَۃٍ اِلَّا بِاِذۡنِ اللّٰہِ ؕ

"દરેક મુસીબત અલ્લાહના હુકમથી પહોંચે છે."

*(સૂરએ તગાબૂન, આ. ૧૧, કન્ઝુલ ઈમાન)*

કેટલીક મુસીબતોનો સબબ યક઼ીનન ! ગુનોહ છે. જેવો કે રબ તઆલાનો ઈર્શાદ છે :

وَ مَاۤ اَصَابَکُمۡ مِّنۡ مُّصِیۡبَۃٍ فَبِمَا کَسَبَتۡ اَیۡدِیۡکُمۡ وَ یَعۡفُوۡا عَنۡ کَثِیۡرٍ ﴿ؕ۳۰﴾

"અને તમને જે મુસીબત પહોંચી એ તમારા હાથો વડે કમાયેલા અમલોના કારણે છે, અને ઘણુ બધુ તો તે માફ કરી આપે છે." *(સૂરએ શૂરા, આ. ૩૦, કન્ઝુલ ઈમાન)*

જે ગુનાહોના કારણે મુસીબત આવે છે તે ઓછા છે અને જે અલ્લાહ માફ કરી આપે છે તે વધુ છે. મુસીબતોને કદાપિ કેવળ અલ્લાહની નારાજીનો સબબ જ ન જાણશો, ક્યારેક મહેરબાન ખુદા દરજાઓની બુલંદીના માટે મુસીબતોના દૌરથી ગુજારે છે. જેવું કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું : "મોમિનને કાંટો વાગે અથવા એનાથી મોટી કાંઈ તકલીફ પહોંચે તો તેના કારણે અલ્લાહ તઆલા તેને એક દરજો બુલંદ કરી આપે છે અથવા તેની ખતા (ગુનોહ) મિટાવી દે છે." *(મુસ્લિમ, કિતાબુલ બર વસ્સિલા વલ્આદાબ, પેજ: ૧૩૯૧, હદીષ : ૨૫૭૨)*

જ્યારે પણ કોઈ તકલીફ આવે તો સૌ પ્રથમ તેને રબનો હુકમ સમજે તો બધો જ ગમ અહીં ખત્મ થઈ જશે. પછી પોતાના ગુનાહોને યાદ કરીને કેવળ એવો ખયાલ કરે કે મુસીબત વધારે છે કે મારા ગુનાહો! જો ગુનાહો વધુ જણાય તો એવું વિચારે કે અલ્લાહ તઆલા મોટાભાગના ગુનાહોને માફ કરીને અમુક ગુનાહોની સજા દરજાઓની બુલંદી અને આખેરતની બેઈજ્જતીથી બચાવવા માટે થોડી સરખી મુસીબતના સ્વરૂપમાં આપી રહ્યો છે. જો આ એંગલથી વિચારીશું તો આ મુસીબત પણ એક નેઅમત જણાશે છે.

હવે ઠંડા દિલથી વારંવાર મુસીબતોના રહસ્યો જાહેર કરનારી કુર્આન મજીદની આયત પઢો : રબનો ઈર્શાદ છે :–

مَاۤ اَصَابَ مِنۡ مُّصِیۡبَۃٍ فِی الۡاَرۡضِ وَ لَا فِیۡۤ اَنۡفُسِکُمۡ اِلَّا فِیۡ کِتٰبٍ مِّنۡ قَبۡلِ اَنۡ نَّبۡرَاَہَا ؕ اِنَّ ذٰلِکَ عَلَی اللّٰہِ یَسِیۡرٌ ﴿ۚ۲۲﴾ لِّکَیۡلَا تَاۡسَوۡا عَلٰی مَا فَاتَکُمۡ وَ لَا تَفۡرَحُوۡا بِمَاۤ اٰتٰىکُمۡ ؕ وَ اللّٰہُ لَا یُحِبُّ کُلَّ مُخۡتَالٍ فَخُوۡرِ ﴿ۙ۲۳﴾

"નથી પહોંચતી કોઈ મુસીબત જમીનમાં અને ન તમારા જાનોમાં પણ તે એક કિતાબમાં છે, એના પહેલાં કે અમે તેને પેદા કરીએ, બેશક ! એ અલ્લાહને આસાન છે. એટલા માટે કે ગમ ન ખાવ અને તેના પર જે હાથથી જાય, અને ખુશ ન થાવ એના પર જે તમને આપ્યું, અને અલ્લાહને નથી ગમતો ઘમંડી બડાઈ મારોનારો." *(સૂરએ હદીદ, આ. ૨૨, ૨૩, કન્ઝુલ ઈમાન)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૨૫)*



**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000302** **Anjumane Razae Mustafa** | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay **Mo. 9427464411** | WhatsApp No. **Mo.9664521477** |

# નવજવાનો !

## ક્યાં જઈ રહ્યા છો ?

**રજૂ : મૌલાના આદિલ નજમી મિસ્બાહી હલદરવી**
*મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ*

*દિન લહ્વ મેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે*
*શર્મે નબી ખૌફે ખુદા, યે ભી નહીં વો ભી નહીં*

જે રીતે તમે પોતાના શારીરિક સ્વાસ્થ્યની તરફ ધ્યાન આપી રહ્યા છો, કાશ ! પોતાના આધ્યાત્મિક રોગોના ઈલાજની પણ ફિકર કરતા.

નવજવાન પેઢી કોઈ પણ કૌમ અને દેશનો સૌથી અમૂલ્ય સરમાયો છે જેની માનસિક અને વ્યવહારિક સ્થિતિ પર સમાજનો વિકાસ નિર્ભર છે. જો આ પેઢી સાચા રસ્તે ચાલશે તો કોમનું ભવિષ્ય ઉજ્જવળ અને ચમકતુ થશે, નહીં તો કોમ અધોગતિ અને બગાડનો ભોગ બનશે. નવજવાનોની ઈબાદત અને સારાં કામો એ પયગંબરોની વિશેષ પધ્ધતિ રહી છે. અને આ અરસામાં માણસની સુધારણા અને શિક્ષણ માટે શ્રેષ્ઠ સમય ઉપલબ્ધ છે.

આ આધુનિક યુગના મુસ્લિમ નવજવાનો પાસે દુનિયાની તમામ સુખ સગવડો અને સહૂલતો તો છે, પરંતુ ઈસ્લામિક ઉપદેશો અને સાચા ઈમાનની રૂહ તેમનામાં નથી. અફસોસની વાત છે કે તેઓ ઈસ્લામિક નિયમોના ઈલ્મ અને અમલથી ખાલી છે. જેનું ઉદાહરણ આપણને તેમના જાહેરી જીવન અને વર્તમાનમાંથી મળે છે. આજના નવજવાનોનો પોશાક શરીઅતના વિરૂધ્ધ હોય છે. જેમાં જિન્સ અને એવા પોશાકોનો સમાવેશ થાય છે જે પગની ઘૂંટીથી નીચે હોય છે. તેઓ કદાચ જાણતા ન હોય કે અલ્લાહના રસૂલ ﷺએ આ પ્રકારના કપડાં પહેરવાથી મના કર્યુ છે. અને કહ્યું કે જે કપડુ પગની ઘૂંટીની નીચે હશે તે જહન્નમમાં સળગશે. તેમજ ફાટેલા જિન્સ ફેશનમાં કાફિરો ફાસિક હીરો હીરોઈનની નકલમાં પહેરીને કયારેક ગુઠણો તથા જાંગો પણ દેખાડતા ફરે છે, જે ગુનાહનો સબબ બને છે. એ જ રીતે વાળ અને દાઢી સંબંધિત ઈસ્લામિક નિયમોની ઉપેક્ષા કરવામાં આવે છે. આ નવજવાનો પોતાની શારીરિક સ્થિતિમાં Western Fashionને અપનાવીને ઈસ્લામિક ઉપદેશોથી દૂર થઈ ગયા છે. વધુમાં એ કે નવજવાનોમાં એવી ગૈર ઈસ્લામી ટેવો વિકસાવવામાં આવી રહી છે, જેમ કે બંગડી અને ઘરેણાં પહેરવાં જે સ્ત્રીઓને મળતું આવે છે અને આ ઈસ્લામિક ઉપદેશોની વિરૂધ્ધ છે. મોટાભાગના યુવાનો પાસે મોબાઈલ ફોન અને ઈયર ફોન કાન પર હોય છે, પરંતું નમાઝ અને અઝાનનો અવાજ સાંભળ્યા બાદ પણ તેનો જવાબ આપવાનો કે નમાઝ અદા કરવાનો સમય મળતો નથી. તેમની પ્રવૃત્તિઓમાં દીન તથા રૂહાનિયતને કોઈ સ્થાન નથી ! અને આજ ઉદાસીનતા તેમને ધર્મથી વધુ દૂર કરી રહી છે. આજના નવાજવાનોએ ઈસ્લામિક નિયમો તરફ વળવું જોઈએ. પોતાના અને પોતાના સમાજની સુધારણા વિશે વિચારવું જોઈએ અને સારા વર્તન અને ઈબાદતને પોતાના જીવનનો એક ભાગ બનાવવો જોઈએ. આ રીતે તેઓ પોતાની દુન્યવી સફળતા સાથે આખેરતમાં પણ સફળ થઈ શકે છે.

આજના મુસ્લિમ નવજવાનોને એ સમજવાની સખત જરૂરત છે કે તેમનું શરીર અને રૂહ બંને અલ્લાહની અમાનત છે. શરીઅત આપણને યાદ અપાવે છે કે આપણુ અસ્તિત્વ આપણી અંતગ મિલ્કત નથી, પરંતું અલ્લાહ તઆલા દ્વારા આપવામાં આવ્યું છે, તેનુ રક્ષણ કરવું આપણી ફરજ છે. અલ્લાહે આ

શરીર અને રૂહ આપણને એટલા માટે આપ્યાં છે કે આપણે આ દુનિયામાં તેની ઈચ્છા પ્રમાણે જીવન જીવીએ. પરંતું દુઃખની વાત એ છે કે આજનો નવાજવાન શારીરિક સ્વાસ્થ્ય પર ઘણુ ધ્યાન આપે છે, પરંતુ આધ્યાત્મિક રોગો (રૂહાની બીમારીઓ)થી આંખો મીંચી ચૂક્યા છે. માણસે જાહેરી શારીરિક રોગોને તો ઓળખ્યા છે અને તેનો ઈલાજ પણ કરે છે પરંતુ રૂહના રોગોથી બેદરકારી કરે છે. આ જ કારણે આજે નવજવાન નમાઝ છોડી દે છે, રોઝાથી દૂર ભાગે છે. ધુમ્રપાન, મધપાન, સંગીત અને ફિલ્મોમાં પોતાનો સમય બગાડે છે, જૂઠુ બોલે છે, મા બાપના અધિકારોનો ખયાલ નથી રાખતો અને આ જ રીતના અસંખ્ય ગુનાહો કરે છે. આ બધાં કામો તેને આધ્યાત્મિક રીતે નુકસાન પહોંચાડે છે પણ અફસોસ ! તેની રૂહને પહોંચેલા ઘાઓનો તેને જરા પણ ખયાલ નથી.

નમાઝ છોડવાની ટેવ આજના નવજવાનોમાં એટલી હદે વધી ગઈ છે કે તે એક સામાન્ય વસ્તુ જેમ બની ગઈ છે. જો કે આપણા નબી ﷺએ નમાઝને ઈમાનની મેઅરાજ અને કુફ્ર અને ઈસ્લામ વચ્ચે તફાવત તરીકે દર્શાવેલ છે. નબી કરીમ ﷺ રાતોએ જાગતા, દુઆઓ માગતા અને પોતાની ઉમ્મતની હિદાયત માટે ચિંતિત રહેતા. જેથી તેમની ઉમ્મતમાંથી કોઈ પણ જહન્નમમાં ન જાય. તેમના ઈર્શાદોમાં વારંવાર નમાઝને પાબંદીથી અદા કરવાનો હુકમ છે. અલ્લાહ તઆલા કુર્આને મુકદસમાં ફર્માવે છે કે "નમાઝ બેહયાઈ અને ખરાબ કાર્યોથી રોકે છે." પરંતુ આપણા નવજવાનો નમાઝનું મહત્વ ભૂલી ગયા છે. આજના નવજવાનોમાં નમાઝથી એ રીતે બેદરકારી જોવા મળે છે કે કદાચ આ વાત તેમના માટે સામાન્ય બની ગઈ છે.

આજના આધુનિક સમયમાં કેટલાક લોકો એટલી હદે નમાઝથી દૂર થઈ ગયા છે કે જો કોઈ બિન મુસ્લિમને કહેવામાં આવે કે નમાઝ ઈસ્લામિક ઈબાદતનો આધાર સ્તંભ છે, તો તે આશ્ચર્ય ચકિત થઈને કહી શકે છે કે જો આ ફરજ હોત તો બધા મુસલમાનો તેનું પાલન કરતા. અફસોસની વાત એ છે કે આ બેદરકારીના કારણે એક મુસ્લિમ નવજવાનને દાઢી રાખવા પર કોલેજથી કાઢવામાં આવ્યો અને જે જજે ચુકાદો આપ્યો તેણે એ ફેંસલો આપ્યો કે જો દાઢી ઈસ્લામમાં આટલી ફરજિયાત હોત તો તેનો વકીલ પોતે જરૂર દાઢી રાખત ! તેણે કહ્યું આ ઘટના આપણને વિચારવા પર મજબૂર કરે છે કે આજે આપણી ઈબાદતો અને ઈસ્લામિક નિશાનીઓ સાથેનો આપણો સંબંધ કેટલો નબળો પડી ગયો છે. આપણી ઈબાદતોમાં આ તફાવતનું કારણ શું છે કે આપણે જુમ્આ અને ઈદની નમાઝ તો પઢીએ છીએ પરંતુ દરરોજની પાંચ નમાઝો આપણા માટે મુશ્કેલ બની ગઈ છે ! અલ્લાહે જે રીતે જુમ્આ અને ઈદને જરૂરી બનાવી છે એ જ રીતે પાંચ નમાઝો પણ ફર્ઝ બનાવી છે. આપણે આપણા ઈમાનને મજબૂત બનાવવું પડશે અને એ યકીન પેદા કરવું પડશે કે નમાઝ જ આપણા દિલોની ઠંડક અને રૂહ માટે પોષણનો સબબ છે. આજે આપણે ઈમાનમાં પાકુ થવાની જરૂરત છે. આપણે ઈબાદતની બાજુ ફરવું પડશે અને તેને મહત્વ આપવું પડશે, જેથી આપણુ રૂહાની જીવન સુધરી શકે અને અલ્લાહની ખુશી મેળવી શકાય.

આજના મુસ્લિમ નવજવાનોએ આ વાત સમજવી ખૂબ જરૂરી છે કે તેમનું શરીર અને રૂહ અલ્લાહની એક અમાનત છે. આપણુ અસ્તિત્વ આપણુ જીવન બધું જ અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું છે. અને આપણે તેના નિયમો મુજબ તેનો ઉપયોગ કરવો પડશે. શરીઅત આપણને આ પાઠ આપે છે કે આપણુ શરીર માત્ર આપણી

માલિકીમાં નથી પરંતુ એક મોટી જવાબદારી છે જેને અલ્લાહના નિયમો મુજબ હિફાઝત સાથે ઉપયોગ કરવો જરૂરી છે. પરંતુ આજના યુગમાં નવજવાન જાહેરી સ્વાસ્થ્ય અને શક્તિને ખૂબ મહત્વ આપે છે, પરંતું આધ્યાત્મિક સફાઈ અને તેના રોગોથી બેદરકાર છે.

આજનો નવજવાન શારીરિક રોગોની સારવાર માટે તો ચિંતિત રહે છે પરંતુ આધ્યાત્મિક પડતીની તરફ ધ્યાન આપતો નથી, આ જ કારણે તે નમાઝ છોડી દે છે, અનૈતિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ જાય છે. ધૂમ્રપાન, મુવી, નકારાત્મક રીતે ઈન્ટરનેટનો ઉપયોગ અને મા બાપના અધિકારોથી બેદરકારી જેવાં કામોએ આજ ના નવજવાનને અંદરથી ખોખલા કરી દીધો છે. આ બધી વસ્તુઓ તેની રૂહને ઘા કરે છે પરંતુ તેને એ વાતનો એહસાસ નથી કે કેવા વિનાશ તરફ આ ચીજો તેને લઈ જઈ રહી છે !

મારા ઈસ્લામી ભાઈઓ ! સાંભળો ! તમને ગેરમાર્ગે દોરવા અને વિનાશના માર્ગે લઈ જવા માટે જુદા જુદા દેશોમાં ષડયંત્ર ચાલી રહ્યાં છે. યહૂદી અને ઈસાઈ લોકોએ તમારા નુકસાન માટે યોજનાઓ બનાવી છે જેથી તમે તમારા લક્ષ્ય અને હેતુને ભૂલી જાવ અને ખોટા માર્ગે વળો. જાણો કે કોમોના ઉદય અને પતનનો સંબંધ નવજવાનોની પ્રક્રિયાઓ પર જ છે. અફસોસની સાથે કહેવું પડે છે કે આજના નવજવાનો પોતાની ઓળખ અને હેતુ ભૂલી ગયા છે. તે નવજવાનો જે દીનના નિયમોનું પાલન કરતા હતા તેઓ આજે પશ્ચિમી વિચારોમાં આંધળા થઈ ગયા છે. જે નવજવાનના હાથમાં કુર્આન હોવું જોઈએ આજે તેના હાથમાં પશ્ચિમી વિચારો અને સામ્યવાદના પુસ્તકો છે. જે જીભ વડે અલ્લાહુ અકબરનો અવાજ ઊંચો થવો જોઈએ આજે તેની ઝબાનથી બિભત્સ શબ્દો નીકળે છે.

આ ચિંતાની વાત છે કે આપણા નવજવાનો કયાં જઈ રહ્યા છે ?! તેનું સ્થાન કયાં છે ? આવી સ્થિતિમાં જો આપણને ક્યાંકથી આશાનું કિરણ દેખાય છે તો તે દીની મદ્રસાઓ છે. મદ્રસાઓ આજે પણ દીનનાં મજબુત કિલ્લાઓ છે. આ જ સ્થાનો છે જ્યાં આજે પણ દીનનું રક્ષણ થઈ રહ્યું છે અને ત્યાંના તલબા દીનને મૂળ રૂહ સાથે જીવતો રાખે છે. આ મદ્રસાઓમાં નમાઝ, તહજ્જુદ, ઈશરાક, ચાશ્ત અને અન્ય નવાફિલની પાબંદી કરવામાં આવે છે. મદ્રસાના તલ્બાઓને જુઓ તો તેમનામાં ઈખ્લાસ, તકવો, બલિદાન અને દીન પ્રત્યે સાચો પ્રેમ છલકતો જોવા મળે છે. આ તલ્બા સાચા અર્થમાં આપણા દીનના દીવાઓ છે, અને તેમનાં કાર્યો બીજા ગેરમાર્ગે દોરાયેલા નવજવાનો માટે દષ્ટાંત રૂપ છે.

મદ્રસાના તલ્બાએ હવે એ નિશ્ચય કરવો પડશે કે તેઓ આ ગેરમાર્ગે દોરાયેલી પેઢીને સુકૂનના કિનારા તરફ લાવશે. તેમના દિલોમાં એ જુસ્સો હોવા જોઈએ કે તેઓ પોતાની કૌમના ભટકેલા નવ જવાનોને દીન તરફ પાછા બોલાવે. આ જ નવજવાનો મિલ્લતે ઈસ્લામિયાની આશા છે અને હિઝબુલ્લાહ (અલ્લાહની જમાઅત)નો મજબૂત ભાગ છે. અલ્લાહ આ નવજવાનોને શક્તિ અને હિંમત આપે કે તેઓ સમાજમાં સુધારણાનો સબબ બને અને નવજવાનોને સાચા માર્ગે દોરે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૨૫)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ

કાર્યાલય

**એ'તેકાફની વ્યાખ્યા** : એ'તેકાફની નિય્યતથી અલ્લાહની રઝામંદી માટે મસ્જિદમાં રોકાવું એને એતેકાફ (રોકાણ કરવું) કહે છે. નિય્યત એટલે દિલથી નિશ્ચય. ઝબાનથી પણ આ પ્રમાણે **"બિસ્મિલ્લાહિ દખલ્તુ વઅલૈહિ તવક્કલ્તુ નવૈતુ સુન્નતલ્ એ'તેકાફ"** કહે તો બેહતર છે. એના માટે મુસલમાનનું આકિલ હોવું તથા જનાબતથી (અને ઘરમાં એ'તેકાફ કરે તે સ્ત્રીએ હૈઝ તથા નિફાસથી) પાક હોવું શર્ત છે. **બાલિગ હોવું શર્ત નથી. બલ્કે નાબાલિગ જો તમીઝ (સમજ) ધરાવતો હોય તો તેનો એ'તેકાફ પણ સહીહ થશે.**

*(આલમગીરી, ભાગ-૧, પેજ-૨૧૧)*

### ★ જહન્નમ વચ્ચે ત્રણ ખાઈઓ ઊભી કરો ★

❑ હદીષમાં છે કે : જે શખ્સ અલ્લાહની રઝામંદી માટે એક દિવસનો એતેકાફ કરે તો અલ્લાહ તઆલા તેની (એતેકાફ કરનારની) તથા જહન્નમની વચ્ચે ત્રણ ખાઈઓ આડી કરી દેશે જેનું અંતર આસ્માન તથા જમીનના અંતર જેટલુ હશે. *(દુર્રે મન્થૂર, ભાગ-૧, પેજ-૪૮૬)*

### ★ થોડીવારના એ'તેકાફની ફઝીલત ★

❑ "જે શખ્સ મસ્જિદમાં મગરિબથી લઈને ઈશા સુધી "મોઅ્તકિફ" રહે. નમાઝ અને કુર્આન મજીદની તિલાવત સિવાય વાતચીત ન કરે, તો અલ્લાહ તઆલા પર લાઝિમ છે તે પોતાના કરમથી તે એ'તેકાફ કરનારના માટે જન્નતમાં મહેલ તૈયાર કરે." *(કશફુલ્ ગુમ્મહ્)*

### ★ દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો ★

❑ તેને હજાર રાતો જાગીને ઈબાદત (શબ બેદારી)નો સવાબ મળશે અને તેની તથા દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો થશે. *(તઝકેરતુલ વાએઝીન)*

### ★ ૩૦૦ શહીદોનો સવાબ ! ★

❑ રમઝાનમાં એક દિવસ એતેકાફ કરનારને ૩૦૦ શહીદોનો સવાબ મળશે. *(તઝકેરતુલ વાએઝીન)*

### ★ બે હજ્જ બે ઉમરાનો સવાબ ★

❑ રમઝાનમાં ૧૦ દિવસ એતેકાફ કરે તે એવો છે જેણે બેહજ્જ અને બે ઉમરા કર્યા. *(શોઅબુલ ઈમાન, ભાગ-૩, પેજ-૪૨૫)*

❑ હઝરત સૈયેદોના હસન બસરી رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે "મોઅતકિફ" (એ'તેકાફ કરનાર)ને દરરોજ એક હજ્જનો સવાબ મળે છે. *(દુર્રે મન્થૂર, ભાગ-૧, પેજ-૪૮૬)*

### ★ પાછલા ગુનાહો માફ ! ★

❑ જેણે ઈમાન સાથે સવાબ મેળવવાની નિય્યતે એ'તેકાફ કર્યો તેના સર્વ પાછલા ગુનાહો માફ કરી દેવામાં આવશે.

*(જામેઅ સગીર, પેજ-૫૧૬)*

### ★ ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ ★

❑ રમઝાનમાં છેલ્લા ૧૦ દિવસ એતેકાફ કરનારને ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ મળશે અને કયામતના દિવસે તેને રબ તઆલા અર્શના સાયામાં જગા આપશે. (સુબ્હાનલ્લાહ!) *(તઝકેરતુલ વાએઝીન)*

કેટલીક જગાએ એ'તેકાફ કરનાર ભાઈઓ મસ્અલાની અજ્ઞાનતાને કારણે ઉપરોક્ત ફઝીલતો ગુમાવી બેસે છે કેમ કે એ'તેકાફ સહીહ થતો નથી માટે આ લેખનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો અને બની શકે તો રમઝાનના બરકતી મહીનામાં **પૂરો મહીનો**, નહીં તો **દસ દિવસ** એ નહીં તો **એક દિવસ તો જરૂર** એ'તેકાફમાં બેસશો.

### ★ એતેકાફના પ્રકાર ★

૦૧. **વાજિબ** : મન્નત માની હોય કે કામ થશે તો એતેકાફ કરીશ. એના માટે રોઝા શર્ત છે.

૦૨. **સુન્નતે મોઅક્કદા** : ૨૦ મી રમઝાનના ગુરૂબ આફતાબ પહેલાંથી શવ્વાલનો ચાંદ દેખાતા સુધી (છેલ્લા ૯ કે ૧૦ દિવસ) આ **સુન્નતે મોઅક્કદા કિફાયા** છે વસ્તીમાંથી સૌ છોડી દે તો **સૌની પકડ થશે.** અને **એક મર્દ પણ કરી લેશે તો સૌ છૂટી જશે.** એમાં પણ રોઝા શર્ત છે પણ તે જ રમઝાનના પૂરતા છે. ગુરૂબ આફતાબની અગાઉ મસ્જિદમાં એન્ટ્રી થઈ ગઈ ભલે ફનાએ મસ્જિદ જેમ કે વુઝૂખાનુ કે જૂતા ઉતારવાની જગા સુધી ગયો અને ગુરૂબ આફતાબ થઈ ગયો તો પણ એ'તેકાફ સહીહ ગણાશે. (**હવાલો** : *ફયૂઝાને એ'તેકાફ*)

૦૩. **નફ્લ એતેકાફ** : એમાં રોઝા શર્ત નથી, થોડી વારનો પણ થઈ શકે. મસ્જિદ બહાર નીકળે તો નફલ એતેકાફ ખત્મ થયો, ફરી દાખલ થાય તો નિય્યત કરી લે. **મર્દ** મસ્જિદમાં એતેકાફ કરે અને **સ્ત્રી** ઘરમાં જે જગા નમાઝ માટે મુકરર્ર કરે ત્યાં એતેકાફ કરે, તેને "મસ્જિદે બૈત" કહે છે.

### ★ મસ્જિદ વિશે સમજૂતી ★

મસ્જિદમાં **અસ્લ મસ્જિદ** સિવાયના ભાગને **ખારિજે મસ્જિદ** અથવા **ફનાએ મસ્જિદ** (જમાઅતખાના સિવાયનો ભાગ) કહે છે. સામાન્યતઃ જમાઅતખાનુ અસ્લ મસ્જિદ તરીકે નિશ્ચિત હોય છે, જ્યાં એથી અધિક વિસ્તાર પણ અસ્લ મસ્જિદમાં સમાવ્યો હોય છે, તો તેની જાણકારી મેળવી લેવી જરૂરી છે જેથી "મસ્જિદના આદાબ" સાચવી શકાય. **જો કે એ'તેકાફના કરનાર માટે "અસ્લ મસ્જિદ" તથા "ફનાએ મસ્જિદ" બંનેવ મસ્જિદના હુકમમાં છે. એટલે કે એ બંનેવમાં વિના સંકોચે જઈ શકે છે.**

### ★ એ'તેકાફ દરમ્યાન બહાર નીકળવાના સબબો તથા સાવચેતીઓ ★

રમઝાનના છેલ્લા ૧૦ દિવસનો એતેકાફ કરનારને જે કામો માટે મસ્જિદની બહાર નીકળવાની રજા આપી તે આ પ્રમાણે છે : જાજરૂ, પેશાબ, વુઝૂ તથા ફર્ઝ ગુસ્લ અને મજબૂરીની હાલતમાં ખાવા લાવવા તથા જો ત્યાં જુમ્આ તથા જમાઅત ન થતી હોય તો જુમ્આ તથા જમાઅત માટે મસ્જિદથી બહાર નીકળી શકે છે. **પણ જે મસ્જિદમાં આ સગવડો હોય તે મસ્જિદમાંથી એ'તેકાફ કરનારને બહાર નીકળવાની ઈજાઝત નથી. જો મસ્જિદના દરવાજા બહાર બંને પગો નીકળી જશે તો એ'તેકાફ તૂટી જશે.** *(બહારે શરીઅત, ભાગ-૫, પેજ-૧૫૦)*

- ❑ બીમારપુર્સી કરવા કે જનાઝામાં શિર્કત કરવા જઈ શકશે નહીં. -*(અબૂ દાઊદ, ભાગ-૨, પેજ-૩૩૪)*
- ❑ અમુક મસ્જિદોમાં વુઝૂખાનુ, પેશાબખાનુ, જાજરૂ, બાથરૂમ વગેરે મસ્જિદની બિલ્ડીંગ છોડીને બહાર (એટલે ફનાએ મસ્જિદની બહાર) હોય છે જેથી એ સ્થળોએ હાજત વિના નથી જઈ શકતા.
- ❑ જાજરૂ, બાથરૂમ, વુઝૂખાનુ બહાર હોય તો મસ્જિદ છોડીને જાજરૂ જતી વેળા કે વુઝૂ કે ગુસ્લ કરવા જતી વેળા આવતાં જતાં રસ્તામાં સલામ કે જરૂરી વાત ચાલુમાં કરી શકે છે, એ પ્રમાણે વુઝૂ કરતી વેળા પણ જરૂરી વાત ચાલુમાં જ વુઝૂ કરતાં કરતાં કરી શકશે પણ વાત માટે અથવા કોઈને કાંઈ સમજાવવા રોકાશે તો એતેકાફ તૂટી જશે.

## એ'તેકાફ સંબંધે અગત્યના ખુલાસાઓ

### ★ કોઈ ગલતફહમી હોય તો દૂર કરી લો ! ★

**"અસ્લ મસ્જિદ"** જેમાં જમાઅતખાનુ હોય છે અથવા મસ્જિદ બનાવનાર થકી જે જગા નમાઝ માટે ખાસ કરવામાં આવે તે, અને **"ખારિજે મસ્જિદ"** એટલે સહન તથા વુઝૂખાનુ તથા મસ્જિદની પૂરી બિલ્ડીંગ જેને ઉર્ફે આમમાં સામાન્યતઃ લોકો મસ્જિદ કહે છે. અસ્લ મસ્જિદ સિવાયના ભાગને **"ફનાએ મસ્જિદ"** (મસ્જિદથી જોડાયેલ વિસ્તાર) પણ કહે છે **ત્યાં એ'તેકાફ કરનારને જવાની ઈજાઝત છે.** (જેથી આ કિતાબમાં જ્યાં **મસ્જિદ** શબ્દ આવ્યો છે તેનો અર્થ **"અસ્લ મસ્જિદ"** તથા **"ફનાએ મસ્જિદ"** બંનેવ સમજવું. તથા જાજરૂ, બાથરૂમ, વુઝૂખાના બાબતે ચેતવણીઓ છે તે પણ મસ્જિદના ક્ષેત્ર બહાર હોય તેવાં જાજરૂ, બાથરૂમ તથા વુઝૂખાના માટે સમજવું.)

### ★ ફનાએ મસ્જિદ (ખારિજે મસ્જિદ) ★

એટલે તે સ્થળો જે મસ્જિદની બિલ્ડીંગના અંદર સંકળાયેલ હોય જેને સામાન્ય બોલચાલમાં મસ્જિદ કહે છે અને મસ્જિદમાં જરૂરતના માટે હોય છે, જેમ કે **મીનારો, વુઝૂખાનુ, પેશાબ ખાનુ, જાજરૂ, બાથરૂમ, ઈમામ મોઅઝ્ઝિનના રૂમો વગેરે, પગરખાં, જોડાં ઉતારવાની જગ્યા સુધી વગેરે** આ સ્થળો અમુક મામલાઓમાં મસ્જિદના હુકમમાં છે અને અમુક મામલામાં ખારિજે મસ્જિદ છે. દા.ત. અહીં જુનૂબી એટલે જેના પર ગુસ્લ ફર્ઝ હોય તે જઈ શકે છે. એ પ્રમાણે ઈક્તેદા અને એ'તેકાફના મામલામાં આ સ્થળો મસ્જિદના હુકમમાં છે. એ'તેકાફ કરનાર જરૂરત વિના પણ ત્યાં જઈ શકે છે એ રીતે કે જાણે તે મસ્જિદના જ કોઈ હિસ્સામાં છે.

### ★ મોઅતકિફ (એ'તેકાફ કરનાર) ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ★

હઝરત સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી ખાં عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ "બહારે શરીઅત"ના લેખક ફર્માવે છે :–

"ફનાએ મસ્જિદ એટલે જે જગા મસ્જિદથી બહાર એનાથી જોડાયેલી (સંકલિત) મસ્જિદની જરૂરિયાત માટે હોય છે, દા.ત. જોડા કાઢવાની જગા અને બાથરૂમ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં."

આગળ લખે છે : "ફનાએ મસ્જિદ આ મામલામાં મસ્જિદના હુકમમાં છે." *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૩૯૯)*

મસ્જિદનો મીનારો પણ મસ્જિદ છે તેનો દરવાજો મસ્જિદની બાઉન્ડરીમાં હોય તો એ'તેકાફ કરનાર વિના સંકોચે જઈ શકે છે અને જો દરવાજો મસ્જિદ બહાર હોય તો કેવળ અઝાન આપવા માટે જઈ શકે છે કે અઝાન આપવી એ શરઈ જરૂરત છે. (**હવાલો** : *ફયૂઝાને એ'તેકાફ*)

### ★ આ સંબંધે આ'લા હઝરતનો ફત્વો ★

એના જ અનુસંધાનમાં આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષ બરેલ્વી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ ફર્માવે છે :–

"....બલ્કે જ્યારે તે મદ્રસા મસ્જિદની હદોથી સાંકળેલા મસ્જિદની અંદર છે, તેમની વચ્ચે માર્ગ આડો નથી (જે એ મદ્રસાઓને મસ્જિદની ચાર દિવારીથી અલગ કરી દે પણ) કેવળ એક દીવાલથી સહેનોનો વિભાગ અલગ કરી દેવાયો છે તો એમાં જવું મસ્જિદથી બહાર જવું છે જ નથી, **એટલે સુધી કે એવી જગાએ મોઅતકિફે જવું જાઈઝ છે કે જાણે તે મસ્જિદનો એક ભાગ છે.**

**રદુલ મુહ્તાર**માં **બદાએઉસ્સનાએઅ્**ના હવાલાથી છે :– જો એ'તેકાફ કરનાર મીનારા પર ચઢયો તો કશાય મતભેદ વિના તેનો એ'તેકાફ તૂટશે નહીં, કેમ કે મિનારો (એ'તેકાફ કરનાર) માટે મસ્જિદ (ના હુકમ)માં જ છે."

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૪૭૪)*

ઉપરોક્ત લખાણથી ઘણી જ સ્પષ્ટતા સાથે એ'તેકાફ કરનાર માટે ઘણી સહુલતો જાણવા મળી છે. સહન મસ્જિદનો હિસ્સો છે જેથી એ'તેકાફ કરનારને મસ્જિદની સહનમાં આવવું, જવું, બેસી રહેવું કશીય પાબંદી વિના જાઈઝ છે. યાદ રાખશો કે શરીઅતના હુકમ થકી આ સહુલતો મહાન ઉલમાની કિતાબોમાં દર્શાવવામાં આવેલી છે તો પછી અન્ય કોઈ વ્યક્તિ પોતાના તરફથી કોઈ પાબંદી લગાડી શકશે નહીં. હા ! **જ્યાં વુઝૂ, ગુસ્લ કે જાજરૂ માટે તથા કોઈ જમવાનુ લાવી આપનાર ન હોય તો તેને લેવા માટે એ'તેકાફ કરનાર મસ્જિદના મુખ્ય દરવાજાની બહાર નીકળે ત્યારે તે સર્વ હુકમો એ'તેકાફ તૂટવા વિશે દર્શાવ્યા તે લાગુ થશે, બાકી એવી મસ્જિદ જેમાં જાજરૂ, બાથરૂમ, વુઝૂખાનુ વગેરે અંદર જ છે તેના માટે એ હુકમો લાગુ થશે નહીં.**

અંતમાં એક અધિક પ્રશ્ન બાબતે ફકીહે મિલ્લત મુફતી જલાલુદીન અમજદી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ નો જવાબ પણ જોઈ લો ! :–

### ★ એ'તેકાફ કરનાર બીડી પીવા ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ? ★

**સવાલ** : એ'તેકાફ કરનાર (મોઅતકિફ) જો બીડી, સિગરેટ, હુક્કો પીવાનો આદી (આદતવાળો) હોય તો શું કરે ? શું બીડી, સિગરેટ, હુક્કો વગેરે પીવા માટે મસ્જિદથી બહાર નીકળી જાય ? એવા સંજોગોમાં એ'તેકાફ બાકી રહેશે ? દલીલો સાથે જવાબ બયાન ફર્માવશો.

**જવાબ** : એ'તેકાફ કરનાર બીડી, સિગરેટ અથવા હુક્કો પીવાના માટે "ફનાએ મસ્જિદ"માં નીકળી શકે છે, એ'તેકાફ તૂટશે નહીં. હઝરત સદરુશ્શરીઅહ્ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ લખે છે : **ફનાએ મસ્જિદ** એટલે જે **જગા મસ્જિદથી બહાર મસ્જિદથી જોડાયેલી મસ્જિદની જરૂરિયાત માટે છે, દા.ત. જોડા ઉતારવાની જગા અને ગુસ્લખાનુ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં.** *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૩૯૯)*

પરંતુ ખૂબ જ મોઢું સાફ કરીને બાદમાં (અસ્લ) મસ્જિદમાં દાખલ થાય એટલા માટે કે બીડી અને સિગરેટ વગેરેની ગંધ જ્યાં સુધી બાકી હોય ત્યાં સુધી મસ્જિદમાં પ્રવેશવું જાઈઝ નથી. વહુવ અઅ્લમ.

**લખનાર : મુફ્તી જલાલુદીન અહમદ અમજદી**
*૧૭–ઝુલ કઅદા, હિ.સ. ૧૪૦૨*

*(ફતાવા ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૫૩૫)*

## :: બેંકથી ઝકાત, ખૈરાત, ફિત્રા થકી મદદ મોકલવા માટે એકાઉન્ટ નંબરો ::

**૧. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા,** BOB, IFSC - BARBODAYADR A/c. No. 34620100000301

ગરીબ આબાદીઓમાં મસ્જિદ મદ્રસાના સંચાલનમાં સહાય તથા ગરીબો, વિધવાઓ, બીમારોને મદદ, સાદાતની ખિદમત તથા બોરવેલ તેમજ મસ્જિદ/મદ્રસા બાંધકામ વગેરે..અન્ય સહાયનાં કામો આ સંસ્થા થકી કરવામાં આવે છે.

**૨. અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા,** BOB, IFSC - BARBODAYADR A/c. No. 34620100000302

આ સંસ્થા ૩૭ વર્ષથી દીની સુન્ની સાહિત્ય છાપી ગુજરાત તેમજ બહાર દેશોમાં સુન્નિયતનો પ્રચાર કરી રહી છે.

**:: સંપર્ક કરો :::**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ,
**મુ.પો. દયાદરા**
તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦

**ઉપરોક્ત બંને સંસ્થા માટે ઓનલાઈન પેમેન્ટ માટેની વિગત**

Phone Pay
Google Pay
Paytm
**9427464411**

**૧. દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ,** BOB, IFSC - BARBOWELBRO A/c. No. 12430100003498

ઠે. બાવા રયહાન દરગાહ પાસે, મદીના પાર્ક, ભરૂચ. Cantact No. 94285 19451

**૨. મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ,** BOB, IFSC - BARBOAMODXX, A/c. No. 16710100004533

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ પો. આમોદ જિ. ભરૂચ. Cantact No. 94274 64411

## દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો.

દયાદરા ખાતે ચાલતા આ ઈદારામાંથી [illegible] તલબા હાફિઝ, કારી, આલિમ, ફાઝિલ બનીને ગુજરાત તથા બહાર દેશોમાં દીનો સુન્નિયતથી ખિદમત કરી રહેલ છે. હાલ ૧૩૪ તલબા પઢે છે. ૧૨ ઉસ્તાદો ખિદમત આપી રહ્યા છે. જેને આપના સહકારની જરૂરત છે. આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્ર વગેરે આપી સહાય કરવા અપીલ છે.

**A/c. No. : 34620100000092 (Bank of Baroda Dayadra)**

**IFSC-BARB0DAYADR)** (પાંચમો અંક ઝીરો છે.) **Phone Pay/Gpay/ptm-Mo. 9427582275**

### નૂરાની કિતાબ મંગાવો

**સવાનેહે હઝરત પીર નૂરાની બાબા** رحمۃ اللہ علیہ (પેજીસ–૪૦)

**લેખક : મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી (યુ.કે.)**
**અનુવાદક : મૌલાના ગુલામ ગૌષ મિસ્બાહી (સૂરત)**
**પ્રકાશક : જમાઅતે રઝાએ મુસ્તફા (યુ.કે)**

મોહસિને સુન્નિયત, પીરે તરીકત, **હઝરત સૈયદ નૂરાની બાવા પેટલાદી** رحمۃ اللہ علیہના જીવન ચરિત્ર પર એક સુંદર કિતાબ છે : હઝરત સૈયદ નૂરાની બાવા સાહબ رحمۃ اللہ علیہની શાનમાં ખૂબ જ માલૂમાતી કિતાબ છે. ફક્ત રૂા. ૫૦/– કુરીયર/રજી. પોસ્ટનો ચાર્જ Phone Pay/Gpay/Paytm Mo. 9427582275 પર મોકલશો.

**પ્રાપ્તિસ્થાન : ઈસ્લામિક વેલ્ફેર મિશન C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા** પિન : ૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ

## વર્ષોથી દીની સુન્ની સાહિત્ય પ્રકાશિત કરી ફ્રીમા વહેંચતી આ સંસ્થાઓને જરૂરથી સહાય કરશો

- ❑ **સુન્ની મુસ્લિમ કમિટી** ઠે. હવેલી શેરી, મુા. ગોંડલ (સૌરાષ્ટ્ર) **(Mob. 9824244544, 7383624786)**
- ❑ **હુસૈની કમિટી (સુન્ની),** ૮–લાટી પ્લોટ, મોરબી, પિન : ૩૬૩૬૪૧ **(Mob. 9825133274)**
- ❑ **ગરીબ નવાઝ કમિટી,** આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ, મોરબી–૩૬૩૬૪૧ **(Mob. 93280 88378)** ★ મજકૂર મશહૂર દીની સુન્ની સાહિત્ય પીરસતી સંસ્થાઓ પ્રખ્યાત છે તેમને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે મોકલી સહાય કરશો. વધુ માટે જે તે ફોન નંબરો પર સપર્ક કરશો.